|| હરિઃૐ ||

# પ્રણામ પ્રલાપ



- પૂજ્ય શ્રીમોટા

પૂજ્ય શ્રીમોટા
હરિઃૐ
હરિઃૐ આશ્રમ-સુરત

॥ હરિઃૐ ॥

પૂજ્ય શ્રીમોટા
વિરચિત

# પ્રણામ પ્રલાપ

(ગઝલ સંગ્રહ)

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, (સ્થાપના વર્ષ ૧૯૫૬)
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪ / ૨૭૭૧૦૪૬
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.

| આવૃત્તિ | વર્ષ | પ્રત | આવૃત્તિ | વર્ષ | પ્રત |
|---|---|---|---|---|---|
| પ્રથમ | ૧૯૪૭ | ૬૦૦ | ચોથી | ૨૦૦૮ | ૫૦૦ |
| બીજી | ૧૯૮૨ | ૧૦૦૦ | પાંચમી | ૨૦૧૮ | ૫૦૦ |
| ત્રીજી | ૧૯૯૭ | ૧૦૦૦ | | | |

❑ પૃષ્ઠ : ૨૨ + ૧૬૬ = ૧૮૮

❑ કિંમત : **રૂ. ૧૫/-**

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઇનર : **મયૂર જાની,** મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઇપસેટિંગ :
**અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઇન્કમટૅક્સ, અમદાવાદ-૧૪, મો. : ૯૩૨૭૦૩૬૪૧૪

❑ મુદ્રક :
**સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (પાંચમી આવૃત્તિ)

પૂ. શ્રીમોટા અને હરિઃૐ આશ્રમ,
સુરત પ્રત્યે અનન્ય ભક્તિભાવ રાખનાર,
આશ્રમનાં કાર્યોમાં વણમાગે મદદરૂપ થનાર,
શ્રદ્ધા અને સમર્પણના ભાવે જીવન
જીવવાનો પ્રયાસ કરનાર,
એવાં તિથલ, વલસાડ નિવાસી
**શ્રી આશાબહેન રતિલાલ આડતિયાને**
પૂ. શ્રીમોટા વિરચિત જીવન વિકાસનો
સાચો રાહ અને સરળ ભાષામાં
સમજાવતો પદ્ય સંગ્રહ
**'પ્રણામ પ્રલાપ'**ની આ પાંચમી
આવૃત્તિનું પ્રકાશન સમર્પણ કરતાં
અમો આનંદની લાગણી અનુભવીએ છીએ.

તા. ૨૭-૭-૨૦૧૮
ગુરુપૂર્ણિમા, સં. ૨૦૭૪

**ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિ:ૐ ॥

# પ્રથમ આવૃત્તિના બે બોલ

આ પુસ્તક વાંચી તે સંબંધમાં બે બોલ લખવાની મેં હિંમત કરી છે, એનાં બે કારણો :—

૧. લેખક પ્રત્યેનો નાનપણથી ઊપજેલો સદ્‌ભાવ.

૨. શ્રી હેમંતકુમાર નીલકંઠ-જેઓ લેખક પ્રત્યે બહુ આદરની લાગણી ધરાવે છે, તેમનો આગ્રહ.

બાકી, હવે પછી કોઈ પુસ્તકનાં પ્રસ્તાવના-ઉપોદ્‌ઘાત, પરિચય કે બોલ ન લખવાનો મેં બેત્રણ વર્ષથી નિશ્ચય કર્યો છે. નિશ્ચયભંગના એક બે પ્રસંગો બની ગયા છે અને હજી બન્યા જાય છે. મને ભય રહે છે કે હું આવા પરિચયોમાં ગ્રંથ કે વાચકને પૂરતો ન્યાય નહિ આપી શકતો હોઉં. ન્યાય આપવાની વૃત્તિ પણ બહુ ઉતાવળી બની ગઈ છે !

શ્રી ચૂનીલાલ ભગત(પૂજ્ય શ્રીમોટા) આ સંગ્રહના લેખક. તેઓ મારા વતન કાલોલમાં વિદ્યાર્થી હતા, ત્યારથી આજ સુધી તેમની સાથેનો મારો મીઠો સંબંધ ચાલુ જ છે. વિદ્યાર્થી તરીકેની તેમણે મારા ઉપર પાડેલી છાપ બહુ જ સુંદર છે. વર્ગમાં તેઓ પ્રથમ સ્થાને જ રહેતા. કાલોલની શાળામાં શાળાના સહાયક તરીકે કોઈવાર શિક્ષણ આપતા નાનાલાલના ઇંદુકુમારનો એક પ્રવેશ મેં વાંચ્યો અને વિદ્યાર્થીઓ ઉપર તેની પડેલી છાપ નિહાળવા મેં વિદ્યાર્થીઓ પાસે તેની લેખી અસર માગી. મને હજુ યાદ છે કે એ સર્વ લખાણોમાં ભક્તનું લખાણ મને પ્રસન્ન કરી શક્યું હતું.

શ્રીમોટાની વિદ્યાર્થી તરીકેની કારકિર્દી જરૂર જ્વલંત હોત, જો તેમણે મુંબઈ યુનિવર્સિટીનો અભ્યાસક્રમ પકડી રાખ્યો હોત તો અને એના જ્વલંતપણા ઉપર તેમની સામાજિક, એટલે આર્થિક કક્ષા પણ ધ્યાન ખેંચે એવી જરૂર બની શકી હોત, પરંતુ તેમણે અમુક ભૂમિકાએ

પહોંચ્યા પછી રાષ્ટ્રીય કેળવણી આપવા સ્થપાયેલી ગુજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ કર્યો. જ્વલંત આર્થિક અને સામાજિક ભૂમિકા તેમણે જતી કરી, પરંતુ એક સાચા મૂક સમાજસેવક અને પ્રભુભક્ત તરીકે તેઓ વિકસ્યા. સમાજસેવક કે ભક્ત પોતાની આસપાસ બહુ ઝળકાટ ઊભો ન જ કરે. જોકે ઝળકાટ શોખીન સમાજસેવકો અને ભક્તોનો તોટો આપણા દેશમાં નથી જ. સમાજસેવક કે ભક્ત તરીકે દુનિયા કહો કે ગુજરાતી દુનિયા તેમને હજી ઓળખતી હશે કે કેમ તેની મને શંકા છે. તેમને ન ઓળખે એમાં જ એમની સેવા અને ભક્તિની સચ્ચાઈ સમાયેલી લાગે છે. ગાંધી પ્રવૃત્તિએ ગુજરાતને શુદ્ધ કંચનની કણકે બંધાયેલા-ઘડાયેલા પુરુષો આપ્યા છે ! શ્રી રવિશંકર મહારાજ કે પરીક્ષિતલાલ એમાં સહજ યાદ આવે એમ છે. તેમની યાદીમાં શ્રી ચૂનીલાલ ભગત (પૂજ્ય શ્રીમોટાને) હું મૂકું છું. એ જ નામધારી વડોદરાવાસી પ્રજામંડળના એક નેતા શ્રી.... શાહનું મને આ સ્થળે સ્મરણ થાય છે. એ બન્ને ભાઈઓ સાચા સુવર્ણ ઘડતરે ઘડાયેલા પુરુષો છે.

મિશ્રણ તો જોઈએ એટલાં અને માગીએ ત્યાં મળે એવાં છે. રાગદ્વેષથી ભરપૂર, કીર્તિલોભી, ગાદીવાંછુ, ગાંધીજીના નામને, રાષ્ટ્રભાવનાને અને ખાદીના ગણવેશને વટાવી ખાનારા, ભંગારમાં પણ ખપવા ન જોઈએ એવા કંઈક કુટિલ નેતાઓ અને સેવકો ગાંધી પ્રવૃત્તિને કીચડ બનાવી રહેલા નિત્ય મળી રહે છે. શ્રી ચૂનીલાલ ભક્ત (પૂજ્ય શ્રીમોટા) ગાંધીપ્રવૃત્તિની સુવર્ણ કિનાર છે, ગાંધીજી તેમને ઓળખતા હોય કે ન હોય તોપણ હરિજનપ્રવૃત્તિને અપનાવવામાં શ્રી ચૂનીલાલ ભક્તે (પૂજ્ય શ્રીમોટા) કીર્તિને ઠોકરે ચઢાવી છે.

શ્રી ચૂનીલાલ (પૂજ્ય શ્રીમોટા)ની માનવતાનાં-શુદ્ધ સેવાનાં ઘણાંય દૃષ્ટાંતો મળી આવે એમ છે. મારા અનુભવનું હું એક જ દૃષ્ટાંત આપું. મારાં વૃદ્ધ માસીની આંખે મોતિયો કઢાવ્યો-નવસારીમાં. શ્રી

ચૂનીલાલ (પૂજ્ય શ્રીમોટા) નવસારીમાં જ હરિજનપ્રવૃત્તિ અંગે રહેતા હતા. તેમને ખબર પડી. મારા અને મારાં માસીના કુટુંબ સાથે એમને સારો અંગત પરિચય. શ્રી ચૂનીલાલે મારાં માસીની સારવાર હાથમાં લીધી, અને રાતોના ઉજાગરા કરી ધન્યવાદની જરાય અપેક્ષા રાખ્યા વગર અમારા ઉજાગરાને નિરર્થક બનાવી દઈ અમને સહુને આરામ આપ્યો. દર્દીની આવી એકનિષ્ઠ સારવાર કરતી બહુ જ થોડી વ્યક્તિઓ મારા જોવામાં આવી છે.

આમ, સાચી સેવામાં તન્મય થનાર શ્રી ચૂનીલાલ ભગત (પૂજ્ય શ્રીમોટા) એક પ્રભુભક્ત પણ છે, એ હું લાંબા સમયથી જાણું છું. અશ્રુભરી આંખો સાથે દયારામ કવિનાં કાવ્યો ગુંજતા મેં તેમને કદી કદી જોયા સાંભળ્યા છે. હું જાતે ભક્ત નથી. ભક્તો સરખી તાલાવેલી સાથે હું હજી પ્રભુ તરફ દોરાયો નથી. શાસ્ત્રજ્ઞાન કે અધ્યાત્મ અનુભવનો હું તલપૂર પણ દાવો કરી શકું એમ નથી, પરંતુ ભક્ત માનસને પિછાનવાનો મારો પ્રયત્ન છે ખરો. માનવહૃદયને ઘડવાને, તેને કૂણું બનાવવામાં, તેને માણસાઈભર્યું બનાવવામાં ભક્તિભાવે સારો ફાળો આપ્યો છે એમ માનનારાંઓમાંનો હું એક છું. સંસ્થારૂપ બની ગયેલા, રાજદ્વારના રંગે રંગાયેલા, હિંસાપ્રેરક, અભિમાની ધર્મો માનવીને શાપ સમાન છે એમાં જરાય શક નથી, પરંતુ ધર્મ એ કોઈ પરમ તત્ત્વની સાત્ત્વિક શોધ હોય, માનવી માનવીના સંબંધોને શીળા બનાવતી વિચારસૃષ્ટિ હોય અને દેહ, ઘર તથા સમાજને વિશુદ્ધ બનાવતી કોઈ આચારપ્રણાલિકા હોય તો એ ધર્મ મને જરૂર આવકાર-પાત્ર લાગે. એ ધર્મ પાળતા, પરમ તત્ત્વને શોધવા મથતા માનવીઓ ધર્મઘરેડમાં પડી ગયા ન હોય તો માનવજાતની શોભારૂપ બને છે, આદર્શ બને છે અને માણસાઈને ઊંચી કક્ષાએ લઈ જનાર માનવનેતાઓ બને છે. એટલે ધાર્મિક ભાવનાને હસી કાઢવાના પ્રાચીન અર્વાચીન શોખને મારો બહુ ટેકો નથી. આવી ધર્મશીલ વ્યક્તિઓમાંથી

પયગંબરો, ફિલસૂફો, સંતો, ભક્ત અને સમાજવિધાયક ગુરુઓ વિકાસ પામે છે-જેમનો માનવસંસ્કૃતિનો ફાળો અમૂલ્ય છે.

ધર્મશીલતાને ઊર્મિનો આધાર મળે છે, ત્યારે ધર્મશીલતા ભક્તિને સર્જે છે, અને ભક્તિને વાણી મળે ત્યારે ધાર્મિક કે ભક્તિ સાહિત્ય સર્જાય છે-જે સાહિત્ય અન્ય સાહિત્ય જેટલું જ શુદ્ધ અને સાચું છે. 'શાંત' પણ એક 'રસ' તરીકે સાહિત્યસ્વીકાર પામેલો ભાવ છે-જોકે ધર્મે પણ સંસ્કૃતિના સર્જક તરીકે એવી અનેકાનેક વ્યક્તિઓ ઉપજાવી છે કે જેમના જીવનમાંથી સાહિત્યને નવદસ રસનું ગુંજનસાધન મળી આવે છે.

પ્રાચીન સાહિત્યમાં ધર્મસાહિત્ય એક મુખ્ય વિભાગ બની જતું હતું-અને અર્વાચીન સાહિત્ય પણ ભક્તિ, વિરાગ, ઈશ્વર પરાયણતા, ઈશ્વરી ચમત્કારનો બહિષ્કાર કરી શક્યું નથી. નરસિંહ, મીરાંથી શરૂ કરીએ તો આપણા ગુજરાતી સાહિત્યે નર્મદ, દલપત તથા ભોળાનાથ સારાભાઈ સરખા સુધારકો પાસેથી પણ ધાર્મિક ભક્તિ સાહિત્ય મેળવ્યું છે, એટલું જ નહિ, એ સાહિત્ય છેક આજ સુધી-કલાપિ, નાનાલાલ, ખબરદાર, બળવંતરાય અને ત્યારપછી પણ-પોતાનો સ્પષ્ટ પ્રવાહ અને પ્રભાવ સાચવી શક્યું છે.

ભાઈ શ્રી ચૂનીલાલ ભગત (પૂજ્ય શ્રીમોટા) સ્પષ્ટ શુદ્ધ ધર્મભાવનાને જ કવિતામાં ઉતારવાની પ્રવૃત્તિ કદી કદી કરે છે, એ સાહિત્યમાં સ્થાન પામવા માટે નહિ, પરંતુ પોતાની ઊર્મિઓને વાણીમાં વ્યક્ત કરવા ખાતર. ભાવ હૃદયમાં સમાયેલો ન રહે ત્યારે તે વૈખરીમાં ઊતરે છે અને વીખરાઈ ભાષાનો આકાર લે છે. શ્રી ચૂનીલાલ ભગત (પૂજ્ય શ્રીમોટા)ને કીર્તિલોભ નથી જ. તેમની કેટલીય સાહિત્યપ્રવૃત્તિ વગર નામે જ બહાર પડી છે અને તેણે ઠીક ઠીક અસર અધિકારીઓ ઉપર કરી છે.

પ્રસ્તુત ગ્રંથમાં તેમણે પોતાની કવિતાને ગઝલના ઢાળમાં આકાર

આપ્યો છે. ગઝલ મૂળ ફારસી કાવ્યરચના. તેના પિંગળનિયમો પૂરા પાળ્યા સિવાય ગુજરાતી સાહિત્યે ગઝલને અપનાવી લીધી છે, ખાસ કરીને સાહિત્યની અર્વાચીન પરંપરામાં તો ગઝલે બહુ જ મહત્ત્વનું સ્થાન મેળવી લીધું છે. અત્યંત નરમાશભર્યા ભાવ અને અત્યંત કરુણ લાગણીઓના પ્રદર્શન માટે ગઝલ એક સુંદર વાહન છે, એમાં શંકા નથી, અને ભાઈ શ્રી ચૂનીલાલે (પૂજ્ય શ્રીમોટા)એ ગઝલનો સ્વીકાર કરવામાં આપણા ઉત્તમ કવિઓ કલાપિ, બાલાશંકર તથા મણિલાલ નભુભાઈનો પંથ સ્વીકાર્યો છે.

હિંદુ મુસ્લિમ રાજકીય વિરોધ કરતાં હિંદુ મુસ્લિમ સંસ્કાર સમન્વય વધારે જીવંત અને વધારે સાચો છે. એ પુરવાર કરવા માટે ગઝલ તરફ નજર કરવી બસ થશે. શ્રી ચૂનીલાલ ભગત (પૂજ્ય શ્રીમોટા) સરખા વેદાંત અને ભક્તિમાં ઊંડે ઊતરેલા કવિએ ગઝલનો આશ્રય લીધો છે, એ જ દર્શાવી આપે છે કે ધર્મભેદ માનવી માનવી વચ્ચે, માનવી માનવીના સંસ્કાર વચ્ચે વજ્રદીવાલ બની શકતો જ નથી.

આમ, શ્રીમોટાનાં કાવ્યો વાંચતાં પ્રથમ તો એમ દેખાઈ આવે છે કે માનવહૃદયની ધર્મભાવના ભક્તિભાવનાનો પ્રવાહ સાહિત્યમાં અટક્યો નથી. અને ગઝલ જેવા પરાઈ ભાષાના છંદનો સ્વીકાર કરવામાં સાહિત્ય અને સાહિત્યકારો ધર્મથી-ધર્મભેદથી પર બની જાય છે.

શ્રીમોટાની કવિતા સંબંધી અભિપ્રાય આપતાં મને સંકોચ થાય છે. પ્રથમ તો મારી અંગભૂત ખામી કે હું ધાર્મિક, ભક્તિરંગથી રંગાયેલો માણસ નથી. જોકે ભક્તિભાવ મને અસર કરી શકે છે. એ ખામી મને તેમની કવિતાનો સાચો જ્ઞાતા બનતાં કદાચ અટકાવતી હોય.

સંકોચનું બીજું કારણ એ છે કે સાહિત્યનાં મૂલ્યપરિવર્તન દસકે દસકે થયા જ કરે છે. ગઈ કાલનો મહાકવિ આજ સંભારવાને પાત્ર પણ લાગતો ન હોય. અને જે કાવ્યને ગઈ કાલે કચરાની ટોપલીને હવાલે કર્યું હોય, તે આજે કદાચ ઘેર ઘેર વંચાતી કૃતિ બની ગયું

હોય. સદા સર્વદા આમ બનતું નથી એ ખરું, સાચો કાવ્યરણકાર બનતાં સુધી પરખાઈ જાય છે, પરંતુ મૂલ્યાંકન ફરતાં રહે છે, એ પણ સાચી વસ્તુ છે.

વર્તમાન વિવેચનપ્રથાના અનુસરણમાં કાવ્યની પરીક્ષા રૂઢિ અનુસાર આપોઆપ થઈ જાય છે, અને સંભવિત છે કે રૂઢિ બની જતી પ્રથા Conservative-સંરક્ષક-વિકાસથી જરા બીતી રહેતી હોય. એટલે મારી આજની કાવ્યપરીક્ષામાં ભૂલ થવાનો સંભવ સ્વીકારીને હું એક અભિપ્રાય આપવા લલચાઉં છું કે હજી શ્રીમોટાની વાણી ગઝલનો અને કાવ્યનો આકાર ધારણ કરતી હોવા છતાં સાચી કવિતાના કીમિયામાં ઊતરી શકી નથી. તેમની સંસ્કૃત-પ્રાકૃત છંદરચના જે બીજા કાવ્યસંગ્રહોમાં ગ્રથિત છે, તે ગઝલ કરતાં વધારે સાધ્ય છે એમ લાગે છે.

બાકી, તેમાં સારી શક્યતાઓ છે. ભાવની વિવિધતા અને ઊંડાણ પણ દેખાઈ આવે છે - જોકે સળંગ અસર ખંડિત થતી લાગે છે. બોધ, આશ્વાસન, શ્રદ્ધા, વ્યવહાર, ધાર્મિકતાનાં આવર્તનો તેમાં જોઈએ એટલાં છે, પરંતુ નરસિંહ મહેતાનું ઉડ્ડયન, અખાનું ઊંડાણ કે દયારામનું દર્દ શ્રીમોટાની ગઝલોમાં દેખાવાં બાકી છે. આશા રાખીએ કે તેમની વાણી એ માર્ગે ઝડપથી જાય.

એથી વધારે વિવેચન કવિતાઓ માટે કરવું નિરર્થક છે. ઘણાંને એ કાવ્યો ગમ્યાં છે. સારામાં સારો માર્ગ એ કે તેમને વાંચી જોવાં અને તેમની અસર નોંધવી. સારા ભાવ સારી વાણીમાં ઊતર્યા હોય તો બસ છે. શ્રીમોટાની કવિતા તેમના હૃદયનું ઝડપથી પ્રતિબિંબ બની મારા સરખા શંકાશીલ અને અશ્રદ્ધાળુ માણસને પણ અસર કરે એવી બનો એ જ અંતિમ અભિલાષા.

તા. ૬-૧૨-૧૯૪૬ **રમણલાલ વ. દેસાઈ**

॥ હરિઃૐ ॥

# પ્રસ્તાવના

## (પહેલી આવૃત્તિ)

સાયલામાં મારા એક મિત્ર શ્રી વજ્લાલ જાની અઠ્ઠાવીશ દિવસના મૌનએકાંતના અનુષ્ઠાનમાં હતા, તે વેળા ભાઈએ પૂજ્ય શ્રીમોટાને ગઝલો બનાવી દેવાને સૂચવ્યું. તેમના સાયલાના રહેઠાણ દરમિયાન જે ગઝલો લખાઈ છે, તે આ સંગ્રહમાં છે. તે લખાણ મહત્ત્વે કરીને લેખકનાં સ્વજનોને સંબોધીને છે, કિંતુ લેખકને મન સ્વજન એ સ્થૂળપણે તેમ હોવા છતાં એનો ભાવનાવિસ્તાર તો જગતમાં છે, તેથી એનું સ્વજન એ જગત પણ છે. અમને પ્રેમભાવે હૃદયના સાલતા દર્દે એમણે જે સંભળાવ્યું છે તે અમને લાગુ ભલે પડતું હોય, તે સાથે જગતને પણ તેટલું જ તે બંધબેસતું છે, કારણ કે હજી અમારામાંથી જગતનો સ્વભાવ ગળાઈ ગયેલો નથી. પહેલાં પણ અનેક ભક્તોએ જગતને ચાબખા મારેલા છે, જે ચાબખાની વાણી આજે પણ લોકોમાં પ્રચલિત છે. ચાબખાથી જેનું હૃદય વીંધાયું તે તો ધન્ય બની જાય. જગતનાં ચરણકમળે આ સંગ્રહ ધરતાં એટલી જ પ્રાર્થના કે આ ચાબખાના પ્રહારથી અમારું હૃદય એવું વીંધાય એટલી પ્રભુકૃપા અમારા પર વરસો.

આ લખાણમાં ભક્તિની સમજણ, શ્રદ્ધાની સમજણ તથા ભક્તિ એ મહાપરાક્રમી નરવીર પુરુષની છે અને ભક્તિના જેવું જીવનમાં બીજું કશું પરાક્રમ નથી તેવું લખાણ પણ આમાં છે. જીવનમાં તેવી રીતે પ્રત્યક્ષપણે આચરણમાં મુકાયા વિના નીકળેલા શબ્દો એ તો ખાલી બૌદ્ધિક કલ્પના માત્ર કહેવાય. પૂજ્ય શ્રીમોટાએ પોતાનું જીવન જીવનની સાધના પાછળ ગાળેલું છે, એટલે તેમના અનુભવનો નિચોડ તેમનાં સાદા અને સરળ લખાણમાં છે અને પોતાનાં સ્વજનો અંગેની તેમની હૃદયની ભક્તિ તેમના હૃદયને કોરીને તેમની પાસે કેવું લખાવે છે, એ પણ વિના સંકોચે જગતનાં પ્રભુચરણે અમારે ધરવાનું છે.

લખાણનો આત્મા તેના લેખકના જીવનના સતત એકધારા સદ્ભાવભર્યા પરિચય વિના કદી પામી શકાતો નથી. તો પછી બૌદ્ધિક લખાણ અને અનુભવનું લખાણ એ બે વચ્ચેનો સૂક્ષ્મ તફાવત ક્યાંક તો હોવો ઘટે જ. જોકે વાચકની દૃષ્ટિમાં તે આવ્યા વિના ન રહે, પરંતુ તે માપ કરતાં પણ બીજી કંઈ કસોટી આવાં લખાણમાં હોવી જરૂરી પણ છે. લખાણમાં અનુભવની છાપ ઊતર્યા વિના રહી શકતી નથી અને કોઈ પણ લેખકનું ઊંડું સંવેદન તેમાં વ્યક્ત થતું હોય છે. એવું હૃદયનું સંવેદન જેને સંબોધાયેલું છે તેના સુષુપ્ત જીવાત્માને કેટલું જાગ્રત કરતું હોય છે તે એક ખાસ માપ ગણી શકાય. વળી, લેખક પોતે પોતાની પ્રત્યેક પ્રવર્તતી સ્થિતિમાં તેનાં માપલક્ષણ શાં શાં હોય તે બધું લખાણમાં બતાવતા હોવાથી પ્રત્યેકને પોતાના વિશે તેના આધાર વડે કરીને સમજવાનું સુલભ બનતું હોય છે. આ યુગ બુદ્ધિની વિશિષ્ટતાવાળો છે ને પ્રત્યેક કંઈને માપ ને લક્ષણ હોય છે. એટલે સાધકની પલટાતી જતી મનોદશાને તે તે કાળનાં કેવાં કેવાં લક્ષણો હોય તે લેખકે આપ્યા કરેલાં છે, એ આ લખાણનું એક વિશિષ્ટ અંગ છે.

ભગવાનને ભજવો એટલે ખાલી તેનું નામ લીધા કરવું એટલામાં જ તેની પરિસીમા આવી જતી નથી, એ તો વારંવાર લેખક ઠોકીઠોકીને જણાવે છે. કશાને નકારવાનું કે કશાથી ભાગવાનું નથી, પરંતુ જે મળે તે ભગવાનની પ્રસાદી તરીકે સ્વીકારીને એનો એ ભાવે તે તે કર્મ કરતી પળે તેવો પ્રત્યક્ષ જીવંત ખ્યાલ દઢાવી દઢાવીને, કર્મનાં આદિ, મધ્ય અને અંતમાં એકમાત્ર જીવનવિકાસની ભાવનાને મહત્ત્વ આપ્યા કરીને, પ્રભુપ્રીત્યર્થ કર્મ કર્યા કરવાનાં છે. જે કંઈ થયા કરે કે મળ્યા કરે તેનો આધાર પોતાની જ ભૂમિકામાં રહેલો છે અને એ રીતે પોતાનું તટસ્થતાપૂર્વક નિરીક્ષણ ને પૃથક્કરણ કર્યા કરીને, ભગવાનના પ્રાર્થનાભાવને કર્મનાં આચરણમાં એકભાવે ઉતારીને, ભગવાનને સાથે ને સાથે રાખવાનું તે આપણને સંબોધ્યા કરે છે. હૃદયની એકધારી સતત જાગૃતિ વિના તેવું થવું શક્ય નથી અને એવી જાગૃતિ કેમ રહી શકે તે પણ લેખક આમાં આપણને બતાવે છે. જે જીવનનો રસિયો છે

તે જ જીવનનો ખેલાડી બની શકે છે, અથવા જીવનની પ્રત્યેક ભૂમિકા પર યુદ્ધ તો રહેલાં જ છે અને એવાં યુદ્ધોનો સ્વીકાર ને પ્રતિકાર કર્યા વિના સાધક પોતાના જીવનમાં ઈશ્વરને વ્યક્ત કરી શકવાનો નથી એ પણ લેખક આપણને જણાવે છે.

માનવીના મનમાં ઊઠતાં શંકાઓ, સંશયો, મુશ્કેલીઓ તથા જીવનના એવા અટપટા પ્રશ્નો એ બધાંને આપણે એમ ને એમ પડી રહેવા દેવાના નથી, પરંતુ તે તે બધાંનું જીવનના રચનાત્મક વલણની ભાવનાએ યોગ્ય સમાધાન કર્યા કરીને નિશ્ચિંત રહ્યા કરવાનું છે. તથા કશું પણ ઉકેલ્યા વિના ન મૂકવું અને પોતાની માનસિક, આંતરિક પ્રવૃત્તિનાં બધાં વલણોનો તટસ્થતાપૂર્વક વિચાર કરતા રહીને, તેને તેને જીવનવિકાસના માર્ગમાં કેમ વાળ્યા કરવાં એનો ઉકેલ લેખક તેમના હૃદયના આ કકળાટમાં-વલોપાતમાં-આપણને બતાવે છે.

અહીં એક બીજો પ્રશ્ન ઊઠે છે કે સ્વજનોને અંગત રીતે સંબોધાયેલાં આવાં લખાણો જગત આગળ મૂકવાં એ યોગ્ય છે કે કેમ ? જીવનના સાધકે શ્રીભગવાનનાં ચરણકમળે સર્વ ભાવે ને સર્વ રીતે ખુલ્લા થયા કરવાનું છે, અને આપણે જેવા હોઈએ તેવા શ્રીભગવાનને જણાવ્યા કરવાનું છે, તો જગત એ પણ શ્રીભગવાનનો જ વ્યક્ત ભાવ છે, એટલે એનામાં રહેલા પ્રભુને ચરણે આપણે ખુલ્લાં થઈએ તેમાં કશી અસંગતતા લાગતી નથી. ઘણાયે મહાનુભાવોએ પોતાનાં જીવનચરિત્રો લખીને સમાજનાં ચરણે ધર્યાં છે, તેમાં તેઓએ પોતાના જીવનની આડીઊભી બધી કથા વર્ણવેલી છે. તે ભાવે આ લખાણને જોવા વાચકને વિનંતી છે.

આ ગઝલ સંગ્રહની આગળ જે ભાઈએ લેખકને લખવાને પ્રેરવ્યા, તેમણે ભક્તિભાવે જે પ્રણામસ્તવન કર્યું છે તે મૂકેલું છે. એમણે કદી પણ કવિતા લખી નથી. આ એમનો પહેલો જ સ્વયં પ્રયોગ હૃદયમાં તે કાળે તેવી ભાવના ઊઠતાં બનેલો છે. એ જેવો બન્યો છે તેવો જ વાચક આગળ મૂક્યો છે.

'શાસ્ત્રોનું વાંચન ઘણું ઘણુંયે કર્યું શું' એવું પ્રણામસ્તવનમાં લખેલું છે, તેટલા કાજે મારે બે શબ્દ લખવાની જરૂર પડી છે. તે મારા મિત્ર સંસ્કૃતના એમ.એ. થયેલા છે. આધ્યાત્મિક જીવનમાં એકલું શાસ્ત્રોનું કરેલું કોરું વાંચન કશું પ્રત્યક્ષ કામ આપતું નથી, એટલે જ આત્માર્થીને તેમના તે કથનથી યોગ્ય સમજવાનું બનશે એવી આશા છે.

આ ગઝલ સંગ્રહ છપાવવાનું મન મારા મિત્રનાં પત્નીને થયું, અને એનું નામ 'પ્રણામ પ્રલાપ' રાખ્યું છે, તે કેટલું યથાર્થ છે, તે તો વાચકને વાંચતાં ખબર પડશે.

આ લખાણ છપાવવાનું અને સુધારવાનું વગેરે આદિથી અંત સુધીનું બધું જ કામ મારા મિત્રે કર્યું છે, માત્ર મારું તો એકલું નામ મુકાયેલું છે. બાકી, ખરાં સંપાદક તો એ મિત્ર ને એમનાં પત્ની જ ગણાય. ને જો કંઈ કશો જશ કશાનોય પણ ઘટતો હોય તો તે એમને જ ઘટે છે.

આ બધું લખાણ શ્રી સાયલા સ્ટેટનાં અ.સૌ. રાણી સાહેબા **श्री कुसुमकुंवरबा** પોતે સાંભળી ગયાં ને આ પુસ્તકને છપાવવાનું બધું ખર્ચ તેઓશ્રીએ આપ્યું છે, તે કાજે એમનો હૃદયથી આભાર માનું છું. આ પુસ્તકના વેચાણમાંથી જે રકમ મળશે તે સાયલા ગામના હરિજનોના કલ્યાણાર્થે વપરાશે તેથી જે વાચકોના હાથમાં **आ** પુસ્તક આવે તો તે એનું વેચાણ વધારે થાય એવા પ્રયત્ન કરે એવી વિનંતી છે કે જેથી તેટલી વધારે રકમ આવા કાર્યમાં મદદકર્તા થઈ પડે.

કુંવર શ્રી મહેન્દ્રપ્રતાપસિંહજીના પુણ્ય સ્મરણાર્થે આ પુસ્તક છપાવવાનું બન્યું છે, તે કાજે એટલી પ્રાર્થના કે પ્રભુ એમના આત્માને શાંતિ અર્પો.

હરિજન આશ્રમ, **નંદલાલ ભોગીલાલ શાહ**
સાબરમતી.

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાની જન્મશતાબ્દી ટાણે તેમની રચનાઓ એક પછી એક આશ્રમ પ્રગટ કરતો રહ્યો છે. તેમાં જૂના સાધકોનો સ્નેહતંતુ અને સંવાદ કેવળ જળવાતાં જ નહિ, વિસ્તરતાં અને વિકસતાં જોવાં મળ્યાં છે, એવો અનુભવ થઈ રહ્યો છે.

આ ગ્રંથની પ્રથમ આવૃત્તિ ૧૯૪૭માં પ્રગટ થઈ હતી, વચ્ચે ૧૯૮૨માં બીજી આવૃત્તિ અને ૧૯૯૭માં ત્રીજી આવૃત્તિ પ્રગટ કરતાં અમે આનંદ અનુભવીએ છીએ. ૧૯૪૭ અને ૧૯૯૭ બરાબર ૫૦ વર્ષનો દીર્ઘકાળ-તેમ છતાં આમાંની પ્રાર્થનાઓ તેમના આત્મિક તેજબળથી અનેકને સહાયરૂપ થતી રહી છે.

આ આલાપ નથી કે નથી તો વિલાપ-આ તો છે પ્રલાપ. પ્રલાપ એટલે જ પ્રભુવિરહમાં અસંબદ્ધ આલોચના. તેથી આમાં કોઈ ક્રમ કે સાધકને સીધું માર્ગદર્શન મળી રહે તેવું શ્રેયસોપાન કદાચ ન દેખાય, પરંતુ આમાં પ્રગટેલ ૭૪ જેટલાં કાવ્યોમાં અખંડ એક જ ધ્વનિ -

**જીવનનો એક માલિક છે, રખે એને હૃદય ભૂલો !**

(પૃ. ૯૧)

ગુંજતો આપણે અનુભવીએ છીએ.

'પ્રણામ પ્રલાપ'ની ત્રીજી આવૃત્તિની મુદ્રણશુદ્ધિનું કાર્ય કરતાં તેને પ્રથમ આવૃત્તિ સાથે સરખાવતાં માલૂમ પડ્યું કે સરતચૂકથી બીજી આવૃત્તિમાં પ્રારંભનાં બાર પાનાં રહી ગયાં હતાં. મુદ્રણશુદ્ધિનું કાર્ય ખૂબ જ ઉત્સાહથી, ઝીણવટ અને કાળજીપૂર્વક કરી રહેલા શ્રી જયંતીભાઈ જાનીનું ધ્યાન આ તરફ દોરાયું, અને તે પ્રારંભનાં બાર

પાનાં સુધારેલી આ ત્રીજી આવૃત્તિમાં ઉમેરી લેવામાં આવ્યા છે. શ્રી જયંતીભાઈ જાનીના આ પ્રકારના ઉત્સાહી કાર્ય બદલ અમે તેમનો ખૂબ હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

આ પુસ્તકની ટાઈટલની આકર્ષક ડિઝાઈન તૈયાર કરી આપવા બદલ શ્રી મયૂરભાઈ જાનીનો, તથા ટાઈટલને ચાર કલરમાં છાપી આપવા બદલ સાહિત્ય મુદ્રણાલયના નિયામકો શ્રી શ્રેયસભાઈ પંડ્યા તથા શ્રી યજ્ઞેશભાઈ પંડ્યાનો અમે ખૂબ હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

ગુજરાતી અધ્યાત્મરસિક પ્રજા આ પુસ્તકને આવકારશે એવી શ્રદ્ધા છે.

આ પુસ્તક છપાવવા માટે જેમનો આર્થિક સહયોગ મળ્યો છે, તે શ્રી જયરણછોડ સેવકના આભારી છીએ.

પૂજ્ય શ્રીમોટાના આધ્યાત્મિક અનુભવોનો કાવ્યફાલ રજૂ કરવા હરિઃૐ આશ્રમ સતત પ્રયત્નશીલ રહ્યો છે. તેમાં નામી-અનામી કેટલાય સન્મિત્રો પોતાનો સહકાર આપતા રહ્યા છે. તેમને વિનંતી કે પોતાના વાચન કે અભ્યાસ દરમિયાન થયેલ અનુભવોનો પ્રતિભાવ આપશો તો-પૂજ્ય શ્રીમોટા કહે છે તેમ :-

**પ્રભુને કાજ જે કોઈ ચરણમાં ઝંપલાવે છે,**
**મૂકી એને ન રેઢો દે પ્રભુ એવો કૃપાળુ છે.**

તેમની સેવા પ્રભુને જ પહોંચશે.

ફરી એક વખત સૌનો આભાર માની વિરમું છું.

હરિઃૐ આશ્રમ, **સી. ડી. શાહ**
નડિયાદ મૅનેજિંગ ટ્રસ્ટી
તા. ૨-૭-૧૯૯૭

॥ હરિઃૐ ॥

# સંપાદકનું નમ્ર નિવેદન

## (પહેલી આવૃત્તિ)

જુદા જુદા જે **જીવો આ લેખક**ના પરિચયમાં આવેલા છે ને એમની સાથે જીવનવિકાસના સાધના ભાવે જેઓ જોડાયેલા છે, તે તે **જીવો**માં જે જે કોઈને એમના વિશે **અન્યથાવૃત્તિ** ઉઠેલી એના જવાબ રૂપે પણ આ લખાણમાં ઘણું છે. એટલે એક રીતે તે માત્ર તે તે વ્યક્તિ પૂરતું છે, તેથી બીજા વાચકને શુષ્ક લાગવા પણ પૂરતો સંભવ રહે છે.

ગઝલ હૃદયની કુમળી કુમળી ને દર્દભરી લાગણી ને ભાવનાને વ્યક્ત કરવાનું એક ઉત્તમ સાધન છે. હૃદયના પ્રેમ દર્દથી પીડાતા હૃદયને એમનું દર્દ ઠાલવવાને ભાવનાને ગઝલ જેવો આકાર આપી શકે છે તેવો દેહ કોઈ કાવ્ય આપી શકતું નથી. કિંતુ આ લેખકનો આ ગઝલોનો તેવો વિષય ન હોવાથી તે ઝાંખી ને મોળી પડે છે તે પણ સ્વાભાવિક છે. વળી ગઝલનો એમને જરાકે અભ્યાસ નથી. તો લખ્યું કેમ ? એમ સહેજે પ્રશ્ન થાય પણ એમને તો એ રીતે લખવાનું કોઈ એક મિત્રે સૂચવ્યું ને એમણે એનું પાલન કર્યું.

**-નંદલાલ ભોગીલાલ શાહ**

॥હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પાંચમી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્યસાહિત્યના ગ્રંથોના પુનઃપ્રકાશનની કાર્યવાહી હાથ ધરતાં, તે કામગીરીના ભાગરૂપે **'પ્રણામપ્રલાપ'**ની ચોથી આવૃત્તિ સને ૨૦૦૮માં છપાવેલી. હાલમાં આ પુસ્તકની પ્રત અપ્રાપ્ય હોઈને ૧૦ વર્ષે આ પુસ્તકનું પુનઃ પ્રકાશન કરતાં અમો આનંદ અનુભવીએ છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્‌ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આશા છે કે સ્વજનો આ પ્રકાશનને આવકારશે.

તા. ૨૭-૭-૨૦૧૮ **ટ્રસ્ટીમંડળ,**
ગુરુપૂર્ણિમા, સં. ૨૦૭૪ હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# અંજલિ

(પ્રથમ આવૃત્તિ)

**(શાર્દૂલવિક્રીડિત)**

શો ચિંતાતુર કાળ તે મુજ હતો ! એવી ક્ષણે કારમી
જેણે હિંમત, હૂંફ, સહાય, મદદે પ્રત્યક્ષ ઊભા રહી,
શું પ્રોત્સાહન આપી શી સગવડો ચિંતા શી મારી હરી !
તે માધુર્યથી યુક્ત ભાવચરણે અર્પું હું આ અંજલિ.

**(વસંતતિલકા)**

કેવા નવા જીવનમાં પલટા મરાવે !
શા ફેરફાર પળમાંય પળે કરાવે !
શાં મૃત્યુ-જીવન મહેન્દ્રપ્રતાપથી તે
-પામ્યા કરે જગત, अंजलि અર્પું एने.

**- મોટા**

॥ હરિઃૐ ॥

# લેખકનાં અન્ય પ્રકાશનો વિશે અભિપ્રાયો

**केशवचरणकमळे-**

'તેનો શરણભાવ અને ભક્તિરસ અજબ છે.'

**– સરલાદેવી સારાભાઈ**

શાહીબાગ, અમદાવાદ.

**गंगाचरणे-**

'ગંગામૈયાને ચરણે મને સ્થાન આપી ઉપકૃત કર્યો છે. પરમતમ કૃપામયી ભગવતી ગંગાના જ્યોતિર્મય પ્રવાહમાં અવગાહન કરી આનંદ પામું છું. જે ભક્તાત્માના હૃદયપાત્રમાં થઈ મૈયાજી વહી આવ્યાં છે, તેમને મારો આદરભાવ નિવેદિત કરશો..

સાધુ હૃદયોના પુણ્યાત્માઓની તરંગિત પ્રવાહલીલા એ જ પૃથ્વીને પાવન કરનારી પવિત્ર ભાગીરથી. પ્રેમાત્માઓના ભક્તિરસના ઉમળકાને જોનારા ને ઝીલનારા સાચે જ ભાગ્યશાળી છે.

સરળ, સરસ, સાત્ત્વિક સ્નેહભાવના વાઙ્મય સ્વરૂપે વહેવા માંડે, ત્યારે એની સાદાઈ જે સુંદરતાનો અનુભવ કરાવે છે તે ઓર છે.'

**–કવિ પૂજાલાલ**

અરવિંદાશ્રમ, પોંડિચેરી.

'આપનો ભક્તિપ્રસાદ મળ્યો છે. આભારી છું. સરળ હૃદયના ઉદ્‌ગારો વાંચવા કોને ન ગમે ? ઉદ્‌ગારોમાં સહૃદયતા છે અને તેથી એનું વાંચન રોચક લાગે છે.

ભાવની ઋજુતા એ જ સાચી કમાણી છે.'

**–ગોકુળભાઈ ભટ્ટ**

વિલેપાર્લે અને શિરોહી.

**जीवनपगले-**

'આ ભાવપૂર્વક વાંચવાથી જ મારી આંતરિક શાંતિ વધેલી છે.'

**—છગનલાલ જોષી**

મંત્રી, હરિજન સેવક સંઘ,

રાજકોટ

'ગીતા' અને ગાંધીજીની 'મંગળ પ્રભાત' એ નાનકડી પુસ્તિકા— એ બેનું વાંચન જેમ મને ઘણીવાર શાંતિસ્ફૂર્તિદાક લાગ્યું છે, એવું આનુંય લાગતાં આ પુસ્તકને પણ એ પ્રકારના વાંચનમાં હું એ બેની જોડે અવશ્ય સ્થાન આપું. આઠ દસ દિવસે અકેકવાર એનું વાંચન થતું રહે તો જીવનપાથેય સારું મળતું રહે અને પ્રેરણા તથા દૃષ્ટિ પણ...'

**—પ્રો. અનંતરાય રાવળ**

ગુજરાત કૉલેજ,

અમદાવાદ

**तुज चरणे-**

'આ કાવ્યો એક પ્રાર્થના સમાન જ છે અને સવારમાં ઊઠી જાણે તેમાંથી બંદગી કરવાનું મન થઈ આવે છે.'

**—પ્રો. ફિરોઝ કા. દાવર**

ગુજરાત કૉલેજ,

અમદાવાદ.

'... જેવા ભક્ત માણસની પુસ્તિકાઓ છપાવવાના કામમાં ભાગ લેવા મને નોતરો એ વાત મને બહુ ગમી છે.'

**—અમૃતલાલ વિ. ઠક્કર**

(ઠક્કરબાપા)

દિલ્હી.

# અનુક્રમણિકા


પ્રણામ સ્તવન ........................................................... ૧
૧. કૃપા કરીને કૃપા કરીને કૃપાસિંધુ કૃપા કરજો ........................... ૧૩
૨. કૃપાશક્તિ પ્રભુની છે ........................................................ ૧૫
૩. ખુવારી એ જ ખુમારી ......................................................... ૧૭
૪. જગતની સર્વ શોભા છે ....................................................... ૧૮
૫. માનવીપણું ..................................................................... ૨૦
૬. જીવનવ્યાપ્તિ પ્રભુમાં છે .................................................... ૨૧
૭. નિર્ણયની યથાર્થતા ........................................................... ૨૩
૮. હૃદય જે જીવવું જાણે પ્રભુ એને હકીકત છે ............................ ૨૫
૯. પ્રભુ તે એક સાચો છે, શરણ એને પૂરાં રહેજો ......................... ૨૭
૧૦. હૃદય સર્વસ્વ જાણીને પ્રભુ સ્વીકારજો ભાવે ........................... ૨૯
૧૧. જીવનનો ભાવ પ્રભુ એ તો, ભજો ભળવા પ્રભુમાં તે ................. ૩૧
૧૨. પ્રભુને ચેતતો રહેવા અનુકૂળતા કરી દેજે ................................ ૩૩
૧૩. હૃદય લગની પ્રભુ સાથે બધી વાતે લગાડી દો .......................... ૩૫
૧૪. જીવન-સંગીતકળા હૃદયે પ્રગટવા પ્રાણ ચેતવજો ........................ ૩૭
૧૫. કળા પ્રભુમય થવાકેરી હૃદય લગની થવા દેજે .......................... ૩૯
૧૬. ચરણકમળે પ્રભુકેરા હૃદય લગની લગાડોને ............................. ૪૧
૧૭. ભિખારીની દયા જાણી ઘટે તો ટુકડો દેજો .............................. ૪૩
૧૮. પ્રભુકેરી પ્રસાદીને ઉમળકાથી ગ્રહેવાજો .................................. ૪૫
૧૯. પ્રભુને સાથ રહેવાને પ્રભુની પ્રાર્થના કરજો ............................. ૪૭
૨૦. પ્રભુને પામવા કાજે હૃદય ચેતન લગાડી દે .............................. ૪૯
૨૧. સ્વજન વહાલાં ! સ્વજન વહાલાં ! હૃદયનાં પ્રાણપ્યારાં છો.......... ૫૧
૨૨. પ્રભુને મન કરી વહાલો લગન એની લગાડી દો ........................ ૫૩
૨૩. સદા નીરખ્યા કરો ઊંડું જીવનમાંનું તમારું તે. ........................ ૫૫
૨૪. પ્રભુનું એકલું ચિંતવન થતાં કર્મે કર્યાકરજો ........................... ૫૭
૨૫. જીવનનો એ ફિરસ્તો છે, જીવનનું પ્રેરણાબળ છે ...................... ૫૯
૨૬. પ્રભુની દિવ્ય ને ભવ્ય કળા શી રમ્ય અનુભવવા,
જીવન જે એ રીતે જીવે જીવન પામે રસાત્મકતા ........................ ૬૧
૨૭. ચરણકમળે ઢળી પ્રભુને કૃપા માગ્યા કરો જીવને ....................... ૬૩
૨૮. પરસ્પર એકતા કરવા હૃદયમાં પ્રેમ ચેતવજો ........................... ૬૫
૨૯. પ્રભુના પ્રેમને કાજે ફના કરજે ફના થાજે ................................ ૬૭
૩૦. વળગી રહીને હૃદય પ્રભુને હૃદયનો ભાવ કેળવજો .................... ૬૯
૩૧. હૃદય વરવા પ્રભુ કાજે પ્રભુમાં મન લગાડી દો ........................ ૭૧
૩૨. પ્રભુને મન-હૃદય-વહાલો કરી કરીને સ્મર્યા કરજે ..................... ૭૩
૩૩. પ્રભુનાં થઈ હૃદય એની પૂરી લગની લગાડી દો ....................... ૭૫
૩૪. હૃદયનું એક વહાલું છે - પ્રભુ : એને પુકારોને ......................... ૭૭
૩૫. પ્રભુની એકલી માત્ર હૃદય લગની લગાડી દો............................ ૭૯

૩૬. પ્રભુને સર્વથી ડાહ્યો ગણી ભાવે ભજો એને ............................ ૮૧
૩૭. પ્રભુનું લક્ષ રાખીને પ્રભુ બોલાવતા રહેજો .............................. ૮૩
૩૮. હૃદય લગની પ્રભુનામાં થવા દેવા સ્મરણ કરજે ....................... ૮૫
૩૯. કૃપાશક્તિ પ્રભુની તે હૃદયથી માગતા રહેજો ............................ ૮૭
૪૦. કૃપા થતી પ્રીછતાં રહીને કૃપાને યાચતાં રહેજો ......................... ૮૯
૪૧. જીવનનો એક માલિક છે રખે એને હૃદય ભૂલો ....................... ૯૧
૪૨. પ્રભુની માત્ર લગનીને હૃદય ચેતાવતો રહેને ............................ ૯૩
૪૩. હવે શાને જરા થોભ્યો પ્રભુમાં ઝંપલાવોને ............................... ૯૫
૪૪. પ્રભુમાં તો હવે લગની લગાડી દો લગાડી દો ......................... ૯૭
૪૫. જીવન એળે જતું ચાલી કરી લો પ્રેમ પ્રભુ સાથે ...................... ૯૯
૪૬. સ્તવી સ્તવી ભાવથી પ્રભને, પ્રભુ જન્માવજે હૃદયે ................... ૧૦૧
૪૭. બહુ થયું બાપલાં ! હાવાં હૃદય લગની લગાડી દો ................. ૧૦૩
૪૮. પ્રભુ તો સર્વ વ્યાપી છે હૃદય એને બનાવી લો ...................... ૧૦૫
૪૯. પ્રભુ તો તે તમારો છે હૃદય સ્વીકારી લો એને ....................... ૧૦૭
૫૦. પ્રભુને પ્રાર્થના મારી હવે લગની લગાડી દો ......................... ૧૦૯
૫૧. કર્યું સુતરું પ્રભુએ તો વફાદારી હવે રાખો ........................... ૧૧૧
૫૨. લગાડી ધૂન જીવનની પ્રભુમાં ચિત્ત જોડી દે .......................... ૧૧૩
૫૩. પ્રભુને એકલું સાધન ગણી એને ચહો હૃદયે ........................ ૧૧૫
૫૪. હૃદય સંકોરતાં રે’જો પ્રભુમાં ચિત્ત મનને તે ......................... ૧૧૭
૫૫. તમારું સૌ ફગાવીને હવે તો લો પ્રભુ હૃદયે ......................... ૧૧૯
૫૬. સ્વજનમાંના હૃદયે પ્રભુને જગવવા પ્રાર્થના કરીએ ................... ૧૨૧
૫૭. પ્રભુની ભક્તિમાં મનને પરોવી કર્મ સૌ કરજે ....................... ૧૨૩
૫૮. પ્રભુની એકલી ભક્તિ હૃદયમાં વાંછતાં રે’જો ........................ ૧૨૫
૫૯. જીવનસાથી પ્રભુ બનાવી પ્રભુની સાથ ડગ ભરજે .................. ૧૨૭
૬૦. પ્રભુ સૌ દેખનારો છે પ્રભુમાં મન લગાડી દો ....................... ૧૨૯
૬૧. જીવનનો યજ્ઞ પ્રભુ ભાવે કર્યા કરજો હૃદયમાં તે .................... ૧૩૧
૬૨. લગન એવી પ્રભુકેરી લગાડી દો લગાડી દો ........................ ૧૩૩
૬૩. પ્રભુની દિલથી ચાહ્યા કરતાં રહો ........................................ ૧૩૫
૬૪. પ્રભુની પ્રેમભક્તિમાં જીવનને હોમતાં રહેજો ......................... ૧૩૭
૬૫. પ્રભુને જો ચહો ભજવું ભજો પૂરા હૃદય ભાવે ....................... ૧૩૯
૬૬. ભજી ભજી તે પ્રભુ વહાલો પ્રભુમાં ઝંપલાવોને !.................... ૧૪૧
૬૭. પ્રભુને પ્રાર્થના કે તે વળાવે અંતરે અમને ............................ ૧૪૩
૬૮. કૃપાનો ભાવ મળવાને હૃદયથી પ્રાર્થના કરજે ........................ ૧૪૫
૬૯. અમે સંતાન તારાં સૌ રહમ કરજે રહમ કરજે ...................... ૧૪૯
૭૦. પ્રભુના નામનો ભાવ જીવન ઉતારવા મથજો ......................... ૧૫૧
૭૧. બાકી છે ......................................................................... ૧૫૨
૭૨. હાર્દિક ઐક્ય .................................................................. ૧૫૩
૭૩. યાદ ............................................................................. ૧૫૪
૭૪. ગુરુ ના માટીપિંડ છે, માત્ર ન તે છે દેહ ............................. ૧૫૫

# પ્રણામ પ્રલાપ

## પ્રણામ સ્તવન

જેની કૃપાથી પીગળે ઉર વજ્રશું ને,
જેની કૃપાથી હૃદયમાં કંઈ ભક્તિ જાગે;
જેની કૃપાથી પરિવર્તન સર્વ થાય,
એવાં ગુરુચરણને કરું હું પ્રણામ. ૧

જેનું કૃપાબળ રખાવતું ઉર ધૈર્ય,
જેનું કૃપાબળ જગાવતું ભાવસ્થૈર્ય;
જેનું કૃપાબળ ઉઘાડતું મારું હૈયું,
એવાં ગુરુચરણને શિરથી નમું હું. ૨

જોકે પ્રણામ કરવામહીં શુદ્ધતા ના,
જોકે પ્રણામ કરવા કંઈ યોગ્યતા ના;
જોકે પ્રણામ કરવામહીં દુઃખ ઊંડું,
તોયે પ્રણામ કરવા દિલ થાય મારું. ૩

જોકે પ્રણામ કરવામહીં નમ્રતા ના,
જોકે પ્રણામ કરવામહીં ભાવ છે ના;
જોકે પ્રણામ કરી સ્નિગ્ધ બની શકું ના,
તોયે પ્રણામ કરવા ઉર થાય વાંછા. ૪

તોયે પ્રણામ કરવા દિલ મારું ચાહે,
તોયે પ્રણામ કરવા મનને ગમે છે;
એવા પ્રણામ પણ મંથન કૈં જગાવે,
તારી કૃપાતણું પ્રભુ ! પરિણામ આ છે. ૫

જેની કૃપાથી ઉર ચેતન તત્ત્વ જાગે,
જેના કૃપાબળની તોલ ન કૈં જ આવે;
જેની કૃપાથી કવિતા કરવાનું સૂઝે,
એવાં ગુરુચરણને હૃદ આ પ્રણામે. ૬

જેની કૃપાથી દિલમાં બહુ યુદ્ધ જાગે,
જેના કૃપાબળ વડે જય-આશ રે' છે;
જેના કૃપાબળ વડે જીવવાની હામ,
એવાં ગુરુચરણને કરું હું પ્રણામ. ૭

જેની કૃપાથી ઉર મંથન જાગતું રે',
જેની કૃપા અધમને પણ લે ઉમંગે;
જેની કૃપાથી પ્રગટે ઉરમાંહી પ્રાણ,
એવાં ગુરુચરણને કરું હું પ્રણામ. ૮

તાટસ્થ્ય જન્મતું જણાય કૃપાથી જેની,
નિશ્ચિંતતા પ્રગટતી ઉરમાંહી કાંઈ;
જેના કૃપાબળ વડે ઉર થાય મસ્ત
વંદું ગુરુચરણને ઉરથી સમસ્ત. ૯

જેનો પ્રતાપ જગવે દિલમાંહી યુદ્ધ,
જેનો પ્રભાવ કરતો ઉર મારું શુદ્ધ;
જેના પ્રલાપ કરતા દિલ મારું ક્ષુબ્ધ,
વંદું ગુરુચરણને હૃદ-જ્ઞાન-બુદ્ધ. ૧૦

યાચું પ્રભો સતત ભાવ ટકાવજે આ,
યાચું પ્રભો સતત યુદ્ધ જગાવજે આ;
યાચું પ્રભો ચરણમાંહી તું ખેંચી લે જે,
જોકે પ્રભો નથી હજુ મુજ ભક્તિ સ્હેજે. ૧૧

યાચું પ્રભો જીવનમાંહી મથાવજે તું,
યાચું પ્રભો જીવનનાવ તરાવજે તું;
યાચું હું કેમ ? નથી રાખી શકાઈ ટેક,
યાચું હું કેમ ? નથી જીવનમાં વિવેક. ૧૨

વ્હાલા પ્રભો કઈ જીભે શકું માગી આવું ?
વ્હાલા પ્રભો નથી તને દિલ ચાહતો હું;
વ્હાલા પ્રભો અમલમાં ન હું કૈં જ મૂકું,
તોયે પ્રભો બકી દઉં હૃદ જેમ ઊગ્યું. ૧૩

જેની કૃપાથી ઉર શાંતિ વિવેક જન્મે,
જેનાં કૃપા કિરણથી અજવાળું થાયે;
જેની કૃપા મલિનતા ઉરની મટાડે,
એવાં ગુરુચરણને શિર આ નમે છે. ૧૪

જેના વિલાપ થકી હૈયું દ્રવ્યું'તું મારું,
જેના વિલાપ સુણું; તોય સૂઈ રહ્યો છું;
જેના વિલાપ મુજને હજી ખૂબ યાદ,
તે કારણે ખટકતું કરતાં પ્રણામ, ૧૫

સાચા પ્રણામ કરવા દિલમાં હું ઝંખું,
સાચા પ્રણામ પણ ના કરી કૈં શકું હું;
સાચા પ્રણામ કરવા પ્રભુ શુદ્ધિ દેજે,
સાચા પ્રણામ કરવા પ્રભુ બુદ્ધિ દેજે. ૧૬

તારે વિશે હૃદ ખરી યદિ ભક્તિ જાગે,
તો તો જરૂર ઉર વૃત્તિથી મુક્તિ પામે;
તારે વિશે જીવનમાં યદિ પ્રેમ જાગે,
તો તો જરૂર મુજ આળસ ઊડી જાયે. ૧૭

કિંતુ કઠોર મુજ હૈયું ચિરાય છે ના,
જોકે પ્રભો વરદ હસ્ત કરે તું પહોળા;
તું-કાજ ના કંઈ ખરો હૃદમાંહી ભાવ,
તોયે પ્રભુ ! ચરણમાં કરું હું પ્રણામ. ૧૮

જેની કૃપા જગમહીં સઘળે સ્થળે છે,
જેની કૃપા હૃદયમાં વળી ભક્તિ પ્રેરે;
જેની કૃપાથી નિજ દેહનું મૂલ્ય સૂઝે,
એવાં ગુરુચરણને શિર આ નમે છે. ૧૯

જેની કૃપા વિલસતી જીવને નિહાળું,
જેની કૃપા ખિલવતી મુજને હું ભાળું;
જેની કૃપા પ્રસરતી ઉરમાં સુહાય,
એવાં ગુરુચરણને કરું હું પ્રણામ. ૨૦

જેના વિલાસ થકી જીવન થાય ધન્ય,
જેના વિલાસ થકી જીવન પ્રાપ્તિ શક્ય;
જેનો વિલાસ કરતો હૃદનો વિકાસ,
એવાં ગુરુચરણને કરું હું પ્રણામ. ૨૧

જેની કૃપાથી પુરુષાર્થ યથાર્થ જન્મે,
બુદ્ધિ કુશાગ્ર થતી જાય કૃપા થકી ને;
જેની કૃપાથી ઊકલે સહુ પ્રશ્ન સ્હેજે,
એવાં ગુરુચરણને શિર આ નમે છે. ૨૨

જેની કૃપાથી મુજ જીવન વ્હાણું વાય,
જેની કૃપા જીવન અમૃત નિત્ય પાય;
જેની કૃપાથી ઉર જીવન ગીત ગાય,
એવી ગુરુસરિતમાં મુજ હૈયું ન્હાય. ૨૩

હૈયે વિયોગ સુખનો પ્રગટે કૃપાથી,
ને હાર્દ શબ્દ સહુનું પ્રગટે કૃપાથી;
જેના થકી નિજ સ્વરૂપ પિછાન થાય,
એવી ગુરુસરિતમાં મુજ હૈયું ન્હાય. ૨૪

ઉત્સાહ ઉર ઊછળે જ કૃપાથી જેની,
થાયે કૃપાથી વ્યવહાર વિશે વિશુદ્ધિ;
દૈવી રૂપાંતર કરાય કૃપાથી જેની,
એવાં ગુરુચરણમાં લળું શીશ નામી. ૨૫

શૈથિલ્ય નષ્ટ થઈ જાય કૃપાથી જેની,
જેની કૃપાથી ઊકલે સહુ કર્મગ્રંથિ;
જેની કૃપાથી બહિરંતર ઐક્ય જામે,
એવાં ગુરુચરણને ઉર આ પ્રણામે. ૨૬

જેની કૃપાથી હરતી સૌ વ્યભિચારી* વૃત્તિ,
જેની કૃપા કરવતી સતમાર્ગ ગામી;
સ્વચ્છંદતા વિરમતી જ કૃપાથી જેની,
એવાં ગુરુચરણમાં લળું શીશ નામી. ૨૭

થાયે કૃપાથી કરણોમહીં સુવ્યવસ્થા,
એકાંત મૌન ઊપજે બળથી કૃપાના;
જેની કૃપાથી અથડામણ બંધ થાય,
એવાં ગુરુચરણમાં શિર આ સુહાય. ૨૮

* આડી અવળી

જેની કૃપાથી ભવસિન્ધુ જતો તરાઈ,
સંસાર હેતુ સમજાય કૃપાથી જેની;
જેની કૃપા રહિત કૈં કરી હું શકું ના,
એવાં ગુરુચરણમાં સ્તવનો ધરું આ. ૨૯

જે, જીવ ને અધમને જ ઉગારવાને,
કલ્પી શકાય નહિ એટલું દુઃખ વ્હોરે;
જેને ન તોય મુજ અંતર પૂરું ચાહે,
એવાં કૃપાચરણને શિર આ નમે છે. ૩૦

શાસ્ત્રોનું વાંચન ઘણું ઘણુંયે કર્યું શું !
બુદ્ધિથી દોડી ભ્રમમાં પડી 'હું' વધાર્યું;
જેની કૃપાથી ભ્રમમુક્ત થઈ શકાય,
એવાં ગુરુચરણમાં શિર આ સુહાય. ૩૧

જેની કૃપાથી મુજ દોષ બધા જણાયે,
જેની કૃપાથી સહુ વ્યક્તિ ગુરુ બને છે;
જેની કૃપાથી સહુ ભેદ જતા જણાય,
પ્રાર્થું 'ગુરુસરિતમાં ઉરથી ન્હાય.' ૩૨

અસ્તિત્વ હું-અધમને જ ઉગારવાને,
અસ્તિત્વ છે સ્વરૂપ જ્ઞાન કરાવવાને;
અસ્તિત્વ જેનું જીવનામૃત ઉર પાવા,
એવાં ગુરુચરણને સ્તવનો ધરું આ. ૩૩

જેનાં વખાણ કરવા મુજમાં ન શક્તિ,
જેનાં વખાણ કરવા મુજમાં ન ભક્તિ;
બુદ્ધિ અને મન પહોંચી શકે ન જેને,
એવાં ગુરુચરણને શિર આ નમે છે. ૩૪

વ્યાખ્યા ઘણી ગુરુતણી કરી રાખી'તી મેં,
જેનાં કૃપાબળ વડે પણ સૌ તૂટી તે;
જેનો પ્રભાવ કદી બંધન ન સ્વીકારે,
વંદું ગુરુચરણને કંઈ કોટિ વારે. ૩૫

જેને ન કોઈ પણ પામી શકે મતિથી,
કોઈ કળી નહિ શકે વળી ઇંદ્રિયોથી;
પોતે કૃપા કરી કરી હૃદચક્ષુ ખોલે,
એવાં કૃપાચરણને ઉર અંજલિ દે. ૩૬

જેની કૃપાથી બનવા ચહું એકતાન,
જેની કૃપાથી કરવા ચહું પુરુષાર્થ;
જેની કૃપાથી જીવવા ચહું એકમેળ,
એવાં ગુરુચરણથી જીતું વૃત્તિ ખેલ. ૩૭

જેની કૃપાથી બનવા ચહું હું સ્વતંત્ર,
જેની કૃપાથી બનવા ચહું એનું યંત્ર;
જેની કૃપાથી રટવા ચહું એક મંત્ર,
એવાં ગુરુચરણમાં ધરું મારું સ્તોત્ર. ૩૮

જેની કૃપાથી જગમાં રમતો ફરીશ,
જેની કૃપાથી વળી નિર્ભય હું રહીશ;
જેની કૃપાથી હૃદમાં સુરખી ભરીશ,
એવાં ગુરુચરણને વળગી રહીશ. ૩૯

જેનાં કૃપાચરણમાં ગળી હું શકું ને,
જેનાં કૃપાચરણને શકું સ્થાપી હૈયે;
તો તો જરૂર મુજ દેહ કૃતાર્થ થાયે,
તો એ ગુરુચરણને હૃદથી સ્તવાયે. ૪૦

ના છે ગુરુ શરીર, ઉરતણો સ્ફુરેલો,
એ ભાવ, પ્રાણ, બળ, શક્તિ સ્ફુરાવવા સૌ;
એ ભાવમાં સ્થૂળપણું ઉર છે ન ક્યાંય,
એ ધારણા ગુરુ થકી, કરું હું પ્રણામ. ૪૧

જે ધારણા હૃદય ભાવ ગુરુપણાની,
સ્ફુર્યા કરી, મન મને બકવે ચઢાવી;
તે ધારણા ફલિત સૌ મુજમાં થવાને,
માગું કૃપા, મુજથી તે બનવા પ્રયત્ને. ૪૨

જે ભાવના હૃદયમાં મુજને ઉગાડી,
જેણે કરાવ્યું દિલ ગદ્‌ગદ ભાવ પ્રેરી;
એ ભાવ દિલ ટકજો મુજ પ્રાર્થના છે,
એ ભાવથી ગુરુપદે ઉર આ પ્રણામે. ૪૩

‘ઊંડો જ નિર્ણય કરેલ મને જિવાડે,
તે પાળવા હૃદય ભાવ થકી મથાવે;
ના જંપવા જરીય દો કહીંયે’ કરું તે,
હું પ્રાર્થના હૃદયથી લળીને લળીને. ૪૪

છે ના ગુરુ શરીર સ્થૂળ ભરેલ ખોખું,
છે ભાવ એ પરમ કોઈ અગમ્ય ઊંડો;
એ ભાવથી હૃદય આશ્રયને લઈ હું,
ભાવે કરું ગુરુપદે નમવા પ્રણામો. ૪૫

માહાત્મ્ય આજ ગુરુભાવતણું ઘટ્યું જ્યાં,
એ ભાવના ફળવવા મન જાગ્યું શું ત્યાં !
આકાશનું કુસુમ તે નવ માનશો કો;
એની પ્રતીતિ કરવા કરું હું પ્રણામો. ૪૬

જો કોઈ હોય ગુરુ તે મુજમાં વસેલો,
એને થવા હૃદય જાગ્રત સાદ પાડું;
સૂતેલ શો મન-ગુરુ મુજમાં પડેલો,
એને હું તો જગવવા કરું છું પ્રણામો. ૪૭

મારો ગુરુ થઈ શકીશ હું પૂર્ણ જ્યારે,
ત્યારે થયા મુજ જશે સહુ કામ ભાવે;
એવો ગુરુ હું કરવા મનને જગાડું,
એને પ્રણામ કરી શુદ્ધ થવા મથાવું. ૪૮

ના જ્યાં સુધી મન બને મુજ ચિત્તશુદ્ધ,
ના જ્યાં સુધી મન બને મુજ પ્રેમશુદ્ધ;
ના જ્યાં સુધી મન બને મુજ ભાવમુગ્ધ,
હો ત્યાં સુધી મનગુરુપદમાં પ્રણામ. ૪૯

હું તો કૃપા મનતણી મુજમાં થવાને,
મારો થવા ગુરુ ચહું મનને લળીને;
એને અનેક રીતથી સમજી પટાવી,
શા લાવવા હૃદય યત્ન કરું પ્રણામી ! ૫૦

એના વિના ઠરી શકું નવ હું કદાપિ,
એના વિના લહી શકું નવ યોગ્ય કાંઈ;
એના વિના બની શકું નવ ભાવવાહી,
તેથી પ્રણામું મનને ગુરુ સ્થાપવાને. ૫૧

અધ્યાસ સર્વ અવળો મનને પડેલો,
મેળે ફીટી ક્યમ શકે વિણ યત્ન એ તો ?
એને હું તેથી ગુરુભાવપદે ચઢાવી,
પાટે બીજે ચઢવવા મથું, શીશ નામી. ૫૨

આચાર શા ઉર વિચારથી થાય હેઠ !
દોડ્યા કરે મન વિચાર કહીં જ ઠેઠ;
'આચાર આગળ વિચારથી થાય શ્રેષ્ઠ'
એ કાજ ઉરથી ચહું કરવા પ્રણામ. ૫૩

હૈયે સ્વતંત્ર બનવાતણી ધારણા જે,
એમાં પૂરું જ પરતંત્રપણું રહ્યું છે;
વર્તી શકાય પળનીય પળે જુદું ના,
એવું સ્વતંત્ર પદ શું ! ઠરવા નમું જ્યાં. ૫૪

'છે આ લખાણ નમનાર્થ જ શબ્દજાળ,
તોયે ફસાઉં નહીં તો બનું મુક્તજાળ'
વિશ્વાસ એમ પ્રગટ્યો દૃઢ યત્કૃપાથી,
એવાં ગુરુચરણથી બનું શો કૃતાર્થી ! ૫૫

જેનું નિરંતર હું ધ્યાન હૃદે ચહું છું,
જેનો નિરંતર વિચાર મને ચહું હું;
જેને નિરંતર સ્તવી સ્મરવા ચહું છું,
એવાં ગુરુચરણને ઉરથી નમું હું. ૫૬

❀

ગઝલ

૧

## કૃપા કરીને કૃપા કરીને કૃપાસિંધુ કૃપા કરજો.

જીવનનાં સર્વ કર્મોમાં હૃદય સદ્‌વૃત્તિ પ્રેરવજે,
પ્રપંચી વૃત્તિને પોષણ અપાજો ના કશા વિશે. ...કૃપા.

જગતવ્યવહાર સંબંધે પ્રભુ તુજ ભાવના હૃદયે,
રહે પ્રેરાયેલી એવું અમોને ભાન તું દેજે. ...કૃપા.

વિચારોના તરંગોમાં ડુબાતાં તું જગાવી દે,
જીવન સદ્‌ભાવના વિશે હૃદયરસ ચેતના દેજે. ...કૃપા.

બીજાના દોષદુર્ગુણને અમોથી ના વિચારાજો,
અમારા દોષ જોવાજો અને અમથી ન તે બનજો. ...કૃપા.

અમારામાં અમે પૂરા રહીએ જીવીએ સાચું,
પ્રભુ ! એવી રીતે અમને બધું સુઝાડજે, યાચું. ...કૃપા.

અમારામાં અમે પૂરા હૃદય એકાગ્ર કેંદ્રિત,
રહી શકીએ પ્રભુ ! એવી જીવનની આપજે પ્રીત. ...કૃપા.

અમે અજ્ઞાની ને મૂર્ખ કશો ના જાણીએ મર્મ,
પ્રભુ ! તુજ ચેતનાશક્તિ હૃદય પ્રેરાવજે ધર્મ. ...કૃપા.

જીવન સદ્‌વૃત્તિ વિચાર વળી સદ્‌ભાવનાથી જે,
બન્યા કરતું રહે વિશ્વે ખરો તે ધર્મ સૂઝવજે. ...કૃપા.

હૃદય સદ્‌વૃત્તિ વિચાર અને સદ્‌ભાવના વિના,
બને જે જે અમારાથી અધર્મ જાણવો તે ત્યાં. ...કૃપા.

રહ્યો સદ્‌વૃત્તિ વિચાર અને સદ્‌ભાવના વિશે,
જીવનનો ધર્મ સાચો જે અમારાથી પળાજો તે. ...કૃપા.

વિના તે ધર્મ કોઈ ના બીજો પ્રભુ ધર્મ સાચો છે,
પ્રભુ ! તે ધર્મમાં પ્રાણ જીવનમાં નિત્ય પ્રેરવજે. ...કૃપા.

નથી સદ્‌વૃત્તિ વિચાર કશો જેમાં ન સદ્‌ભાવ,
ભલે દેખીતું સાચું હો છતાં જાણો ન તે ધર્મ. ...કૃપા.

કદી અન્યાય કોઈને અમારાથી નહિ બનજો,
અમારા શ્રેયમાં પૂરા અમોને રાચતા કરજો. ...કૃપા.

કરે અન્યાય કો અમને છતાં એનું ભલું પૂરું,
વિચારાજો અમારાથી પ્રભુ ! એવું સદા માગું. ...કૃપા.

કૃપા કરીને કૃપા કરીને કૃપાસિંધુ કૃપા કરજો,
હૃદયથી યાચીએ તમને પ્રભુ ! સદ્‌ભાવ પ્રેરવજો. ...કૃપા.

તા. ૧૧-૪-૧૯૪૬

## ૨

## કૃપાશક્તિ પ્રભુની છે.

પ્રભુમય જો જીવન કરવા હૃદયની આશ ધારી છે,
થતું જે જે ધરી તેમાં પ્રભુને તે કર્યા કરજે;
મનાદિના સ્વધર્મોને ત્યજે તે રે' શરણ પણ તે,
અનુગ્રહથી બને, તેય કૃપાશક્તિ પ્રભુની છે.

ગળી અભિમાન માનવીનું જતું નથી જ્યાં લગી પૂરું,
હૃદયમાં ત્યાં લગી ભક્તિ પ્રગટશે કેમ કરી તે શું ?
વલણ, વૃત્તિ અને દૃષ્ટિ બનવવાને પ્રભુમય જે,
ધરે છે જાગૃતિ, તેય કૃપાશક્તિ પ્રભુની છે.

સમર્પણ જો થતાં શક્તિ ન નીપજે તો નકામું તે;
સ્મરણથી પ્રેમ સદ્ભાવ ન નીપજે તો નકામું તે;
જીવનની સર્વ ભૂમિકાતણાં સૌ માપલક્ષણ છે,
ખરે ! વિજ્ઞાનથી સાચી કૃપાશક્તિ પ્રભુની છે.

લઢણ જે જે પડેલી હો ન તે જો ફેરવાયે છે,
પ્રભુભક્તિ ગણો જેને તમારી તે નિરર્થક છે;
જીવન અધ્યાસનો ચીલો પડેલો જીવનો જે છે,
પૂરો બદલાય તો જાણો કૃપાશક્તિ પ્રભુની છે.

ચડે જ્યમ યજ્ઞની જ્વાળા સમર્પણ આહુતિ થાતાં,
અભીપ્સા જાગતાં એવી ખરે ! પલટાય મન દિશા;
જીવનમાં જ્યાં કૃપાશક્તિતણું તે અવતરણ થાતાં,
બને તે સર્વ સુલભ ત્યાં કરામત શી પ્રભુની છે !

હૃદયભાવે સમર્પણ જો કરંતાં જે જીવે જીવને,
જીવનની અટપટી પળમાં સહારો ઓર નીરખે તે;
કશાથી ના પડે પાછો પડે ના ક્યાંય અટકી તે,
જતો તે સોંસરો સહુની કરામત તે પ્રભુની છે.

નિયોજક ને વિયોજક તે સહુનો મૂળ સંયોજક,
સ્મરવું તેને નિરર્થક જો ન જાગે શક્તિ ઉર પ્રેરક;
જીવનનાં સર્વ પાસાંમાં કળા ખીલવાતણી ઊગે,
બનાવે સહસ્રમુખી એવી જીવનને, શક્તિ પ્રભુની છે.

સતત હરિઃૐની ધૂન કરે ચાલ્યા જીવનમાં જ્યાં,
પ્રભુ સત્સંગનો ભાવ રહે ના પાંગર્યા વિના;
જીવનનાં પ્રકૃતિ વહેણો કરે છે સર્વ બદલાયાં,
ખરેખર ! રોકડી એવી ગજબ શક્તિ પ્રભુની છે.

ચઢાવે પંગુને ગિરિ તે કરે છે મૂકને વદતો,
ગરીબને રાય બનવે તે નિરક્ષરને કવિ કરતો;
કરે ઊલટાનું સૂલટુંયે અને સૂલટાનું ઊલટું જે,
ન કલ્પી વર્ણવી શકશો લીલા એવી પ્રભુની છે.

મરીને જીવવાકેરો કરી નિશ્ચય હૃદય પાકો,
પૂરું જે ઝંપલાવે છે ખરેખર ! થાય તે બાંકો;
જીવનના યોગ ને ક્ષેમ પ્રભુ એવાતણા ચલવે,
ભજે એને ચલાવે છે લીલા એવી પ્રભુની છે.

તા. ૧૬-૭-૧૯૪૬

૩

## ખુવારી એ જ ખુમારી.

ખુવારીથી ભર્યો ભરચક પ્રભુનો પંથ ન્યારો છે,
ખુમારીમાં છતાં રાખે ખુદા કેવો સદા હૃદયે;

ખુદાને પ્રેમથી ચહાતાં હૃદયનો પ્રેમ ખૂટે છે,
છતાં ‘એને ચાહ્યા કરવું’ અમારું એ જ જીવન છે.

બધીયે માલ ને મિલકત જીવનનું ‘તે ચાહ્યા કરવું’
ચાહ્યા કરવામહીં અમને સમાયેલું બધું લાગ્યું;

‘ખુદાની બંદગી વહાલી’ જીવનશૃંગાર એ અમ છે,
જવું વારી ખુદા પર તે જીવનસૌભાગ્ય શું અમ છે !

અમારો તો ખુદા બંદો અમે એના વળી બંદા,
ખુદાતાલા નયનનૂર, અમારા તાર તો એના;

ખુદાઈ નૂરનાં ચશ્માં પહેરાવે જીવન જેને,
ચઢવવાને જીવનરંગ વટાવાનું બને એને.

ખુદાની તે પ્રસાદી છે, ખુદાનો પ્રેમ એમાં છે,
ગૂંદાવાનું ખુદા કાજે જીવનનું હાર્દ માન્યું છે.

સાયલા,
તા. ૨૭-૭-૧૯૪૬

૪

## જગતની સર્વ શોભા છે.

**તમારે ને અમારે શા પડે વાંધા, અરે ! શાને ?**
**કશું શું વહેંચવાનું છે ? અહં એનું જ કારણ છે.**

અહંને કોઈને તાબે ગમે ના સહેજ પણ રે'વું,
છટકવાનાં બધાં બહાનાં રહે તે ખોળતું કેવું ! ...તમારે.

સુઝાડ્યા તે કરે કૈં કૈં પલીતા શા મૂકે જુદા !
કંઈ આધાર ના હોય કરે તે એવું સુઝાડ્યા. ...તમારે.

રહે જે ચેતતો એનાં બધાં કરતૂકમાં પૂરો,
રહી તે એકલો સાવધ શકે શો જાગૃતિવાળો ! ...તમારે.

નથી મનનો કશો વાંક, નથી ચિત બુદ્ધિનો ક્યાંયે,
શરણતા કેળવાવાને રહે જે જીવતો, તેને. ...તમારે.

મનેંદ્રિયોતણાં કરણોતણા જે પ્રકૃતિધર્મ
શકે ત્યજી તે શરણ પામે બને તે પાપથી મુક્ત. ...તમારે.

ત્યજી શકશે મનેંદ્રિયોતણા તે ધર્મ ભક્તિથી,
રહે આરાધતો પ્રભુ જે કરંતાં કર્મ અંતરથી. ...તમારે.

પ્રભુને જીવતો રાખો કરંતાં સર્વ કર્મોમાં,
પ્રભુનો જીવતો ભાવ થશે તો વ્યક્ત પોતામાં. ...તમારે.

ખુમારી દિલની ત્યારે જીવનમાં પામશો કેવી !
મહાસમ્રાટથીયે તે મહાસમ્રાટની સુરખી. ...તમારે.

બધાં વર્ણન નકામાં છે જીવનની તે મજા આગળ,
નમેલાં ત્યાં બધાંથી ને તરેલાં સર્વની આગળ. ...તમારે.

થતું પોતાથકી સર્જન અને રક્ષાતું પોતાથી,
મરાતું જે અનુભવશો બધું તે સાથ પોતાથી. ...તમારે.

'જીવન પોતે' 'જીવનપોતે' બીજું કોઈ ન ક્યાંયે છે,
જીવન વિસ્તૃત તે વિશ્વ થયેલું લાગશે ત્યારે. ...તમારે.

જીવનની શી લીલા શક્તિ જીવનના વ્યક્ત બિંદુમાં
થતી રે' સ્ફોટ પોતે, તે કળા આવે અનુભવમાં. ...તમારે.

जीवन आनंद એવો તે મહાત્મા ધન્ય જે પામે,
जगत आधार એવો તે જગતની સર્વ શોભા છે. ...તમારે.

તા. ૨૮-૭-૧૯૪૬

૫

## માનવીપણું

થતી જે આકરી ટીકા જીવનનું માર્ગદર્પણ છે,
વિષમ પરિસ્થિતિ ઉન્નતિનું પ્રથમ તે તો પગથિયું છે.

'ગઈ પળ પાછી ના આવે' સમજી તે જીવવાકેરા,
થતા દિલના પ્રયત્નોમાં રહ્યો આનંદ સાચો ત્યાં.

ડૂબ્યાની ગૂંગળામણને ડૂબેલો એકલો જાણે,
ખરેખર સાવ બેઠેલો ઊભાનું દુઃખ શું જાણે ?

જગતમાં યંત્રની માફક જીવન જીવનાર તે પશુ છે,
સમજવામાં જીવનને સૌ રહ્યું છે માનવીપણું તે.

ઊઠે સંશય જીવનની તે ખરે નબળાઈનું લક્ષણ,
ફસાવે આપણી શંકા જ આપણને ખરેખર મન.

હૃદય દાનત થકી સાચી મહેનત સર્વ કરવાની.
ખરેખરી એ જ દોલત છે જીવનતાકાત વધવાની

પરિસ્થિતિ ઊપજ્યા વિના કરે વિચાર એનો જે,
પડે અથડાઈ ક્યાંનો ક્યાં જીવનદિશા ભૂલે છે તે.

જીવનના સૌ પ્રસંગો જે મળેલા હાલ સુધી છે,
ઘડાવા તેમહીં ગૂઢ પ્રભુનો હાથ કેવો છે !

રહેલો જો પ્રભુ લાગે જીવનપટ તાંતણે, તો તે,
જવાનો કેમ છુપાઈ, હવે ક્યાં ? દિલ સમજશો તે.

જીવનને લાવવા ઊંચું કર્યા એણે પ્રયત્નો છે;
પ્રભુએ તો જીવનમાં શા પ્રસંગો ઉપજાવ્યા છે.

સાયલા

તા. ૩૦-૭-૧૯૪૬

૬

## જીવનવ્યાપ્તિ પ્રભુમાં છે.

**હૃદય સંભારશે પ્રભુ જે પ્રભુ સંભારશે એને,**
**હૃદય સંભાળશે પ્રભુ જે પ્રભુ સંભાળશે એને. ...હૃદય.**

પ્રભુનો પાળશે હુકમ હુકમ એનો પ્રભુ પાળે,
બને તેનો પ્રભુ દાસ પ્રભુનો દાસ જે રે' છે. ...હૃદય.

પ્રભુનો રંગ જ્યાં લાગે બધું બદલાય છે ત્યારે,
નવાં ચશ્માં નવી દુનિયા ભર્યું ભર્યું સૌ નવું લાગે. ...હૃદય.

પ્રભુને જે કરે નિજનો પ્રભુ એને નવાજે છે,
પ્રભુને જે સ્વીકારે છે પ્રભુ એને સ્વીકારે છે. ...હૃદય.

પૂજારી પ્રેમનો પ્રભુ છે પ્રભુ તો પ્રેમ માગે છે,
દઈ દેતાં બધો પ્રેમ ન એથી તે ધરાયે છે. ...હૃદય.

ગણો જેને બધો પ્રેમ ન તે ત્યાં છે બધો પ્રેમ,
ગણતરી માનવીની શી અધૂરી ને અધૂરી રે' ! ...હૃદય.

અજીઠો પ્રેમ એને તો કશો ખપમાં ન આવે છે,
ગ્રહો તેથી તમે જે જે ગ્રહો પ્રભુને ધરાવી તે. ...હૃદય.

પ્રભુના યજ્ઞમાં જેઓ સમર્પણ આહુતિ દે છે,
ચઢે છે નૂર તે દેતાં પ્રભુને તે જ પામે છે. ...હૃદય

જીવનનું મધ્યબિંદુ ને જીવનત્રિજ્યા પ્રભુમાં છે,
જીવનનો વ્યાસ પ્રભુ તે છે જીવનવ્યાપ્તિ પ્રભુમાં છે. ...હૃદય.

જીવનને પ્રેમભાવેથી રીઝવવા નીકળ્યા છે જે,
પ્રભુને મૂકતાં વીલો ન એને ક્યાંય ગોઠે છે. ...હૃદય.

લગન જેને હૃદય એની પૂરેપૂરી જ પ્રગટે છે,
બધાં વિશે હૃદય એને લગનનો ભાવ જન્મે છે. ...હૃદય.

પ્રભુ વહાલો હૃદય જેને સહુથી શ્રેષ્ઠ લાગે છે,
મહત્ત્વ સર્વમાં એને પ્રથમ પંક્તિનું તે દે છે. ...હૃદય.

પ્રભુના ભાવ વિનાનું બધું કૈં તુચ્છ લાગે છે,
મળંતાં કર્મમાં ભાવ ધરી પ્રભુનો જીવે છે તે. ...હૃદય.

પ્રભુ વિના બીજું કાંઈ ન એને ક્યાંય સૂઝે છે,
જીવનસૃષ્ટિ પ્રભુકેરી રચાવી બસ રમે છે તે. ...હૃદય.

'નઠારું' 'સારું' એ ભેદ પ્રભુમાં તે ગળાવીને,
પ્રભુમાં સૌ સમાવે છે બધું જે જે મળે છે તે. ...હૃદય.

'બધી ક્રિયા જીવનમાંની હૃદય એકાત્મભાવેથી,
પ્રભુ હેતુ ફલિતાર્થે થતી રે' વ્યક્ત' તે ભક્તિ. ...હૃદય.

પ્રભુનો ભક્ત એવો તે હૃદય પ્રભુને બિરાજે છે,
જીવનમાધુર્ય રસથી શો ભરેલો નિત્ય જીવે તે. ...હૃદય

તા. ૩૧-૭-૧૯૪૬

૭

## નિર્ણયની યથાર્થતા.

### પ્રભુનો ખ્યાલ રાખી જે કરે એને મદદ દે તે.

કર્યા નિર્ણય પછી એને વળગી રે'તાં સ્વીકારે જે,
ભલેને મૃત્યુ આવેલું, તહીં આકાર નિર્ણય લે. ...પ્રભુનો.

કર્યો નિર્ણય ઉતારે છે જીવનની આરપારે જે,
જીવન શું તે અનુભવશે, ખરેખર એકલાં તે તે. ...પ્રભુનો.

હૃદયથી જે કર્યો નિર્ણય ભૂલે તેને ન ક્ષણ પણ જે,
કર્યે તે ભાવથી કર્મ, તમન્નાને જગાડે છે. ...પ્રભુનો.

જવાતાં આટફંટે જો જવાયે ચેતી પોતાથી,
ખરો નિર્ણય થયેલો તો ખરેખર જાણવો દિલથી. ...પ્રભુનો.

ભૂલે જે જે ક્ષણેક્ષણ તે હૃદય નિર્ણય શું સંભાળે ?
મરીને જીવવાનો જે ખરો તે મંત્ર શું જાણે ?. ...પ્રભુનો.

'અનન્ય શક્તિ શ્રમ કરવાતણી ભાવેથી'-તે બુદ્ધિ,
'અનન્ય ભાવને કર્મે પરોવે' - તે ખરી શુદ્ધિ. ...પ્રભુનો.

'જીવન છે કેવું પોતાનું અને કરવાનું કેવું છે,'
રહે જે ધ્યાનમાં તેને, બધું તેવો ઉકેલે છે. ...પ્રભુનો.

જીવનસાધક બને તેને જીવનમાં શક્તિ પાંગરશે,
જીવનનું મૂળ લક્ષણ તે જીવનથી જે પમાયે છે. ...પ્રભુનો.

થતાં સૌ કર્મમાં ધ્યેય જીવનનું સાચવે છે જે,
ખરેખર ભક્તિ લાગેલી જીવનની જાણવી એને. ...પ્રભુનો.

થતાં રહેતાં જીવન કર્મે પરોવે ભાવ પ્રભુનો જે,
પૂરાં વિશ્વાસ શ્રદ્ધાની થઈ નિષ્ઠા ગણો એને. ...પ્રભુનો.

પરિસ્થિતિ જે મળે તેમાં જીવનનો ધર્મ જાણે જે,
કરે તે ભાવથી કર્મ, ખરો નિશ્ચિંત જાણો તે. ...પ્રભુનો.

મળેલાં કર્મમાં જેને કશા ના ખ્યાલ જાગે છે,
કરંતાં કર્મ નિરાંત રહે, શાંતિ વરેલો તે. ...પ્રભુનો.

'નઠારું' કે ભલે 'સારું' મળંતાં જે જગત કર્મે,
મહત્ત્વ ભાવને દે ત્યાં ખરો ચેતેલ જાણો તે. ...પ્રભુનો.

મળે જે જે બધું એની ભૂમિકા નિજમાં રહી છે,
પ્રમાણી એમ જે વર્તે હૃદય **જ્ઞાની** બને છે તે. ...પ્રભુનો.

પ્રભુના ભાવના દોરે જીવનકેરા પ્રસંગોને,
પરોવ્યા જે કરે હૈયે, પૂરો **યોગી** બને છે તે. ...પ્રભુનો.

ગમે તેવું ભલે બનતાં જીવનના ધ્યેય ને કર્મે,
પૂરો આકાર દે ભાવે, હૃદયના **ધ્યાની** સાચા તે. ...પ્રભુનો.

તા. ૧-૮-૧૯૪૬

## ૮.

## હૃદય જે જીવવું જાણે પ્રભુ એને હકીકત છે.

મળંતાં કર્મ કરી ભાવે પ્રભુમાં મન પરોવે જે,
પ્રભુને જીવતો રાખી શકે નિજના જીવનમાં તે. ...હૃદય.

'ઊઠે જે જે વિચારો તે' કઈ નિજ સૃષ્ટિ બતલાવે,
ધર્યે ત્યાં ધારણા જીવનતણી, સૃષ્ટિ જ બદલાયે. ...હૃદય.

જીવનને પામવા જેઓ થયેલા છે કટિબદ્ધ,
કદી તેવા પડી રે' ના કૂંડાળે એકના એક. ...હૃદય.

જીવનની સર્વ શક્તિને હૃદયથી ખેંચી ખેંચીને,
જીવન પ્રગટાવવા ખર્ચે રહે ત્યાં જીવતો તે તે. ...હૃદય.

ગણ્યું વહાલું જીવન જેને ફના એની જ પછવાડે,
થયા જે જે કરે ભાવે ફનાનો યજ્ઞ સાર્થક તે. ...હૃદય.

જીવનનું સાચું સગપણ જ્યાં હૃદયથી બાંધ્યું હૃદયે છે,
શમવવા 'યત્નભાવે જે કરે' જીવન, ખરું સગું તે. ...હૃદય.

જીવનનું પ્રિય માનેલું જીવન સર્જાવવા કાજે,
ગણો એને ન જો પહેલું ગણ્યું વહાલું નિરર્થક તે. ...હૃદય.

જીવનના પ્રેમની ખાતર[૧] થતાં જેઓ ખરે ખાતર[૨],
કરે તે પ્રેમની ખાતર[૩] હૃદયની સાચી તે ખાતર[૪]. ...હૃદય.

---

૧. માટે. ૨. મરીને ભરવું. ૩. સંભાળ. ૪. માવજત.

હૃદય જેને વળગવાથી જીવનનું પ્રિય માન્યું છે,
રહે જો પ્રિયની યાદ પળેપળ પ્રિય તો તે છે. ...હૃદય.

ગ્રહ્યું સાધન, 'ન નીપજે જો કશું તેથી' નિરર્થક છે,
નકામાં વેવલાં જાણો જશે ફોગટ ખરેખર તે. ...હૃદય.

ગ્રહ્યું સાધન કમાવા જો કમાવામાં જ સાધન જે,
શકે પૂરેપૂરું ખર્ચી, ગ્રહ્યું સાધન સહેતુક તે. ...હૃદય.

ગણ્યું જેને હૃદય પ્રિય જીવનને તારવા કાજે,
થતું રે' પ્રિયનું ચિંતવન બધાં કર્મે, હકીકત તે. ...હૃદય.

હૃદયથી પ્રિય માનેલું 'બધાં એના સ્મરણ કાજે',
જીવનનાં કર્મ કરવાનાં સૂઝે એને, હકીકત તે. ...હૃદય.

ગણેલા પ્રિયના ભાવે જીવનને જે ન અજવાળે,
ગણેલું પ્રિય મિથ્યા તે કશું ના કામમાં આવે. ...હૃદય

'હૃદયના ભાવનું દર્પણ થતું જે કર્મમાં રે' છે,
થયા વિના ન રે' વ્યક્ત' કવિતા એ જ સાચી છે. ...હૃદય.

કવિતા એવી કરતાં જે જીવનના ભાવથી શીખશે,
જીવનને તોળી જાણે તે જીવનના ભાવથી તે તે. ...હૃદય.

તા. ૧-૮-૧૯૪૬

૯

## પ્રભુ તે એક સાચો છે, શરણ એને પૂરાં રહેજો.

અધમથીયે અધમ નીચ પૂરો એવો હૃદય ભાવ,
વિના જાગ્યા ન પામે તે ખરેખરું ભક્તિનું સ્થાન. ...પ્રભુ.

હૃદયની દીનતા પૂરી જીવનની નમ્રતા સાચી,
વિના પ્રગટ્યા, પ્રભુની ના હૃદય ભક્તિ પ્રગટવાની. ...પ્રભુ.

બધી વાતે હુંપદ જેનું ગળાયા ના કરે પૂરું,
પ્રભુને સ્વપ્નમાંયે તે કદી ના પામી શકવાનું. ...પ્રભુ.

મમતને છોડવા જેનું નથી મન જાગૃતિવાળું,
પ્રભુનો ભાવ સંગ્રહવા ન રે' તે લાયકીવાળું. ...પ્રભુ.

'ખરો કક્કો બધે જેમાં અને તેમાં થવા નિજનો,'
વલણ એવું ન બદલાવા કરે, તે ના બને પ્રભુનો. ...પ્રભુ.

'શરણતા કેળવાવાને કહેલું સર્વનું જે તે,
અમલ કરવું ચહે જ્ઞાને,' હૃદય એવો શરણ પામે. ...પ્રભુ.

સ્વભાવ જીવ વલણકેરો થતો રે' વ્યક્ત એ પોતે,
નવાં શાં રૂપ ધરી સૂક્ષ્મ ! શકે વિરલા જ જાણી તે. ...પ્રભુ.

રહે અક્કડ પૂરા જેઓ, રહે મુસ્તાક પોતા પર,
રહેશે ગાંગડુ તેવા ન જાણે તે પ્રભુ તલભર. ...પ્રભુ.

રહ્યાં નીચાં કરે જેઓ, ન એને કાંઈ વળગે છે,
પરંતુ જ્ઞાનભાવે જે, રહ્યાં નીચું કરે, સમજે. ...પ્રભુ.

પ્રભુના પદ વિના મમતા કશેયે જેની ના રે' છે,
પ્રભુને એકલા માત્ર ખરેખર મેળવે છે તે. ...પ્રભુ.

પ્રભુને ચાહવા જેને ચઢે ઉન્માદ જીવનમાં,
પ્રભુને પામવાનું તે શકે કરી લક્ષ કેંદ્રિત ત્યાં. ...પ્રભુ.

જીવનના ધ્યેયના જ્ઞાને ચહે છે જે જીવનપ્રિયને,
જીવનપ્રિયમાં પરોવે તે હૃદય ભાવે, જીવન પામે. ...પ્રભુ.

ખરે એવી રીતે ચાહતાં જીવનપ્રિયને કશુંયે તે,
બગડવાનું તમારું ના, ભરોસો રાખજો પ્રીતે. ...પ્રભુ.

જીવન વિકસાવવાકેરું જીવનપ્રિય એ જ સાધન છે,
શમવવા ચિત્ત, મતિ, પ્રાણ, अहं, મન, તે મળેલું છે. ...પ્રભુ.

ઝબોળાઓ પૂરાં એમાં ઊછળતા પ્રેમ ઉત્સાહે,
વળાંકો જે ઊઠે મન તે વળાવ્યા પદ કરો તે તે. ...પ્રભુ.

બધું જોયા કરો નિજનું, ઊઠે જોવા જીવનપ્રિયને,
કદી મન, તો જરૂર જુઓ જીવનને ત્યાં રચવવાને. ...પ્રભુ.

તા. ૧-૮-૧૯૪૬

## ૧૦
## હૃદયસર્વસ્વ જાણીને પ્રભુ સ્વીકારજો ભાવે.

મજૂરી જે કરે તેવું કશુંક તો તે કમાયે છે,
કરેલી તો મજૂરી ક્યાં જવાની વ્યર્થ શી રીતે ? ...હૃદય.

કહેલું માનતાં એનું અધિકારી તમારો જે,
રહે રાજી તમારા પર, ખરે તેવું પ્રભુનું છે. ...હૃદય.

પ્રભુને જો ચહો વરવા જીવનસર્વસ્વ એ કાજે,
ખપાવાનું કરી જાણે વરે એવો જ એને તે. ...હૃદય.

થયા જેના પરે ફીદા રહે ચોંટેલું મન તેમાં,
જીવનની તે હકીકત છે જીવનનાં સર્વ પાસાંમાં. ...હૃદય.

મનસ્વી રીત જેની છે, મનસ્વી પ્રાણ જેના છે,
પ્રભુને શી રીતે તેવા મનસ્વી જાણનારા છે ? ...હૃદય.

પડે રસ જેમહીં તેમાં ગૂંથાયેલું રહે મન તે,
રહો બસ ચિંતવને તેથી ખરો રસ મન પ્રગટવાને. ...હૃદય.

હૃદય એકાગ્ર ભાવેથી થતું એવું સ્મરણ રે'તાં,
જીવનનાં સર્વ કર્મોમાં, થયા કરશે છતો શો ત્યાં ! ...હૃદય.

થવા એવું જીવન જેણે લીધેલું પ્રેમઆલંબન,
કર્યા એને કરો જીવતો થતાં સૌ કર્મને અંતર. ...હૃદય.

હૃદયનો પ્રેમનો ભાવ બને જ્યાં જીવતી શક્તિ,
જીવનમાં તે પળે સાચી બને છે ચેતના ભક્તિ. ...હૃદય.

પ્રભુના જો પૂરેપૂરા થવાનું દિલ જાગ્યું છે,
પ્રભુને રીઝવો કર્મે હૃદય જન્માવીને એને. ...હૃદય.

પ્રભુને એકધારો જે હૃદયથી સંકળાવે છે,
જીવન વિસ્તાર પ્રભુનામાં હૃદય તે સંપડાવે છે. ...હૃદય.

'હૃદય વહાલું' ગણી ગણીને હૃદયનો પ્રેમ એના પર,
જઈને વારી ઉમળકે કર્યાં કર્મે કરો રસભર. ...હૃદય.

થતું જે જે રહે સઘળું થવા ભક્તિ પ્રભુની તે,
મળેલું જાણી અંતરમાં, કરો રસ મસ્ત ભાવે તે. ...હૃદય.

જીવન સત્‌ચિત્‌નું વ્યક્તત્વ, જીવન તો વ્યક્ત આનંદ,
પ્રભુ સાક્ષાત્ જીવન તે તહીં જીવન પ્રભુ-ખાવિંદ. ...હૃદય.

તમારામાં રહેલો છે પ્રભુ પોતે પૂરી રીતે,
પ્રસંગો આપતા રે'જો થયા કરવા પ્રગટ એને. ...હૃદય.

સકળ જડ ચેતને ગૂઢ રહેલો, વ્યક્ત બનવા તે,
અધીરો શો બનેલો છે ! સહજ લક્ષણ જીવનનું તે. ...હૃદય

તા. ૧-૮-૧૯૪૬

## ૧૧

## જીવનનો ભાવ પ્રભુ એ તો, ભજો ભળવા પ્રભુમાં તે.

મળે જેવું જીવનસાધન થકી તે કામ લેવું છે,
જીવન તે કામ લેવાની હૃદયવૃત્તિ રહેલી છે. ...જીવનનો.

થતું રે’ કામ જે રીતે હૃદયની રીત તેવી છે,
જીવનના હાર્દને ક્યાંયે ન મર્યાદા કશીયે છે. ...જીવનનો.

પકડમાં જે રીતે આવે કરી તેવી પકડ સાધન,
જીવન સંચાર કરવાને જીવન આધાર તે સર્વ. ...જીવનનો.

સમજમાં ને જીવનમાં જો, જરા તે વર્તને ઊંચું,
અવાયે, રીત સર્વેની ખરે ! ત્યાં જુદી જુદી શું ! ...જીવનનો.

‘નઠારું’ જો ગણે લોક રહે ત્યાં ઈશની શક્તિ,
નઠારાનોય આધાર લઈ શકશે પ્રભુશક્તિ. ...જીવનનો.

નઠારાને નઠારું તે ન માનો કોઈ રીતિએ,
નઠારાને નઠારી તે રીતે ના ભોગવો ક્યાંયે. ...જીવનનો.

નઠારાને લઈ તાબે પૂરેપૂરું જીવનતત્ત્વે,
રૂપાંતર તો થવા એને અનેરી શક્યતા ત્યાં છે. ...જીવનનો.

પડ્યો જે એમનો એમ રહે એને જગવવાને,
થવા મંથન કશી રીતે પ્રભુએ મહેર કીધી છે. ...જીવનનો.

મીંઢું થઈને પડી રહેવાતણી તે તો દશા બૂરી,
ચીલો તે તોડવા કાજે રીતો તે લે અનેરી શી ! ...જીવનનો.

હૃદય નિકટપણું પૂરું થયા વિના ખરું સાચું,
પરસ્પર ઉર સુમેળ શકે જાગી કઈ રીત શું ? ...જીવનનો.

ન હાલ્યાં તે કદી હાલે, ભરેલાં ઠેરનાં ઠેર,
અરે ! શેં સાંખી લેવાનું બને તે એમ ને એમ ?. ...જીવનનો.

ગમે તે કોઈ રીતિએ હૃદયમંથન ભલે જાગે,
થતાં મંથન થકી જીવન પ્રગટવાનું પ્રગટશે તે. ...જીવનનો.

તમોને આટલાયે તે કર્યા ખુલ્લા પ્રભુની તે,
કૃપા સાક્ષાત્ કેવી છે ! મુબારક હો ! મુબારક તે. ...જીવનનો.

પ્રભુની પ્રાપ્તિ કરવામાં જીવન એણે ગળાવ્યું છે,
પ્રભુ વિના બીજી રીતે ન વહેવા તે કશે દેશે. ...જીવનનો.

જીવનમાં ખાતરી એવી કરાવી છે પ્રભુએ તે,
રહી નિશ્ચિંત શો મસ્ત ફર્યા જેથી કરું જીવને ! ...જીવનનો.

તમેયે સૌ મળેલાં છો કૃપા એમાં પ્રભુની છે,
મળ્યાંની તે જીવનકક્ષા મથવશે લાવવા ઊંચે. ...જીવનનો.

પ્રભુના ભાવમાં જીવન ગળાવાનું બને જો તે,
ન ક્યાંયે કલ્પના જાગે કશાનીયે જીવનમાં તે. ...જીવનનો.

તા. ૧-૮-૧૯૪૬

૧૨

## પ્રભુને ચેતતો રહેવા અનુકૂળતા કરી દેજે.

વિષમ સંજોગમાં જેને હૃદયના આર્દ્ર ને આર્ત,
પુકારો પાડવા પ્રભુને સૂઝે, એને મળે હામ. ...પ્રભુને.

હૃદયથી પ્રાર્થનાનાદ થયેલા ગળગળાભાવે,
પ્રભુ તો સાંભળ્યા વિના રહે છે ના કદીયે તે. ...પ્રભુને.

જીવનના ધ્યેયને આડે નડ્યા જ્યાં જ્યાં કરે કશુંયે,
પ્રભુને સાદ દેવાનું કરો ત્યાં ત્યાં હૃદયભાવે. ...પ્રભુને.

વિરોધી તો બળો ઊભાં થવાનાં નિશ્ચયે જીવને,
શકો વારી તમે જેવું હૃદય ત્યમ શક્તિ કેળવશે. ...પ્રભુને.

નડ્યું જ્યાં લાગતું કૈંક હૃદય ઊભા થઈ ત્યારે,
તપાસી નિજને પૂરું પ્રભુની દાદ માગોને. ...પ્રભુને.

પડી ત્યારે ન રહેવાનું કદીયે ધારવું સહેજે,
અણીવેળા જીવનની તે હૃદય સમજી ખડો રહેજે. ...પ્રભુને.

પ્રભુ ના વેગળો ક્યાંયે જીવનસંબંધ જેને છે,
કરંતાં યાદ તે આવે તમારી સહાયમાં પ્રેમે. ...પ્રભુને.

પ્રભુની સાથ કેળવવો હૃદયનો પ્રેમનો ભાવ,
પ્રભુસંબંધ જીવંતો બને શો તેથી પ્રત્યક્ષ ! ...પ્રભુને.

જગત અસ્તિત્વ જેવું છે રહેલું આપણું લાગે,
ખરે ! એના થકી અધિકું પ્રભુ અસ્તિત્વ ભારે છે. ...પ્રભુને.

પ્રભુને રો' નિકટવર્તી પ્રભુનો ખ્યાલ રાખીને,
જીવન જીવવાનું જે કરશે પ્રભુ એને સમીપે છે. ...પ્રભુને.

બધીયે વાતમાં એનો હૃદય આધાર લેવાનું
સૂઝે, એને હૃદયમાંહી મળે છે પ્રેરણાબળ શું ! ...પ્રભુને.

જણાવ્યા સર્વ કૈં કરવું પ્રભુને નિજનો ગણીને,
પ્રભુથી ના થવું અળગું જરી કો વાતમાં ક્યાંયે. ...પ્રભુને.

કશે અતડું રહેવાતાં પ્રભુથી જાગજો હૈયે,
હૃદય પ્રગટાવી તે વાતે ઊંડું શૂળ, દો જણાવી તે. ...પ્રભુને.

હૃદય પ્રત્યક્ષ અંતરનો ખરેખર યામી કેવો છે !
અનુભવ આવતાં એવો હૃદય તેને નમે છે તે. ...પ્રભુને.

પ્રભુ પોતે થવા વ્યક્ત જીવનમાં સર્વના વાંછે,
થવાને વ્યક્ત, એને દો હૃદયથી ભૂમિકા, ભાવે. ...પ્રભુને.

પ્રભુને આડખીલી ના થવા દો કોઈ પણ રીતે,
પ્રભુને ચેતતો રહેવા અનુકૂળતા કરી દેજે. ...પ્રભુને.

તા. ૨-૮-૧૯૪૬

૧૩

## હૃદય લગની પ્રભુ સાથે બધી વાતે લગાડી દો.

થતું જે જે રહે તેમાં પ્રભુને યાદ કરવાનું,
હૃદય જેને ગમે તેને પ્રભુ પોતે છતો કેવો ! ...હૃદયઃ-

હૃદયસંબંધ જીવનનો પ્રભુની સાથ જીવંતો,
ખરો શો કેળવાયે છે કહેવાતાં બધી વાતો ! ...હૃદયઃ-

પ્રભુને પાસ જે જાણે પ્રભુથી કેમ તે અળગો,
કઈ રીતે થઈ શકશે ? ભલા વિચારી તે વર્તો. ...હૃદયઃ-

નથી એને કશું નડતર, કશું જો હોય તો તે છે,
બધુંયે આપણું નડતર કર્યા રાખેલું અધ્યાસે. ...હૃદયઃ-

પ્રભુ તો ચેતનાશક્તિ રૂપે જડચેતને રહે છે,
પરિણામો જીવનમાં તે નવાં શાં ઉપજાવે છે ! ...હૃદયઃ-

નવું જે ઊપજ્યા કરતું પ્રભુ પ્રગટાવવાને તે,
મળ્યું કારણ, હૃદય સમજી વરતવું ત્યાં હૃદયભાવે. ...હૃદયઃ-

જીવનનાં વર્તનો જે જે થતાં રે' जीव સ્વભાવેથી,
તણાતાં ત્યાં ન રહેવાનું પૂરા સાવધ રહી ચેતી. ...હૃદયઃ-

છતાંયે જો તણાવાયે પ્રભુને સાદ પાડો ત્યાં,
હૃદયના સાલતા દર્દે, મદદ પ્રત્યક્ષ પોતે ત્યાં. ...હૃદયઃ-

વલણનો સામનો કરવા જીવંતું યુદ્ધ આપે છે,
મદદ પ્રભુની હૃદય લે જે સદા એવો જીત્યા કરશે. ...હૃદયઃ-

પ્રભુને હારવાનું ના કશેયે કોઈનાથી છે,
પ્રભુને ભાગવાનું ના કશેથી કોઈનાથી છે. ...હૃદયઃ-

પ્રભુને તો હૃદય જાણો સમર્થ શ્રેષ્ઠ સૌથીયે,
મદદ પ્રત્યક્ષ કરી એની અનુભવમાં ઊતરજો તે. ...હૃદયઃ-

જીવનપથમાં જરૂર આવે નવાં કૈં કૈં રૂપો લૈને,
જીવનની પ્રકૃતિ કેવી ! ઉકેલી ના શકો એને. ...હૃદયઃ-

પ્રભુને તેથી બધી વાતે જીવનસાથી બનવજો તે,
સદા સાથે અને સાથે હૃદયમાં રાખજો એને. ...હૃદયઃ-

પ્રભુનો એ રીતે ભાવે હૃદય સંબંધ કેળવતાં,
જતાં તે કેળવાતાં શો બને પોતે હકીકતમાં ! ...હૃદયઃ-

કઈ રીતે હું સમજાવું 'પ્રભુ પ્રત્યક્ષ પોતે છે,'
'જીવનમાં ભાગ લેવાને ઉમળકો એહને શો છે' ! ...હૃદયઃ-

છતાં વિશ્વાસ શ્રદ્ધાથી હૃદયના શુદ્ધ ભાવેથી,
પ્રભુને સોંપી દેતાં ના જીવન કાં માનવી કોઈ ? ...હૃદયઃ-

તા. ૨-૮-૧૯૪૬

૧૪

## જીવન-સંગીતકળા હૃદયે પ્રગટવા પ્રાણ ચેતવજો.

જગત એ તો કળા ભવ્ય રસીલી ભાવ માધુર્યે
-ભરી અદ્‌ભુત શી લાગે ! થતું મનમુગ્ધ ત્યાં શું તે ! ...જીવન.

હૃદય એવું કળા કાવ્ય જીવન સંગીત ઉદ્‌ભવવા,
જીવન આ માનવીકેરું મળેલું સાર્થ તે કરવા. ...જીવન.

કળા સોળે શી જીવનમાં રહેલી સૂક્ષ્મ ભાવે તે,
પ્રભુમય ભૂમિકા બનતાં થતી પ્રત્યક્ષ પોતે તે. ...જીવન.

કળામાં તો જીવન જેને પ્રગટતું ઉર લાગે છે,
જીવનમાં સૌ કળા તેને અનુભવ ઊગતી આવે. ...જીવન.

કળામાં રંગ સર્વેનો પૂરો ઉપયોગ કેવો છે,
નકામો રંગ ના કોઈ કળા સંપૂર્ણ છે જેને. ...જીવન.

થયા વિના પૂરો એવો કળાનો ભક્ત ચિતારો
બગાડી મૂકશે ચિત્ર ગમે તે શ્રેષ્ઠ હો રંગો. ...જીવન.

ગમે તેવો કળાકાર પૂરેપૂરો બન્યો હોય,
છતાંયે તે કળાટોચે પહોંચી ના શકે છેક. ...જીવન.

કળા જીવનતણી એવી પમાતાં તે પમાતાં શી
-કળાતી સૂક્ષ્મ રે' પોતે ! કળાયાં, તે છતાં આઘી ! ...જીવન.

પૂરો સંપૂર્ણ માનીને જીવનમાં વર્તશે જે કો,
કળા તે મેળવી તેમાં કળાકૌશલ્ય ખૂએ શો ! ...જીવન.

પરંતુ જે કળા પ્રભુમય જીવનની શીખવા કાજે,
પ્રભુ જેવા કળાકાર પદે શરણે ઢળેલો છે;
પ્રભુને તે બગડતાં કૈં ઊઠીને સાદ પાડે છે,
પ્રભુ એનું કૃપા કરીને બગાડેલું સુધારે છે. ...જીવન.

પ્રભુની તે કળા શીખવામહીં કલ્યાણ સૌનું છે,
હૃદય આમંત્રણો દઉં છું. સ્વજનને શીખવા કાજે. ...જીવન.

રસીલું હાર્દ જીવનનું કળાને પ્રીછવા કાજે,
પહેલાં તો પડે કરવું મઠારીને મઠારી તે. ...જીવન.

ચિતારો જે થવા ઝંખે કળાના જે શીખે પાઠ,
ખૂબી એવા કળાકારતણી પ્રીછી શકે કોક. ...જીવન.

હશે સંગીતનો દર્દી સૂરે ઊઠેલ સંગીતના,
હૃદય પિછાનશે ભાવ બીજાને શી ગતાગમ ત્યાં ! ...જીવન.

કલેવર કાવ્ય કે રાગ ન સંગીતને પૂરું થાય,
અધૂરાં કેમ તે જાણે ? જીવન સંગીત શું વ્યાપ્ત ! ...જીવન.

તા. ૨-૮-૧૯૪૬

૧૫

## કળા પ્રભુમય થવાકેરી હૃદય લગની થવા દેજે.

જીવન ઊંડાણમાં ઊતરી શકે જેઓ પૂરેપૂરા,
હૃદય જે આવતી કાલતણી સમજે જ આકાંક્ષા;
જીવનના ધર્મસંસ્કાર પચાવ્યા છે પૂરા જેણે,
નવું નિર્માણ જીવનનું કરી તેવા શકે ત્યારે. ...કળા.

સદાચાર જીવન શુદ્ધ, જીવનપાવિત્ર્ય ભાવોનું,
-થતાં, સૌ આકલન ત્યારે થશે પ્રત્યક્ષ જીવનનું. ...કળા.

'ભર્યા વિકૃતિથી જીવને જીવનને ત્યાં સમજવાને,
નહિ કૈં શક્યતા રે',' તે પિછાને સત્ય, તે ચેતે. ...કળા.

કળા પ્રત્યેકમાંથી તો સુસંવાદિતપણું જાગે,
કળામાં સૌ જીવનકેરી કળા સર્વોપરી તે છે. ...કળા.

વિસંવાદ થતો ઊભો જીવનમાં નીરખાયે જો,
કળા જીવનતણું મૃત્યુ થતું જાણી તહીં ચેતો. ...કળા.

બગાડે વિકૃતિ જન્મી જીવનસાર્થકપણાને શી !
હૃદય ચેતેલ જે રહે તે જીવનની સંસ્કૃતિ પામે. ...કળા.

જીવનની તે કળા મંગળ બધુંયે ઉપજાવે છે,
જીવન સર્જન થતું રહે ત્યાં જીવનનું આપમેળેયે. ...કળા.

જીવનની તે કળા શીખવા જીવન જે એમ કેળવશે,
જીવનસૌંદર્યની શોભા જીવનપીંછીથી ચીતરશે. ...કળા.

રસીલું ચિત્ર જીવનનું મહા કોઈ કળાકાર
-શકે ચીતરી બને ધન્ય, બનાવે શાં અવર ધન્ય ! ...કળા.

કળા તે એમની એમ ન કોઈને જ સાંપડતી
તપશ્ચર્યા પૂરી માગી હૃદય લે, તે કળા એવી. ...કળા.

હૃદય ઉમંગ ઊછળ્યો છે નદીનાં પૂરના જેવો
કળાને પ્રાપ્ત કરવા રે' મથ્યો, મંડ્યો, ખૂંપ્યો તે શો ! ...કળા.

નયનમાં એહને ઊગે થતી શી વિકૃતિ ચિત્રે,
સુધારી આપ પોતે લે, સુધારીને વધે કામે. ...કળા.

થયેલો જે કળાકાર થતો રહેલો કળાકાર,
રહ્યો ત્યાં ફેર બન્નેમાં સમજશે કોક જે ગૂઢ. ...કળા.

રસિક સૌંદર્ય શોભા છે કળામાં શી સમાયેલી !
જીવન વિકસાવશે એવી રસિકતા ભાવજન્મેલી. ...કળા.

જીવન શું આવરી લે છે કળા જે જે બધીયે તે
જીવનમાં સૌ સમાયેલું જીવન તેવે પ્રવેશે જે. ...કળા.

તા. ૨-૮-૧૯૪૬

૧૬

## ચરણકમળે પ્રભુકેરાં હૃદય લગની લગાડોને.

કશું નડતું કહીં લાગે શિશુ જે એકદમ ત્યારે,
પુકારે માતને, તેમ હૃદય આમંત્રજો પ્રભુને. ...ચરણઃ-

થયા જે જે કરે છે તે જીવનના સર્વ વ્યવહારો,
પ્રભુને વ્યક્ત કરવાને જીવન અભ્યાસ કેળવજો. ...ચરણઃ-

ગમે ત્યાં બાળ છો રમતું છતાં ત્યાં રે' જનનીભાવ,
હૃદયમાં ભાન એવું તે થતાં કર્મે ધરો ચેતન. ...ચરણઃ-

કદી ચેતન ભલે એવું ન રાખી જો શકો હૈયે,
ભુલાતાં ત્યાં પ્રભુને તો હૃદય બોલાવજો વહારે. ...ચરણઃ-

કશું પોતાની મેળે તે રહી મુસ્તાક પોતા પર,
પૂરા કાબેલ ધારીને ન કરવાનું ચહો કર્મ. ...ચરણઃ-

લૂલો જે લાકડી વિના ભરી ડગ કેમ તે શકશે ?
ભલા ! તો કૈંક વિચારો, ઊડ્યા અધ્ધર કરો શાને ? ...ચરણઃ-

જીવનનું પાંગળાપણું ને લૂલાપણું શું હજીયે તે
-તમારે ખ્યાલ ના'વ્યું કે ? તમોને શું થયેલું છે ? ...ચરણઃ-

ફગાવાથી ગમે તેમ ચરણને ના સ્થળે પહોંચો,
જીવનને પહોંચવા કાજે જીવને લક્ષ કૈં રાખો. ...ચરણઃ-

'થતું જેવું રહે ચિંતવન જીવનની સૃષ્ટિ તે બનશે'
કબૂલે છે મતિ તે પણ છતાં ના કોઈ ત્યમ વર્તે. ...ચરણઃ-

ભલા ! ફરિયાદ તો મારે નથી કરવાની કોઈને,
હૃદયનું દર્દ જે સાલે પ્રભુપાદે બકાવે તે. ...ચરણઃ-

પ્રભુ મારો હૃદયવહાલો જીવનનો માત્ર આધાર,
જરૂર પડતાં બધું કરશે હૃદય છે એમ વિશ્વાસ. ...ચરણઃ-

ભલે ફાવે તમોને તે ભમ્યા કરજો, ફર્યા કરજો,
હું તો મારે થતું મુજને ચરણમાં સોંપી ફરવાનો. ...ચરણઃ-

પ્રભુ વહાલો જીવન મુજને અનેરી રીતથી શીખવે,
કૃપા એની પ્રભુએ કે મને નિમિત્ત દીધાં છે. ...ચરણઃ-

ઘડાવાની હૃદય લગની ભલે લાગો ન લાગો કે,
પ્રભુ જોનાર બેઠો, જે હજારો હાથવાળો છે. ...ચરણઃ-

હૃદયની પ્રાર્થના તમને હૃદયના પ્રેમને કદીયે
થશો ના બેવફા ફાવે ગમે તેવું બને તોયે. ...ચરણઃ-

જીવનનું શ્રેય પરિણામ થતું, અનુભવ નિહાળીને
હૃદયના પ્રેમનો ભાવ ઊછળવા દ્યો ઉછાળીને. ...ચરણઃ-

તા. ૨-૮-૧૯૪૬

૧૭

## ભિખારીની દયા જાણી ઘટે તો ટુકડો દેજો.

હૃદયની માગણીકેરો ઊઠે જ્યાં તીવ્ર પોકાર,
પ્રભુ સંતોષવા એને થતો પ્રત્યક્ષ તે વેળ..ભિખારીની:-

રમકડે બાળ જ્યાં સુધી રમ્યા કરતું રહે છે તે,
ન માતા ત્યાં લગી જુએ કદીયે બાળની સામે..ભિખારીની:-

પરંતુ સૌ રમકડાંને અપેક્ષા શી ધરી માની !
ફગાવી દૈ રડે ત્યારે શિશુ લે બાથમાં માડી..ભિખારીને:-

રચેલાં ને પચેલાં શાં રહ્યાં કરતાં તમે નિજમાં,
નિમિત્ત એ રીતે જીવતાં મળે કેવી રીતે પ્રભુમાં..ભિખારીની:-

હૃદય ના યાદ આવે છે રસીલો તે પ્રભુ વહાલો,
ન આકર્ષણ થતું લાગે પછી તે કેમ જીવે તો ?..ભિખારીની:-

ઝનૂની ધૂન જીવનમાં જીવન વિશેની પ્રગટાવો,
સ્વજનને પ્રાર્થના કરવાતણો છે એટલો દાવો..ભિખારીની:-

જીવન શું 'ધૂળ' જાણો છો જીવન કે વેડફી દો છો ?
અરેરાટી હૃદયમાં કાં ઊઠે ના કોઈનેયે તો..ભિખારીની:-

જીવનનો ભાવ કેળવવા જીવનના પ્રાણ સૌ દેજો,
જીવનની શક્તિનું ખાતર પૂરા પ્રેમે ભર્યા કરજો..ભિખારીની:-

સ્મરાવીને હૃદય અંતર જીવનનું પામવા અંતર*
થતાં સૌ કર્મની અંતર ભરો સૌ પ્રેમ નિરંતર..ભિખારીની:-

---

* હાર્ટ.

‘થવા તે પ્રેમને કાજે ફના જીવનતણા ભાવે
થયા કરવાનું હૈયામાં’ લગન એવી લગાડોને..ભિખારીની:-

ભિખારી જે રખડતો’તો જીવનના બારણે તેને
તમે બોલાવીને શાને રહેવા દો ભૂખ્યો એને ?..ભિખારીની:-

તમારી બૂમથી એ તો ખરે બોલાવિયો આવ્યો,
હવે ટટળાવતાં શાને ? ઊભો કાં ખાલી રાખ્યો શો ?..ભિખારીની:-

હજી ખપ્પર રહેલું છે પડેલું ખાલીખમ કેવું !
નજર એમાં રહેલી શી ! સ્વજનને સાદ પાડ્યે શું ?..ભિખારીની:-

ન હાલે કે ન ચાલે છે ન તેઓ ફેરવે પાસું,
ભિખારીને ઊભો રાખી અરે ! ઘોર્યા કરે છે શું ?..ભિખારીની:-

ભિખારી કેમ પાછો તે હવે આંગણ થકી જાયે ?
હવે તો આર કે પાર, થવાનું જે ભલે થાયે..ભિખારીની:-

‘તમારે આંગણે અડ્ડો જમાવીને પડ્યું રહેવું,
ભલે નાખો, ન નાખો કે’ અમારું એટલું કહેવું..ભિખારીની:-

તા. ૨-૮-૧૯૪૬

૧૮

## પ્રભુકેરી પ્રસાદીને ઉમળકાથી ગ્રહેવાજો.

જીવનની ભાવસર્જકતા થતાં સૌ સાર્થ લાગે છે,
નકામું ક્યાંય એને ના કશુંયે લાગતું રે' છે. ...પ્રભુઃ-

કુશળ કોઈ કળાકારતણા હાથે ભર્યા ભાવે,
મહા સુંદર અતિ ભવ્ય હશે દોરાયેલું જે તે;

ખૂબી એની પૂરી યોગ્ય ન અણઘડને કશી બેસે,
લપેટા આમ ને તેમ ખરે ! દોરેલ તે જાણે. ...પ્રભુઃ-

પ્રભુના ભાવસર્જનની ખૂબી કોઈ ઉકેલે જે,
પૂરો ગરકાવ તે એમાં બનીને મુગ્ધ શો વર્તે ! ...પ્રભુઃ-

જરાક શું જે લીટા જેવું ભલે લાગે છતાંયે શો
સમગ્રે ચિત્રસૌંદર્યે રહેલો ભાગ ત્યાં એનો ! ...પ્રભુઃ-

સમગ્ર ચિત્રથી રેખા જુદી કોઈ ન રીતે છે,
*સહુ કોઈતણું મૂલ્ય રહેલું ચિત્રમાં તે છે. ...પ્રભુઃ-

પ્રભુના દિવ્ય ને રમ્ય મહાસૌંદર્યથી ભરિયું,
જીવનસર્જનમહીં ક્યાંયે નકામું ના જડે શોધ્યું. ...પ્રભુઃ-

પરંતુ માનવી જીવન પ્રભુમય શ્રેષ્ઠ સૌ વાતે,
પૂરું પ્રભુતોલમાં કેમે ન આવી તે શકે ભાવે. ...પ્રભુઃ-

---

* સહુ કાંઈતણી શોભા રહેલી ચિત્રમાં તે છે.

કરી શકવો હૃદય દાવો ‘પ્રભુના ભાવ જીવનનો,
-પૂરેપૂરો થયો સાર્થ’ ન શોભાસ્પદ ખરે જાણો. ...પ્રભુઃ-

જગતના માનવી આગળ ન કિંતુ તે રહે પામર,
પ્રભુનાં એકલાં ચરણે રહે તે ભાવથી પામર. ...પ્રભુઃ-

નકામું જે જડે મારું મને સુપરત કરી દેજો,
નકામું જે તમારું હો સમૂળગું કાઢવા મથજો. ...પ્રભુઃ-

નકામું જે જડે મુજ, તે તમે કહેતાં મને રે’જો,
તમારો પાડ માનીશ, જો સ્વજન સાચાં થયાં કરશો. ...પ્રભુઃ-

પરોવો ચિત્ત કાં બીજે ? તમારામાં પરોવીને
-તમારું શોધવા જે તે મથ્યા કરજો હૃદય ભાવે. ...પ્રભુઃ-

તમારે ના કશું જોવું તમારું જે નકામું છે,
પછી ગોદાટવું શાને બીજાને ? રે ! ભલા ! કહોને. ...પ્રભુઃ-

ભલે તો તેમ હો જે તે પ્રસાદી શી પ્રભુકેરી !
નકામું તેય ના, શોભા રહી પ્રભુ ચિત્રમાંહીની. ...પ્રભુઃ-

સ્વજનકેરા હૃદયમાંના પ્રભુને ગોતવા પૂંઠે,
મળેલી તે પ્રસાદી છે, પ્રસાદી ધન્ય શી તે છે ! ...પ્રભુઃ-

તા. ૨-૮-૧૯૪૬

## ૧૯
## પ્રભુને સાથ રહેવાને પ્રભુની પ્રાર્થના કરજો.

થતાં કોઈ ચિત્તમાં વૃત્તિ થતી રે' વ્યક્ત મનમાં તે,
પ્રભુમાં લાગતી લગની જીવનમાં તેમ તે પ્રસરે. ...પ્રભુનેઃ-

કશુંયે ના સ્થિતિસ્થાપક, છતાં રે' ઠામનું ઠામ,
પ્રકૃતિ પ્રેરણાશક્તિ ચલાવે પ્રકૃતિ સર્વ. ...પ્રભુનેઃ-

થયેલાં માનવી મૂઢ જીવનની પ્રકૃતિમાંહી;
-ઠરાવી ઠેરના ઠેર, ભમાવે ચાકડે કેવી ! ...પ્રભુનેઃ-

ભ્રમાવાતાં હૃદય જાગે 'ભ્રમાવે તે અરે ! કોણ ?'
કર્યા ચિંતવન હૃદય એનું કરે, તે પામતાં પ્રાણ. ...પ્રભુનેઃ-

વલણ સૌ પ્રકૃતિમાંના પ્રભુની શક્તિ જે જુએ,
હૃદય તે શક્તિને ભાવે સ્તવે, તે શક્તિને પામે. ...પ્રભુનેઃ-

'તમારું' પાસ ઊભું છે છતાંયે યાદ ના એને,
જીવનમાં આવવા સહાય કરો, તો તો કરે શું તે ? ...પ્રભુનેઃ-

પ્રભુની શી કૃપાશક્તિ મહા સામર્થ્યવાળી છે !
છતાંયે કાં પ્રભુને તો કરે ના યાદ માનવી તે ? ...પ્રભુનેઃ-

અરે કાં માનવી ભૂલે કરેલા ઉપકારોને,
પ્રભુને વ્યર્થ શો ખાલી નકામો તે વહેવા દે ? ...પ્રભુનેઃ-

હૃદયના પ્રાર્થનાભાવે થઈને ગળગળા પૂરા,
પ્રભુને તો સ્મર્યા કરતાં મળે શી શક્તિ જીવનમાં ...પ્રભુનેઃ-

જીવનનો શો મહામૂલો પ્રયોગે* તે કરી જુઓ,
હૃદયમાં લાધશે સાચું અનુપમ શક્તિનું બળ તો. ...પ્રભુનેઃ-

કરી જોવાતણાંયે તે, હૃદયમાં એટલાંયે તે,
ભર્યાં છે પ્રાણ, બળ ના શું ! પડ્યાં ખાલી રહી જીવે ! ...પ્રભુનેઃ-

તમારા ચાલવામાંયે પ્રભુ તો ચાલશે સાથે,
કૃપા કરીને ડગલું ભરવા હૃદય સાહસ ચલાવોને. ...પ્રભુનેઃ-

પ્રભુના પંથનું કામ ખરેખર ! મર્દનું છે તે,
ધરે હિંમત પ્રભુ એને હૃદય હિંમત ખરી દે છે. ...પ્રભુનેઃ-

પ્રભુને હામ એ રીતે જીવનમાં આપતો પેખે,
અનુભવ એ થતાં દિલમાં પ્રભુમાં તે જ પ્રેરાશે. ...પ્રભુનેઃ-

પ્રભુ એ તો નકામો ના, નકામાં આપણે છીએ,
પ્રભુના પ્રેમનું દર્દ હૃદય લાગ્યે, પ્રભુ પ્રીછે. ...પ્રભુનેઃ-

પ્રભુને તેથી જીવનમાં મહત્ત્વે લૈ સ્વીકારીને,
મદદ એની લીધા કરજો પ્રભુને યાચી યાચીને. ...પ્રભુનેઃ-

તા. ૨-૮-૧૯૪૬

---

* Experiment અને प्र+योग બેય અર્થમાં

૨૦

## પ્રભુને પામવા કાજે હૃદય ચેતન લગાડી દે.

ભૂલી સઘળું, હૃદય મસ્તી ભરેલી ભાવભક્તિથી,
પ્રભુને યાચવાનું તે કર્યા કરજો ઉમળકાથી ...પ્રભુનેઃ-

પ્રભુને બાપુ ! ના છોડો, પ્રભુને પ્રેમથી પકડો,
થતાં સૌ કર્મની અંતર પ્રભુના ભાવને જકડો ...પ્રભુનેઃ-

પ્રભુને ઉરમાં રાખી પ્રભુ સાથે કરો પ્રેમ,
હૃદયમાં જાગતાં પ્રેમ પછી એનો જુઓ ખેલ ...પ્રભુનેઃ-

પ્રભુ તો પ્રેમ માગે છે પ્રભુ તો ભક્તિ માગે છે,
બધી રીતે જીવનનું તે સમર્પણ સર્વ માગે છે. ...પ્રભુનેઃ-

પ્રભુ તો પ્રેમ જીવનને ભર્યું ભર્યું શો કરી દેશે !
જીવન માધુર્યના રસથી રસાયેલું જ પ્રિછાશે. ...પ્રભુનેઃ-

રહે મળતા પ્રસંગોમાં પ્રભુને પ્રીછતાં રહીને,
પ્રભુની સાથ જીવનની કરી દો ગોઠડી પ્રેમે ...પ્રભુનેઃ-

પ્રભુને કાકલૂદીથી હૃદયની કાલી બોલીમાં,
રીઝવવાનું કર્યા કરજો, પ્રભુ ધરી અંતરે મનમાં. ...પ્રભુનેઃ-

પ્રભુ સાથે હસો બોલો રમ્યા કરજો પ્રભુ સાથે,
લડાવીને પટાવીને પ્રભુને ગેલ કરજોયે ...પ્રભુનેઃ-

જીવન જે તેમહીં પ્રભુને કશી કોઈ પેરવીથી તે,
વણી લેજો, વણી લેજો, ચરણ તે પ્રાર્થના તમને ...પ્રભુનેઃ-

કશું અવળું થતું પ્રભુને, કશું સવળું થતાંયે તે,
પ્રભુને યાદ લાવીને કહ્યા એને કરો તે તે ...પ્રભુનેઃ-

જીવનના ધ્યેયના ભાવે કરંતાં કર્મને રહેજો,
પ્રભુનું ત્યાં સ્મરણ કરીને પ્રભુને જીવતો કરજો ...પ્રભુનેઃ-

જીવે જે જીવ સ્વભાવે તે પ્રભુ જીવનમહીં મડદું,
ભલા ચેતી જરા ઊંચું કરી શિર, જીવજો સાચું ...પ્રભુનેઃ-

પ્રભુનામાં જીવો પ્રેમે પ્રભુનામાં મરો પ્રેમે,
પ્રભુના એક વિચારે જીવનમાં વર્તજો ભાવે ...પ્રભુનેઃ-

પ્રભુનો હાથ પકડી લો હૃદય એના સ્મરણબળથી,
કરે જે એમ ઊઠવાનું પ્રભુ એનો જીવનસાથી ...પ્રભુનેઃ-

અકળ કોઈ અજબ રીતે પ્રભુ કર આપતો એને,
પ્રભુને કેમ ભૂલે તે મળે અનુભવ જીવન એને ? ...પ્રભુનેઃ-

અકળ એની કળામાં તે હૃદયથી વારી વારીને,
સ્વીકારીને સ્વીકારીને પ્રભુને, ધન્ય થાયે છે ...પ્રભુનેઃ-

તા. ૨-૮-૧૯૪૬

૨૧

## સ્વજન વહાલાં ! સ્વજન વહાલાં ! હૃદયનાં પ્રાણપ્યારાં છો,

સ્વજન વહાલાં ! સ્વજન વહાલાં ! હૃદયનાં પ્રાણપ્યારાં છો,
જીવન આધાર ટકવાને મળેલાં ધન્ય કેવાં છો ! ...સ્વજનઃ-

જીવનને વ્યક્ત કરવાને ભૂમિકારૂપ પોતે છો,
જીવનને પ્રીછવા કાજે અનુભવમાં મળેલાં છો. ...સ્વજનઃ-

સ્વજન વહાલાં હૃદયબળ તે મને છે જીવવા કાજે,
જીવનની પ્રેરણા કાજે મળેલાં તે પ્રસાદી છે. ...સ્વજનઃ-

જીવન પ્રેરાવવા જીવને જીવનના તે અનુભવને,
અનુભવની ભૂમિકામાં કરાવાને મળેલાં છે. ...સ્વજનઃ-

ગુરુનું ઋણ ચૂકવવા, પ્રભુનું ઋણ ચૂકવવા,
મળેલાં તે મને, કેવી કૃપા પ્રભુએ કરેલી ત્યાં. ...સ્વજનઃ-

જીવનના ધર્મનો ભાગ મળેલો જે મને ભાગે,
કરી ચૂકવા બધું મુજને પ્રભો ! પ્રેરાવતો રહેજે. ...સ્વજનઃ-

સ્વજનની દોષભૂમિકા નીરખવાનું હૃદય મુજ તે,
સદા કર્તવ્ય, તેથી તે સ્વજન ચેતાવવાનાં રે' ...સ્વજનઃ-

સહેવો તો પડે તેથી સ્વજનનાં સૂક્ષ્મ અંતરનો
-અતિશય ઉગ્ર વિરોધ, પીવો એને પડે કેવો ! ...સ્વજનઃ-

પીધેલું શંકરે ઝેર હળાહળ, શી હકીકત તે,
અનુભવવા જીવનમાંહી ! મળેલાં છે સ્વજન મુજને ...સ્વજનઃ-

જીવન પ્રગટાવવા કાજે મળે જે, તે પ્રસાદી છે,
સ્વજન અમૃત સરીખડાં તે હૃદયમાં વહાલસોયાં છે ...સ્વજનઃ-

ઘડાયે જે રીતે જીવન સ્વજનને પ્રેમ કરવાનો,
હૃદયનો પ્રેમ તો ટાંકે કરી ઘા ટાંકણા જેવો... સ્વજનઃ-

પિછાને, નવ પિછાને કે, હૃદય પરવા ધરે ના તે,
મળેલાં ધર્મ કર્તવ્યે કૃપાથી તે અચળ રહેશે. ...સ્વજનઃ-

સ્વજન છો ભાગતાં મનથી, સ્વજનને ના ગમું છો હું,
રુચવવા એમનું મુજને ભળાવેલાં પ્રભુએ શું ? ...સ્વજનઃ-

સ્વજન વહાલાં ! તમારામાં જીવન જીવવા મને તક દો,
વિના સદ્ભાવ ને પ્રેમ ટકાતું ના, ખસાયે, તો ...સ્વજનઃ-

હૃદયમાં દર્દ શું સાલે ! વસે કોને હૃદય એ તો ?
સમજ એની પડે કોને ? છતાં ફરિયાદ ના કો'ને ...સ્વજનઃ-

બધી ફરિયાદ કરવાની કળા પ્રભુએ દીધી, એને,
કરાવું સંભળાવ્યા તે, ઘટે સૌ યોગ્ય કરશે તે. ...સ્વજનઃ-

તા. ૨-૮-૧૯૪૬

૨૨

## પ્રભુને મન કરી વહાલો લગન એની લગાડી દો.

જીવનના ધર્મના ભાવે મળંતાં સર્વ કર્મોને,
જીવન ચેતાવવા કાજે કરે જે, તે પ્રભુ પામે ...પ્રભુને:-

જીવનથી ના કશે જુદો પ્રભુ ક્યાંયે વસેલો છે,
જીવનમાંહી પ્રભુને જે કરે પ્રગટાવવા, પામે ...પ્રભુને:-

જીવનમાં જે મળ્યા કરતું જીવનનો ધર્મ એમાં જે,
-પ્રીછીને, ભાવ ત્યાં ધારે પ્રભુને તે પિછાને છે. ...પ્રભુને:-

જીવનના કર્મથી ભાવ પ્રભુનો ના જુદો ક્યાંયે,
ધરે છે ભાવ ઉત્કટ જે મળ્યાં કર્મે, પ્રભુ પામે. ...પ્રભુને:-

જીવનસંગ્રામમાં જે કો પ્રભુના ભાવથી ઝૂઝશે,
તૂટે તોયે ઝઝૂમીને કરે વળગ્યા, પ્રભુ પામે. ...પ્રભુને:-

જીવનના એક પાસામાં જીવનનાં સર્વ પાસાંને,
કરવવા ભાવ સુમેળ ચહી મથતો, પ્રભુ પામે. ...પ્રભુને:-

કર્યા આરંભ કેડે જે ગમે તેવું બને તોયે,
લીધેલું ના મૂકી દે છે જીવન જે ત્યાં જુએ, પામે. ...પ્રભુને:-

થવા નિરાગ્રહી પૂરું થવા આસક્ત પદકમળે,
રહે છે જેનું મન જીવતું પ્રભુને તે જ પામે છે. ...પ્રભુને:-

પ્રકૃતિ-દ્વંદ્વ-રચનાંતર રહેલી ચેતનાધારે
-થતાં કર્મો વિશે પ્રભુને કરે પ્રેર્યા, પ્રભુ પામે. ...પ્રભુને:-

વિસંવાદે જગતના જે રહ્યો અંતર સુસંવાદ,
હૃદય તે પ્રીછી, તે ભાવે જીવે તેવા પ્રભુ પામે. ...પ્રભુનેઃ-

પ્રભુની ભાવના ધારણ કરે રાખ્યા હૃદય જીવતી
-હૃદયની પ્રેમ ભક્તિથી, પ્રભુને તે ખરા પામે. ...પ્રભુનેઃ-

સમર્પણ જે કર્યા કરતો હૃદય ભક્તિ અને જ્ઞાને
પ્રભુથી યોગ ને ધ્યાને રહે વળગ્યો, પ્રભુ પામે. ...પ્રભુનેઃ-

પ્રભુને સાદ દૈ દૈ ને જીવન મુશ્કેલીમાં તરવે,
પ્રભુની સહાય લૈ અંતર જીવે સાચું, પ્રભુ પામે. ....પ્રભુનેઃ-

અહંતા સર્વ ઓગાળી હૃદયમાં જે બને નમ્ર,
હૃદયની એકનિષ્ઠાથી કરે ભક્તિ, પ્રભુ પામે. ...પ્રભુનેઃ-

સકળ જડચેતને વસતો પ્રભુને તે પ્રમાણે જે,
બધાં સાથે જીવન વર્તે પ્રભુને એ જ પામે છે. ...પ્રભુનેઃ-

તા. ૨-૮-૧૯૪૬

૨૩

## સદા નીરખ્યા કરો ઊંડું જીવનમાંનું તમારું તે.

પડે જ્યાં જ્યાં કશી ગૂંચ, પ્રભુનું ત્યાં સ્મરણ કરજો,
હૃદય નિર્બળપણું લાગે, પ્રભુને સાદ ત્યાં કરજો ...સદાઃ-

તૂટંતો ઉરનો નિર્ણય હૃદયથી ચેતી પ્રભુચરણે
-ઊંડી 'ધા' નાખજો, અંતરતણા ઉદ્ધારને કાજે ...સદાઃ-

જીવનસંગ્રામને દેખી કરી હઠવા કરે મન જો,
હૃદય બોલાવજો પ્રભુને ઠરવવા દૃઢપણે ત્યાં તો ...સદાઃ-

કશા નિર્બળપણામાં જો જણાઓ આવરાતાં તો,
ન બેસી હાથ જોડી રો' કરી મહેનત પ્રભુને કો' ...સદાઃ-

'કરે છે જે મદદ નિજને, પ્રભુ એને મદદ કરતો'
જીવનનો તે અનુભવ છે પછી ફરિયાદ શેની તો ? ...સદાઃ-

હૃદય સદ્‌ભાવ ને પ્રેમ પરસ્પર જાગતો જો રે',
કશુંયે ના કવાણું ત્યાં શકે પેસી બીજી રીતે ...સદાઃ-

મને ગરદન નકામો કાં સ્વજન માર્યા કરો જીવને,
પડેલું કેવું કેવું તે તમારામાંનું જુઓને ...સદાઃ-

જીવનનું શ્રેય કરવામાં પડ્યો પાછળ રહેલો તે,
કરો નડતર તહીં શાને ? અમે તમ શું બગાડ્યું છે ? ...સદાઃ-

જીવન વ્યવહારમાં રહેતાં જીવનની ઉચ્ચ સમજણથી,
ડહાપણ તો બતાવ્યું છે પ્રભુએ કોઈક નિમિત્તથી ...સદાઃ-

પરસ્પર જે મળેલાંનો જીવનનો ધર્મ શો યોગ્ય
તમોને શીખવેલો છે, પ્રભુએ તો રૂડી રીત ...સદાઃ-

ઊંડી સમજણ બીજી રીતોતણી જીવન વિશે પ્રેરી,
બધું પાણી વિશે નાખી અરે ! રગદોળવું શાથી ? ...સદાઃ-

તમારું કાંઈએ લીધું નથી એણે કશું ક્યાંથી,
અરેરે ! તોય શાને આ પછી પંચાત શી ઊભી ? ...સદાઃ-

થયેલા રૂક્ષ વર્તનને કરો શું તે ચીંધ્યા મુજને,
રહ્યું જે તેનું કારણ કાં તમોમાંનું ન જુઓ તે ? ...સદાઃ-

ઊગે સ્વીકાર પ્રતિકાર મળેલાં વર્તનેથી તે
-જીવનમાં સૂઝ પ્રેરવવા, જીવનનો ધર્મ એવો છે ...સદાઃ-

થયેલા સર્વ વર્તનને જુએ જે નિજના જીવને,
મળી કારણ રહેશે ત્યાં નીરખતાં સૂક્ષ્મતાથી તે ...સદાઃ-

અમે જેવા છીએ તેવા પ્રભુના એકલાના તે,
જીવન બંદા રહેવાના ભલેને આભ તૂટ્યેયે ...સદાઃ-

તા. ૩-૮-૧૯૪૬

૨૪

## પ્રભુનું એકલું ચિંતવન થતાં કર્મે કર્યા કરજો.

નિરાંતે જંપવા દેવા ન કોઈને મને ફુરસત,
ન ગોદાટાય જો તમને, ન લ્યો ત્યાં હાલવા મહેનત ...પ્રભુનું:-

અરે ! ગોદાટતાંયે જે ઉઠાડાતાં ન ઊઠે છે,
કરવવા એમ જ્યાં બનતું ફૂંફાડા મારી ઊઠે તે ...પ્રભુનું:-

'હૃદય પ્રેરાવવું મંથન' થયેલું જે જીવનલક્ષણ
શકે વર્તી બીજી રીતે કશે ના જીવને ક્ષણ પણ ...પ્રભુનું:-

ગુરુપ્રભુએ જીવનમાં જે રીતે પ્રેરાવિયો મુજને,
રહી શો સૂક્ષ્મ અંતરથી કૃપા તે વાપરે જીવને ! ...પ્રભુનું:-

જીવનની વૃત્તિઓ સઘળી મળેલી શક્તિ સાધન તે,
જીવન ચેતાવવા કાજે જીવન ઉપયોગી તે તે છે ...પ્રભુનું:-

મહત્ત્વે જીવતો ખ્યાલ રહે જેને જીવનનો તે
નકામું ના જવા દે તે લઈ ઉપયોગ તેનો લે ....પ્રભુનું:-

પરિસ્થિતિ જેમ જે ઊગે રહે તે તેમ વર્તતો,
જીવનના ધ્યેયને ખૂંપવા, બીજો ના સાર એનો તો ...પ્રભુનું:-

કરી ઊંડું નિરીક્ષણ ત્યાં જીવનમાંનું જ પોતાનું,
જડે એને બધું સુતરું ઉકેલાતું જતું નિજનું ...પ્રભુનું:-

અરે ! ઊલટાં સ્વજન વહાલાં ગુમાવે સ્વસ્થતા ત્યાંયે,
ઉઠાવી શા નવા તુક્કા ભર્યા કચરો કરે શાને ? ...પ્રભુનું:-

જીવનનો સ્થૂળ કૈં સ્વાર્થ થયેલા જે પરિચયથી
કશોયે લાગતો હોય જણાવી સ્પષ્ટ દો દિલથી ...પ્રભુનું:-

અરે ! આખર ભલા હુંય જમીન પરનો જ માનવી તે,
થતાં કૈં દોષમાંયે તે ન હેતુ ત્યાં બૂરો હૈયે ...પ્રભુનું:-

કરો છો કૈંકને માફ, જવા દો કૈંકનું ઊંધું,
મને કાં એકલાને તો જવા દો ના તમે સીધું ...પ્રભુનું:-

તમારા પાલવે હું તો પડેલો છું જીવન કાજે,
નિભાવી લો, નિભાવી લો, હૃદયની પ્રાર્થના તમને ...પ્રભુનું:-

ચિતારો, શિલ્પી, સુથાર, કડિયો, ખેડુ, લુહાર.
ઘડવવાને જીવનને ત્યાં થવું પડવાનું રે'શે જ ...પ્રભુનું:-

કરાવે સર્વ જે જે કૈં, જીવનનો હેતુ ત્યાં પ્રીછો,
પ્રીછી હેતુ ઘડાવાને જીવનને, ચેતના ધરજો ...પ્રભુનું:-

થવાતાં કૈંક ત્યાં ઊંધું હશે જો શુદ્ધ હેતુ તે
બગાડેલું પ્રભુ પાછો જરૂર સુધારી લેશે તે ...પ્રભુનું:-

તા. ૩-૮-૧૯૪૬

૨૫

## જીવનનો એ ફિરસ્તો છે, જીવનનું પ્રેરણાબળ છે.

પ્રભુનો ભાવ ધારીને પ્રભુને જે સ્મર્યા કરશે,
જીવનને એ રીતે ઘડતાં ન એને ક્યાંય ઊંધું છે. ...જીવનનોઃ-

જીવનને ખોતરી ખાયે જીવનમાંનું બધું જે જે,
નિહાળી અંદરે એને પૂરા ચેતે, સજીવન રે'. ...જીવનનોઃ-

જીવન મુશ્કેલીઓ આવે હૃદયથી સામનો કરતાં,
જીવન પ્રેરાવશે બળ તે નવી શક્તિ કરે પેદા. ...જીવનનોઃ-

જીવનની ભક્તિ એ તો છે પરાક્રમી નરપુરુષકેરી,
ન જો તેવા ગુણો પ્રગટે કરેલી ભક્તિ ફોગટ શી ! ...જીવનનોઃ-

ઝઝૂમવા પહાડ સામેય ઊભેલા જે જીવન આડે,
ચઢે છે શૂર નસનસમાં ખરો તે મર્દ માનવી છે ...જીવનનોઃ-

જીવનની પાયમાલી તે શકે સાંખી કઈ રીતે ?
મરણને શું ગણી વહાલું ન જંપી બેસી તે રે'શે. ...જીવનનોઃ-

ઊકળશે આગની જેમ ખસેડાતાં ન અવળું જે,
કરીને કામ જંપે તે જીવનશક્તિ વધારે છે. ...જીવનનોઃ-

હૃદય જ્વાલાગ્નિની પેઠે ભભૂકતો તે રહે અંતર
-થવા સામે નડેલાંની રહે તે દૃષ્ટિ નિરંતર. ...જીવનનોઃ-

વિરોધી બળ ભલે જાગે ઊંધું ને તે ઊંધું ચીંધે,
છતાંયે માર્ગ કાઢી ત્યાં જીવનને યોગ્ય માર્ગે લે. ...જીવનનોઃ-

જીવનનો એક લડવૈયો ખરેખર ! એ જ સાચો છે,
ઊભી થતી ગૂંચ ઉકેલી બધાંને સાન પ્રેરે તે. ...જીવનનોઃ-

જીવનના ધ્યેયની સામે જુદાં જુદાં બળો કેવાં
-ઊભાં થઈ સામટાં મૂંઝવે! છતાં તે ધીર શો રહે ત્યાં. ...જીવનનોઃ-

મહા શૂરવીર ભક્તની જે જીવન મર્દાનગીને તે,
ભલે પડકાર દેશે સૌ છતાં તે જીતવાનો છે. ...જીવનનોઃ-

પ્રભુને ચિંતવી હૃદયે રટણ એનું કરી કરીને,
હૃદય સામર્થ્યથી એના જીવે, પોબાર એના છે. ...જીવનનોઃ-

પરિસ્થિતિમાં ભળી પૂરું, પરિસ્થિતિથી રહી અળગું,
હૃદય અવલોકી ડગ ભરતો ઉકેલી તે શકે સઘળું ...જીવનનોઃ-

જીવે છે આજમાં ઊભી કરીને કાલને હૃદયે,
નવું નિર્માણ જીવનનું કરી નિશ્ચય શકે જીવને. ...જીવનનોઃ-

પ્રભુનો પાડ માનો કે પ્રભુએ મોકલેલો છે,
જીવનનો એ ફિરસ્તો છે, જીવનનું પ્રેરણાબળ છે. ...જીવનનોઃ-

તા. ૩-૮-૧૯૪૬

## ૨૬

## પ્રભુની દિવ્ય ને ભવ્ય કળા શી રમ્ય અનુભવવા,

જીવન સંધ્યા પ્રભાતે શી સૂરજની મુગ્ધ ઉષાના,
નવા ચેતનભર્યા રંગો હૃદય મલકે નિહાળી શા ! ...પ્રભુનીઃ-

છતાં સંધ્યાની પછવાડે રહ્યું છે ઘોર અંધારું,
પ્રકાશેથી જીવી એને પછી ચિંતા શી જે મળતું. ...પ્રભુનીઃ-

પ્રભાતની પૂંઠળે છોને રહેલું ઘોર અંધારું,
ન પરવા ત્યાં ધરી એને પ્રકાશે તે જીવ્યા કરતું. ...પ્રભુનીઃ-

જુએ છે નિજની સામું ગયેલું સર્વ અજવાળું,
છતાં શી મસ્તી ! જેણે તો પ્રકાશેથી જીવી જાણ્યું. ...પ્રભુનીઃ-

પૂંઠળનો માર્ગ કેવો તે ભરેલો અંધકારે છે,
છતાં ઝાંખાં કિરણથી શી જગાડી મસ્તી જીવે તે ! ...પ્રભુનીઃ-

પ્રકાશેથી જીવે એને ન અંધારાતણો ભય રહે,
જગતનાં માનવીને શો અહા ! તે બોધ દે બન્ને ...પ્રભુનીઃ-

જીવનની સંસ્કૃતિ જેણે તપશ્ચર્યા થકી જાણી,
મળેલું સત્યસૌંદર્ય મૂક્યું શું સૂક્ષ્મ પ્રતીકોથી ...પ્રભુનીઃ-

જીવનગાથા ઉકેલી છે બધા કુદરતતણા રંગે,
કરી વર્ણન મૂક્યું એમાં રહસ્ય ગૂઢ મળિયું જે. ...પ્રભુનીઃ-

મળ્યા જીવન પ્રસંગોમાં હતો ખપ જેમનો, એને
-જીવન આરાધનાભાવે સ્તવ્યાં છે શાં ઋષિઓએ ! ...પ્રભુની:-

સ્તુતિગાથા વિશે એવી જીવનનાં સત્ય ઉકેલે,
-મળેલાં તે રહસ્યો શાં ! તહીં અદ્‌ભુત વણેલાં છે. ...પ્રભુની:-

બધાં વર્ણન કરેલાં તે ઉપરથી જોઈ લેવાતાં,
ન કૈં ત્યાં દિવ્યતા લાગે, ન ત્યાં કૈં સૂક્ષ્મતા લાગે. ...પ્રભુની:-

જીવનનું આખરી સત્ય અનુભવમાં મળ્યું જે જે,
મૂક્યું અક્ષરમહીં સંજ્ઞારૂપે કેવું ખરેખર તે ! ...પ્રભુની:-

રહેલું સ્થૂળમાં સૂક્ષ્મ, હૃદય તે સૂક્ષ્મમાં ચેતન,
હૃદય ચેતનની સાંકળ તે હૃદયમાં સંકળાઈ છે. ...પ્રભુની:-

સકળ જડચેતને વ્યાપ્ત રહ્યું શું એકનું એક,
છતાં તે વ્યક્તતામાં તો જુદું જુદું બધું છેક. ...પ્રભુની:-

વિવિધતા સૂક્ષ્મ જીવનની* નિરાળી શી નિરાળી છે !
વિવિધતામાં છતાં પાછું રહેલું એક કેવું તે ! ...પ્રભુની:-

નજીવામાંથીયે જેને જીવનનું કૈંક સમજાયે,
જીવનની ગૂઢતા રમ્ય સમજવા શી મઝા એને ! ...પ્રભુની:-

પ્રભુની દિવ્ય ને ભવ્ય કળા શી રમ્ય અનુભવવા,
જીવન જે એ રીતે જીવે જીવન પામે રસાત્મકતા. ...પ્રભુની:-

તા. ૩-૮-૧૯૪૬

---

* જીવનમાં

૨૭

## ચરણકમળે ઢળી પ્રભુને કૃપા માગ્યા કરો જીવને.

કૃપાવર્ષા વરસતાં શી નવી લીલોતરી ઊગે,
રઢિયાળી બને ધરતી જીવન આહ્‌લાદપ્રેરક તે. ...ચરણઃ-

તપેલી કારમી ભૂમિ બને શીતળ રૂંવે રૂંવે,
શીતળતા તે અનુભવવા જીવન તપવું જરૂરી છે. ...ચરણઃ-

થતી વર્ષા ન ત્યાં કેવું હૃદય એને બધાં ઝંખે,
ખરે ! એ ઝંખના મૂળ થતાં વરસાદકેરું છે. ...ચરણઃ-

કશું કૈં ઝંખના વિના મળે ના કોઈનેયે તે,
હૃદયમાં ઝંખના જેવી જીવન તેવે પ્રવેશે તે. ...ચરણઃ-

પ્રભુની ઝંખના હૈયે જીવન ચેતાવવા કાજે,
પ્રભુના ભાવથી કર્મો કર્યાં કરતાં ઊગે છે તે. ...ચરણઃ-

પ્રભુની ઝંખના ઉત્કટ જીવન પ્રેરાવવા કાજે,
પ્રભુનો પ્રાર્થનાભાવ ઉતારે કર્મ, ત્યાં પ્રગટે. ...ચરણઃ-

નીરખવાનું કરે પ્રભુકર મળે જે જે પ્રસંગોમાં,
હૃદય વિશ્વાસ શ્રદ્ધાને કરે છે જીવતાં તે ત્યાં. ...ચરણઃ-

બધાંનો પ્રેમ છોડીને પ્રભુનો પ્રેમ રાખીને,
બધાં પર પ્રેમ રાખે જે, પ્રભુનો પ્રેમ પેખે તે. ...ચરણઃ-

પ્રભુની ભાવનાથી તે હૃદયમાં ધારણા કર્મે
-ધરંતાં પ્રકૃતિ દ્વંદ્વતણું બળ મોળું તે પડશે. ...ચરણઃ-

મરણ નિપજાવતું ઝેર છતાંયે જોશ એનું તે
-ઘટાડ્યાથી પરિણામ બીજું તે નિપજાવે છે. ...ચરણઃ-

બીજું ભેળાવવાથી તે કશુંકનું પ્રકૃતિલક્ષણ
જરૂર બદલાય છે એવું થયું વિજ્ઞાનથી સિદ્ધ. ...ચરણઃ-

જીવનનાં પ્રકૃતિ લક્ષણમહીં તેથી હૃદયભાવે
-પ્રભુની ધારણા પ્રેર્યે રૂપાંતર તે થતું રહેશે. ...ચરણઃ-

ભલા ! આ એક ને એક મળી બે થાય તે વાત,
સમજમાં ઊતરે એવી, કૃપા કરી તો કરો સાર્થ. ...ચરણઃ-

જીવનને એકલા માત્ર સ્વભાવેથી જીવ્યા કરતા
પ્રભુનો ભાવ શી રીતે થવાનો છે તહીં પેદા ? ...ચરણઃ-

પડી રહેવાનું ખાલી જે જીવનમાંનું નિરર્થક તે,
જુદું કશું પ્રકૃતિથી તો ન ત્યાં નિપજાવી શકશે કૈં. ...ચરણઃ-

ઊઠો, જાગો, હજી પળ છે જીવન ચેતાવવાને તે,
હૃદયની આર્દ્રતા તે શી હૃદયની આર્તતા પ્રેરે ! ...ચરણઃ-

તા. ૩-૮-૧૯૪૬

## ૨૮

## પરસ્પર એકતા કરવા હૃદયમાં પ્રેમ ચેતવજો.

પરસ્પરના જીવન વિશે હૃદયનો પ્રેમ ઊગંતાં,
પરસ્પરનો જીવનભાવ પ્રસરશે એકબીજામાં. ...પરસ્પરઃ-

જીવનના ભાવથી તેથી પરસ્પર સર્વ વ્યવહારે,
હૃદયથી વર્તવાનું છે, વિના કૈં ચિંતવ્યા અવળે. ...પરસ્પરઃ-

બીજાનું જો બીજું હૈયે કર્યું હત ચિંતવ્યા તો તે,
રહી તે ના શક્યો હોત જીવનમાં કોઈ સંઘાત. ...પરસ્પરઃ-

જીવી પ્રત્યક્ષ તે રીતે પ્રભુકેરી કૃપાથી ત્યાં,
બતાવે છે જીવન જીવવા હૃદયભાવે પરસ્પરમાં. ...પરસ્પરઃ-

હૃદયનો પ્રેમનો ભાવ જીવન એકાત્મનો ભાવ,
સદા પ્રેર્યા કરે એવું હૃદયના પ્રેમનું લક્ષણ. ...પરસ્પરઃ-

હૃદય જો એકના જીવને રહેલો ચેતતો પ્રેમ,
જીવન પ્રેરાવશે નિશ્ચે ભલે તે आज के काल. ...પરસ્પરઃ-

ન જંપી બેસવા દીધાં, નિરાંતે ના સૂવા દીધાં,
ભલા, પ્રત્યક્ષ તે પાઠ નજરમાં કાં ઉતારો ના ? ...પરસ્પરઃ-

મળ્યો જો તે, પ્રભુનો છે, તમોને બેસવા દેશે
-ઠરીને ઠામ શી રીતે ? હૃદય વિચારી લેજો તે. ...પરસ્પરઃ-

કદી જંપી જતો લાગે જીવનમાં કોઈને તેવો,
ન જંપેલો કદી એને ભૂલેચૂકે રખે માનો. ...પરસ્પરઃ-

જીવનનું ધ્યેય જાગેલું ભલેને કોઈને ના હો,
પ્રસંગો સંપડાવીને રહે તે દર્દ પ્રેરવતો. ...પરસ્પરઃ-

ભલેને દર્દથી કોઈ વલોવાયે ન પૂરાં તે,
જગાડેલું હૃદય એવું જવાનું ના નિરર્થક તે. ...પરસ્પરઃ-

જીવનસંપર્ક ને દિલના થયેલા સાહચર્યેથી,
પડે સંસ્કાર જે ચિત્તે થશે મિથ્યા કઈ રીતથી ? ...પરસ્પરઃ-

પડ્યા સંસ્કાર જીવનને મથાવ્યા તે જરૂર કરશે,
ન છોડી કોઈને દેશે તળે ઉપર બધું કરશે. ...પરસ્પરઃ-

જીવન સૌભાગ્ય નિમિત્તે મળેલાં છે પ્રભુનાં તે,
પ્રભુ જન્માવવાને ત્યાં જીવન લાખોય સાર્થક છે. ...પરસ્પરઃ-

રહે ના તે વિશે પરવા પરંતુ જે હૃદય સ્પર્શે
-હૃદયના ભાવની લહેજત પમાવાને હૃદય ઝંખે. ...પરસ્પરઃ-

સ્વજનનાં દિલમાં પ્રેમ ધરાવાયેલ જે હૃદયે,
ફરી ફરી ઊથલાવીને સદા ઢંઢોળતો રહેશે. ...પરસ્પરઃ-

તા. ૩-૮-૧૯૪૬

૨૯

## પ્રભુના પ્રેમને કાજે ફના કરજે ફના થાજે.

હૃદયનો પ્રેમ મૂર્તિના પ્રભુ પેઠે ન બેસી રે',
ન હાલે કે કશું બોલે અરે ! મંદિરની મૂર્તિ તે. ...પ્રભુનાઃ-

હૃદયનો પ્રેમ બોલે છે, હૃદયનો પ્રેમ ચાલે છે,
હૃદયનો પ્રેમ ચલવે છે હૃદયનો પ્રેમ મથવે છે. ...પ્રભુનાઃ-

ન ઈચ્છા બોલવા હોય છતાંયે તે કથાવે છે,
ભરી રાખ્યું ભલે હોય છતાંયે તે કઢાવે છે. ...પ્રભુનાઃ-

જીવનની તે સમજ દે છે જીવનને તે જગાડે છે,
પ્રભુના ભાવ અસ્તિત્વતણી ઝાંખી કરાવે તે. ...પ્રભુનાઃ-

પ્રભુની શક્તિ જેવુંયે જીવનમાં છે કશુંક તો તે,
પ્રભુકેરી કૃપાથી તે અનુભવથી ઉગાડે છે. ...પ્રભુનાઃ-

ભલેને જીવ છો કોઈ ફરી જઈ પૂંઠ વાળે તે,
હૃદયના પ્રેમમાં એવો છતાંયે જીવતો રહેશે. ...પ્રભુનાઃ-

હૃદયનો પ્રેમ ભજવે છે જીવનમાં ભાગ શી રીતે ?
અનુભવી જે હશે માત્ર સમજશે શું થયેલું તે. ...પ્રભુનાઃ-

હૃદયનો પ્રેમ સહે છે જે બીજું કોઈ ના સહી શકશે,
સદાયે મેળ રાખે છે કરવવા મેળ મથશે તે. ...પ્રભુનાઃ-

પૂરા આધાર વિના તે ન જીવવા જોમ એને રે'
હૃદય જે દર્દ સાલે ત્યાં ન પ્રેમી તે શું પિછાણે ? ...પ્રભુનાઃ-

હૃદયના પ્રેમનો ટેકો હૃદય સદ્‌ભાવનું જીવન,
તહીં તે ફાલી ફૂલીને ફળાવે છે જીવનચેતન. ...પ્રભુનાઃ-

નકારે છો ભલે કોઈ કરે પ્રતિકાર છો કોઈ,
ભલેને અવગણે કોઈ છતાં ત્યાં પ્રેમ રે' પ્રોઈ. ...પ્રભુનાઃ-

ભલે પરવા ધરે ના કો ભલે હડસેલશે એને,
તિરસ્કૃત કો કરે એને છતાં ત્યાંયે રહેશે તે. ...પ્રભુનાઃ-

જીવનમાં ક્યાંય ઔદાર્ય ન હૃદના પ્રેમ તોલે છે,
બધું સંભાળતો તે રે' અને સંભારશે સાથે. ...પ્રભુનાઃ-

પડે છે એકલો ના તે છતાંયે એકલો પોતે,
જીવનનાં સર્વ પાસાંમાં નજર એની પ્રવેશે છે. ...પ્રભુનાઃ-

ભળેલો છે બધાંનામાં, રમેલો છે બધાંનામાં,
ભળેલો ના રહે પાછો રમે તે એક પોતામાં. ...પ્રભુનાઃ-

હૃદયનો પ્રેમ કેળવતાં હૃદય તે પ્રેમ મેળવશે,
હૃદયના પ્રેમને કર્મે પરોવ્યે, પ્રેમ અવતરશે. ...પ્રભુનાઃ-

તા. ૩-૮-૧૯૪૬

૩૦

## વળગી રહીને હૃદય પ્રભુને હૃદયનો ભાવ કેળવજો.

શમવવાનું બધુંયે છે પ્રભુનામાં બધી રીતે,
શમવવા ધ્યાન જે રાખે શમાવી તે પ્રભુમાં દે. ...વળગીઃ-

જુદાઈ જો જરા રે'તાં ન જેનાથી સહેવાયે,
હૃદય લગની થતાં એવી જીવનમાં તો પરોવાશે. ...વળગીઃ-

કદીયે કોરી સમજણથી પ્રવેશી ના શકો મધ્યે,
હૃદયનો ભાવ એક જ તે પ્રવેશાવે હૃદય મધ્યે. ...વળગીઃ-

હૃદયના ભાવની સાથે કરણ સૌ સંકળાવે જે,
જીવન આધારને યોગ્ય પૂરેપૂરો બનવી શકશે. ...વળગીઃ-

જીવન વ્યવહાર-સંબંધ હૃદયના પ્રેમ વિના તો
ન સાધી ત્યાં શકો પરિચય મદદ આપી શકે એવો. ...વળગીઃ-

હૃદયનો ભાવ એ મુખ્ય જીવનનું શ્રેષ્ઠ સાધન છે,
પૂરું ચોંટાડી જીવનમાં રખાવે છે બધુંયે તે. ...વળગીઃ-

ઉમળકાથી હૃદય ચિંતવન થતાં કર્મે દઢાવે જે,
કરે છે તો પ્રગટ એને ન અળગો તે રહે ક્યાંયે. ...વળગીઃ-

જગત વ્યવહાર જીવનમાં પતિપત્ની હૃદય વચ્ચે,
બન્યો જો ભાવ સુમેળ રહે તે એકભાવે બે. ...વળગીઃ-

મીઠા વિનાનું રાંધેલું ભલે સ્વાદિષ્ટ છો હોય,
છતાંયે મોળું મોળું તે ન લાગે ત્યાં કશો સ્વાદ ....વળગીઃ-

હૃદયના ભાવ વિના તો સધાશે ના કશું જીવને,
જીવન સાર્થક થવા ચાહો ઊછળવા દો હૃદય તો તે ...વળગીઃ-

જીવનનું ભાવ માધુર્ય પ્રગટતાં તો મઝા ઓર,
બધોયે સ્વાદ તે હેઠ, કશુંયે ના'વે તે તોલ. ...વળગીઃ-

જીવનવ્યવહારમાં પ્રેમ પરસ્પર જ્યાં મળેલો છે,
હૃદય તેનેય આ હકીકત સમજમાં, ખ્યાલમાં ઊતરે. ...વળગીઃ-

ભળેલો ભાવ જેમાં છે ન ત્યાં સંદિગ્ધપણું રહે છે,
હૃદય આકર્ષતું જેથી જીવનની પ્રેરણા ખેંચે ...વળગીઃ-

વલણ નવું ને નવી દૃષ્ટિ હૃદયનો ભાવ જન્માવે,
હૃદય આકર્ષીને કેવું પરિવર્તન કરાવે તે. ...વળગીઃ-

હૃદયના ભાવના જેવું જીવનની સાધના કાજે,
કશું સાધન નથી શ્રેષ્ઠ, ખરે ! સર્વોપરી તે છે. ...વળગીઃ-

'વળગી રે'તાં વળગી રે'તાં થતી થોડી મહેનત છો,
જનમવાનો હૃદયભાવ' અનુભવનું કથન એ તો. ...વળગીઃ-

તા. ૪-૮-૧૯૪૬

૩૧

## હૃદય વરવા પ્રભુ કાજે પ્રભુમાં મન લગાડી દો.

હૃદય ભગવાનમાં પ્રેરી કરી ભગવાનને યાદ,
કર્યા કરવાનું જે જે હો કરી, એને ધરો પાદ. ...હૃદયઃ-

હૃદય ભગવાનની મૂર્તિ રમંતી ભાવમાં જીવતી,
રહ્યા કરતી ઊંડી રાખી હૃદય ચેતાવજો ભક્તિ. ...હૃદયઃ-

હૃદય તે સ્નિગ્ધ તે વિના શકે બની ના પૂરેપૂરું,
હૃદય ગદ્ગદ થતાં ભાવે નિરંતર તો પ્રભુ ભજવું, ...હૃદયઃ-

પ્રભુની પ્રાર્થના કરજો કૃપા એની થવા કાજે,
કૃપા વિના કશુંયે કૈં નથી જીવથી થવાનું તે. ...હૃદયઃ-

થતાં અડચણ કશી વાતે પડે કૈં ગૂંચ જીવનમાં,
જરા કોરાં હૃદય લાગો પ્રભુને યાદ લાવો ત્યાં. ...હૃદયઃ-

કશાનું દુઃખ જો લાગે, કશાનો શોક લાગે જો,
કશાથી ઊર્મિ જો જાગે, પ્રભુ ત્યાં પ્રેમથી ભજજો. ...હૃદયઃ-

કશાથી વૃત્તિ ઉદ્ભવતાં પરોવી મન ન વૃત્તિમાં,
કરી ઉપયોગ લો વૃત્તિ પ્રભુને ત્યાં સ્મરણ કરતાં. ...હૃદયઃ-

થતાં વ્યવહારનાં કર્મો થવા દો ના કદી કોરાં,
હૃદયમાં પ્રેમ ઊભરાવી, પ્રભુથી મન પરોવો ત્યાં. ...હૃદયઃ-

પરોવાતાં જતાં હૃદયે પ્રભુને, મનની વૃત્તિમાં,
જશે ત્યાં ફેરવાતું મન થશો દૃઢ આપ ભક્તિમાં. ...હૃદયઃ-

હૃદયના દ્વિમુખી એવા ચલવતાં તો જીવનક્રમને
થતો આધાર રે’ શુદ્ધ હૃદયરસ કેળવાતો રે’. ...હૃદયઃ-

करणप्रवृत्तिમાં પ્રભુને હૃદયમાં જોડી રાખીને,
જીવ્યા કરશે હૃદય એવો પ્રભુ પ્રગટાવી તે શકશે. ...હૃદયઃ-

કરેલું, કામના ખ્યાલે થતું જતું જે, બધું કામ,
જીવનની ભક્તિમાં કામ ન આવે, શ્રેષ્ઠ છો કામ. ...હૃદયઃ-

‘મહત્ત્વનું કામ શું છે’ જે રહે જેને હૃદય જ્ઞાન,
પરોવે તે મળ્યા કામે હૃદય, રાખી પૂરું ભાન. ...હૃદયઃ-

થતા એવા જતા કામે જીવનને તે ફળાવે છે,
કરીને કામ તે સાર્થ જીવનને સાર્થ બનવે છે. ...હૃદયઃ-

જીવન એવી રીતે જે જે જીવે હૃદ ભક્તિ ને જ્ઞાને,
પ્રભુના ભાવનો અનુભવ થયા કરતો રહે એને. ...હૃદયઃ-

પ્રભુને એકલો પૂરો હૃદયમાં પ્રીછી પ્રીછીને
પરોવાતો રહે કર્મે ન એને કર્મ ક્યાંયે છે. ...હૃદયઃ-

તા. ૪-૮-૧૯૪૬

૩૨

## પ્રભુને મન હૃદય વહાલો કરી કરીને સ્મર્યા કરજે.

જગત, વ્યવહાર, સંબંધ બધું પ્રાકટ્ય નિજનું તે,
હૃદયનો પ્રેમ જો ત્યાં ના ખરે ! હોવા છતાં નથી તે. ...પ્રભુનેઃ-

બધું અસ્તિત્વ લાગે છે હૃદયના પ્રેમથી જે તે,
જગતના કર્મ અનુભવની સમજથી ખ્યાલ બેસે તે. ...પ્રભુનેઃ-

'જ્યાં જ્યાં પ્રેમ છે ત્યાં ત્યાં રહે સંબંધ' જાણ્યું તે,
કશું ના રહી શકે જીવતું કશો જો પ્રેમ ત્યાં ના છે. ...પ્રભુનેઃ-

પ્રભુને તો છતો કરવા હૃદયના પ્રેમને જગવો,
પ્રભુમાં સ્વાર્થ લાગ્યો જો રહે છે પ્રેમ ત્યાં પ્રભુનો. ...પ્રભુનેઃ-

રહે જો કૈંક ને કૈંક કશાકેરોય ત્યાં સ્વાર્થ,
જગે સંસારીનાયે ત્યાં રહે જોડાયેલાં જીવન. ...પ્રભુનેઃ-

વિના કૈં સ્વાદ તે સ્વાર્થ ટકી કેમે શકે ત્યાં ના,
ભૂમિકા સ્વાર્થની સ્વાદ ખરેખર જાણજો તે ત્યાં. ...પ્રભુનેઃ-

જીવનમાં સ્વાદ જ્યાં લાગે રહે મન ચિત્ત ત્યાં ચોંટી,
જીવનમાં સ્વાદ પ્રભુપદમાં કહો લાગે કઈ રીતથી ? ...પ્રભુનેઃ-

ઠરે મન ચિત્તની વૃત્તિ જહીં ત્યાં સ્વાદ લાગે છે,
પદે મનવૃત્તિને તેથી ઠરવતાં સ્વાદ પ્રગટે છે. ...પ્રભુનેઃ-

કરણપ્રવૃત્તિનો રસ તે વિના પલટ્યા પ્રભુપદમાં,
ઠરી ના તે શકે કેમે કરો કોટિ ઉપાયો છો. ...પ્રભુનેઃ-

જીવનના ધ્યેયનું જેને મહત્ત્વે ભાન જાગ્યું છે,
કરણપ્રવૃત્તિ પલટાવા પૂરો સંભવ રહે એને. ...પ્રભુનેઃ-

જીવનનું ધ્યેય ના જાગે કદીયે એમનું એમ,
જીવન અસ્તિત્વનું ચિંતવન કર્યા કરતાં સ્ફુરે ધ્યેય. ...પ્રભુનેઃ-

પ્રભુને ધ્યેય માની તો પ્રભુચિંતવન કર્યા કરજો,
હૃદય પ્રેરાવતાં રહેજો મનાદિ પ્રકૃતિ વિશે. ...પ્રભુનેઃ-

કર્યા કરવાથી ગદ્‌ગદ થઈ, પ્રભુને પ્રાર્થના હૃદયે,
પ્રભુની સાથ સંબંધ હૃદયમાં જીવતો જાગે. ...પ્રભુનેઃ-

થતું જે જે રહે કંઈ કંઈ, પ્રભુની પ્રાર્થના હૃદયે,
કૃપાશ્રયમાં રહેવાને કર્યા કરજો હંમેશાંયે. ...પ્રભુનેઃ-

પ્રભુને યાદ કરવાનું હૃદય રાખ્યા કરો ભાવે,
ભલેને ના થતું મન હો, છતાં મન યાદ કર એને. ...પ્રભુનેઃ-

પ્રભુના એકલા પર તે પૂરો આધાર રાખી સૌ,
સ્તવ્યા કરી એકલો એને હૃદય આધાર પલટવજો. ...પ્રભુનેઃ-

તા. ૪-૮-૧૯૪૬

૩૩

## પ્રભુના થઈ હ્રદય એની પૂરી લગની લગાડી દો.

પ્રભુ વિના નથી બેલી જીવનનું કોઈ સાચું તે,
પ્રભુને છોડીને જીવ ! અરેરે ! કેમ ભટકે છે ! ...પ્રભુનાં:-

જીવે આધારથી જેના, ટકે આધારથી જેને,
અરે ! નાદાન કેવો છે ! ભૂલે છે મૂર્ખ શું એને ! ...પ્રભુનાં:-

વિચારી જો જરા ઊંડું કૃપા એની બધે વરસે,
કૃપા વિના જગત ને તું રહ્યા ના હોત પળ ક્યાંયે. ...પ્રભુનાં:-

પ્રભુની તે કૃપાથી તો બધુંયે વિશ્વ ચાલે છે,
જિવાડે જે તને, એને અરે ! ભૂલી શું વર્તે છે ? ...પ્રભુનાં:-

તમારાં કામ તે તમને દઈ દઈ શું દઈ શકશે ?
પ્રભુનું કામ જે કરશે, બધાં તે કર્મ સાર્થક છે. ...પ્રભુનાં:-

ભલેને શ્રેષ્ઠ હો કર્મ વિના રાગાદિથી મુક્તિ
ફળવશે શ્રેષ્ઠ તે કર્મ પૂરી ના સાચી તે ભુક્તિ. ...પ્રભુનાં:-

પ્રભુની પ્રેમથી ભક્તિ કર્યા વિના કદીયે તે
પૂરું રાગાદિથી મુક્ત થશે ના કોઈ માનવીયે. ...પ્રભુનાં:-

ભલેને શ્રેષ્ઠ હો કર્મ છતાં ના હો પ્રભુભાવ,
ઠરવશે ઠેરના ઠેર તમારું શ્રેષ્ઠ તે કામ. ...પ્રભુનાં:-

હશે છો શ્રેષ્ઠ તે કર્મ, મનાદિ શ્રેષ્ઠ ક્યાંથી તે
તમે લાવી જ શકવાના ? કરી વિચાર જો જો તે. ...પ્રભુનાં:-

થયેલો જે મનાદિનો હશે તેવા સ્વભાવે તે
પરોવાઈ શકે કર્મે અવર ના ધારણા ઊગે. ...પ્રભુનાં:-

જીવનપટ જે પડેલો તે ગતિ પ્રેરાવવા ખંતે
-નવા પટમાં ચહે, એને હૃદય ભજવો પ્રભુ પડશે. ...પ્રભુનાં:-

પ્રભુને કંઈ ભજ્યા વિના જીવનને પામવા ઊંચું
ચહે, તેવાં કરે ભટક્યાં નકામું તે જીવ્યું ખોટું. ...પ્રભુનાં:-

'પ્રભુ અસ્તિત્વ જેવું ના' હૃદયમાં એમ માન્યું છે,
છતાં ઊંચું કર્યું જીવન જગતમાં દાખલા તેયે. ...પ્રભુનાં:-

હૃદયમાં એમનેયે છે પૂરો સદ્ભાવ જાગેલો,
હૃદય સદ્ભાવ આધારે કરે જે તે બધું તેઓ. ...પ્રભુનાં:-

જીવન તેવાતણા ઊંડો હૃદય જાગેલ સદ્ભાવ
પ્રભુકેરું સ્વરૂપ તેય ખરેખર જાણજો પ્રેમે. ...પ્રભુનાં:-

પ્રભુ વિના ન કોઈનો થવો ઉદ્ધાર છે શક્ય,
ભલા ! તો લઈ પ્રભુશરણું ભજો એના થવા યંત્ર. ...પ્રભુનાં:-

તા. ૪-૮-૧૯૪૬

૩૪

## હૃદયનું એક વહાલું છે - પ્રભુ : એને પુકારોને.

જગતમાં માગતાં મળતું અનુભવ તે કહે તમને,
પ્રભુની પાસ તેવું કાં કરો ના માગવાનું તે ? ...હૃદયનું:-

નડ્યા જે જે કરે જીવને થવા નડતર બધાં દૂર તે,
કૃપા માગ્યા નિરંતર ત્યાં કરો, હૃદ પ્રાર્થના કરીને. ...હૃદયનું:-

જગત બોલાવતાં આવે, ન બોલાવો ન બોલે તે,
હૃદય બોલાવતાં રહેજો પ્રભુને સર્વ વ્યવહારે. ...હૃદયનું:-

શરીર છે ત્યાં સુધી જીવને રહેવાનો જ વ્યવહાર,
પરોવાઈ રહેવાતાં મળે છે તે જ વ્યવહાર. ...હૃદયનું:-

પરંતુ ખ્યાલ રાખીને જીવન જેને પ્રભુ વરવો,
થતા વ્યવહારમાં પ્રભુને પરોવીને છતો કરવો. ...હૃદયનું:-

ફર્યા ઘાણી બળદ કરતો ઘણું ચાલે, છતાં ઠામ,
કરંતા કામ એ રીતે વળે શું આપણું કામ ?. ...હૃદયનું:-

પરોવે કામ જે રામ, સ્ફુરે ત્યાં કામમાં રામ,
બધાંમાં રામનું ભાન ચહીને તો કરો કામ. ...હૃદયનું:-

હૃદયના માનવી પ્રત્યે હૃદય જે પ્રેમ જાગેલો.
ઘણો એનાય કરતાં તો પ્રભુને પ્રેમ કરવાનો. ...હૃદયનું:-

રહેલો પ્રેમ માનવીમાં બધાંયે માનવી પ્રત્યે,
રહ્યું રાગાદિનું મૂળ, પ્રભુમાં તે ન છાજે છે. ...હૃદયનું:-

જીવનના ભાવવિકાસે મદદ તે એકલી માત્ર,
પ્રભુ પાસે કરો યાચ્યા લળી લળી થઈ પૂરાં પાત્ર. ...હૃદયનું:-

થવું જો વહાલું કોઈને તમારે હોય તો એને
રીઝવવાનો રહે એની રીતે, એવું પ્રભુનેયે. ...હૃદયનું:-

ઊગે આંબો ન રણ વિશે ઊગવવો હોય જો એને,
ભૂમિકા યોગ્ય એને તો પૂરી પ્રગટાવવી પડશે. ...હૃદયનું:-

ભલેને છો રહ્યું રણ તે, પહેલાં તો ઉગાડીને
ઊગે જેવું, બનાવીને જમીન તે યોગ્ય ફળવો જે. ...હૃદયનું:-

હૃદયમાં ચાહના જાગે કશું કંઈ જેહને કરવા,
કર્યા કરવામહીંએ તો કરે મન ચિત્ત લગાડ્યાં શાં ...હૃદયનું:-

લગન એવી પ્રભુ કાજે સ્મરી સ્મરીને હૃદય એને,
કશે ના મૂકશો હેઠો, સ્મર્યા કરતાં પ્રગટશે તે. ...હૃદયનું:-

સ્મરણ આધાર રાખીને પ્રભુના ભાવને હૃદયે,
ગમે તે સાધને સાધ્યાં કરંતાં જીવજો જીવને. ...હૃદયનું:-

હૃદય વહાલો કરે લાગ્યા બધીયે વાતમાં જ્યાં તે,
લગન એની ખરી લાગી પ્રમાણો તે ખરી રીતે. ...હૃદયનું:-

તા. ૪-૮-૧૯૪૬

૩૫

## પ્રભુની એકલી માત્ર હૃદય લગની લગાડી દો

જીવનને ફેરવાવામાં પ્રભુની જે મદદ લે છે,
હૃદયના પ્રાર્થનાભાવે, પ્રભુ એની રહે પડખે. ...પ્રભુનીઃ-

પ્રભુ વિના કશે ડગલું ભરે ના એકલો કો જે,
પ્રભુની સહાય તેવાને જીવન પ્રત્યક્ષ પોતે છે. ...પ્રભુનીઃ-

કશું બનતું અવળુંસવળું પ્રભુને તે ધરી ચરણે,
પદે નાખી હૃદય 'ધા' તે થઈ નિશ્ચિંત વર્તે છે. ...પ્રભુનીઃ-

વિના કૈં સંભળાવ્યા તે બને જે જે પ્રભુપદમાં,
રહેવાયે ન જેનાથી પ્રભુ એનો બની રહે ત્યાં. ...પ્રભુનીઃ-

વિપત સ્થૂળ પડે એને ન તે રીતે હૃદય સમજે,
કશું પ્રેરાવવા હૈયે મળેલું જાણી ત્યાં વર્તે. ...પ્રભુનીઃ-

જીવનનાં સર્વ કર્મોમાં જીવનના સૌ પ્રસંગોમાં,
હકીકતથી ભર્યો પ્રભુને નિહાળે તે ખરું જીવતા. ...પ્રભુનીઃ-

પ્રભુ બોલાવવાનું તો કર્યા કરજો જીવનકર્મે,
બધાંયે તો થતાં કર્મે હૃદય પ્રગટે પ્રભુ ભાવે. ...પ્રભુનીઃ-

કરી કરી પ્રાર્થના હૃદયે કૃપા માગ્યા કરો પ્રભુની,
મમત સૌ મૂકતાં રહી દો સરળતા ભાવ ઠરવાની. ...પ્રભુનીઃ-

જીવન જેવા હશું તેવા રહી, જો પ્રાપ્ત કરવો તે
કદી કાળે ન તે બનશે બદલવો તો ચીલો પડશે. ...પ્રભુનીઃ-

ચીલો બદલાવવા પ્રભુ જ્યાં જીવનતક સંપડાવે છે,
સ્વીકારી તે વધાવી લઈ તહીં મન, ચિત્ત લગાડી દે. ...પ્રભુની:-

રહી ભગવાનની પાસે સદા ભગવાનને નીરખો,
ભરી ભરી આંખ ઠારીને હૃદય, મન, ચિત્ત ત્યાં રીઝવો. ...પ્રભુની:-

રહેવું રાજી રાજી ને હૃદય નિશ્ચિંતતા ધારી,
વિચારો ઊઠતાં ચેતી સ્મરણ રહેવું પરોવાઈ. ...પ્રભુની:-

કશાંયે કર્મ ના બાકી રહ્યા કરશે કદી તેથી,
ભરોસો રાખીને પ્રભુ પર મળ્યા કરતું કર્યા કરવું. ...પ્રભુની:-

હૃદય સંપૂર્ણ પ્રભુ પર જે જીવનઆધાર રાખે છે,
'કશું એનું અડી ના રહે' અનુભવ કૈંકના ત્યાં તે. ...પ્રભુની:-

ભલા ! તો કાં પછી પ્રભુને જીવન સર્વસ્વ સોંપીને,
શરણમાં પદ રહેવાનું કર્યા તે ના કરો ભાવે ? ...પ્રભુની:-

પ્રભુને યાચતાં રહેજો સ્મરણ પ્રભુનું કર્યા કરજો,
હૃદયમાં ભાવ પ્રભુનો તે પરોવીને જીવ્યા કરજો. ...પ્રભુની:-

તા. ૪-૮-૧૯૪૬

૩૯

## પ્રભુને સર્વથી ડાહ્યો ગણી ભાવે ભજો એને.

ભલેને જોઈ જોઈને વિચારીને વિચારીને
ભરે ડગ, તેય તે કેવાં પૂરી ભૂલથાપ ખાયે છે ! ...પ્રભુનેઃ-

ગણે જે ડાહ્યું પોતાને કુશળતા નિજ સૌ ધારે,
વ્યવસ્થિત નિજને માને છતાં પણ ખોરવાયે તે. ...પ્રભુનેઃ-

ગુણોમાં પ્રકૃતિના કો પૂરું ચોક્કસ ન રૈ' શકશે,
કહીં ને કહીં જરૂર ચૂક્યા વિના તેવા ન ત્યાં રહેશે. ...પ્રભુનેઃ-

જગતમાં માનવીનું ત્યાં બધું અભિમાન મિથ્યા છે,
હૃદયથી તોડી અભિમાન કર્યા કરવું બધું જે તે. ...પ્રભુનેઃ-

અહંતા કર્મમાં કોઈ રખે ભૂલેચૂકે રાખો,
નહિતર તો જરૂર પાછા પડીને સાવ પછડાશો. ...પ્રભુનેઃ-

કરી તે શું શકે કોઈ કશુંયે કર્મને પોતે,
અહંમાં ચેતના પ્રભુની, કરાવ્યું એનું થાયે છે. ...પ્રભુને ઃ-

મમત્વ માનવી ખાલી ધરી ધરી કર્મમાં શાને ?
અરે ! અથડાઈ પછડાયે છતાં તે કેમ ના જાગે ? ...પ્રભુનેઃ-

પ્રકૃતિ જીવની એ તો પહેરી વેશ પ્રભુનો જે
છળવશે સૂક્ષ્મ ને સૂક્ષ્મ રીતે ત્યાં ચેતતો જીવશે. ...પ્રભુનેઃ-

પૂરી સંભાળ રાખીને વ્યવસ્થા સર્વ કરીનેયે
કર્યું હો કામ, ત્યાં પૂરું બતાવો કોણ જીત્યું* છે ? ...પ્રભુનેઃ-

ભર્યા સદ્‌ભાવથી યુક્ત ઊઠેલી એકના હૃદયે,
જીવનની ઝંખના વ્યાપ્ત થતી કેવી રહે છે તે ! ...પ્રભુનેઃ-

રહેલા જીવસ્વભાવે હો પૂરેપૂરી યોગ્યતા છોને,
છતાંયે તે પડે હેઠો પ્રભુના ભાવ આગળ તો. ...પ્રભુનેઃ-

પ્રભુના ભાવની તોલે ઊભી શકવા ન કૈં યોગ્ય,
પ્રભુના ભાવમાં તેથી પરોવી વાપરો સૌ ગુણ. ...પ્રભુનેઃ-

ગુણોની સર્વ સાર્થકતા પ્રભુચરણે જ વપરાતાં,
જીવનની ભાવસર્જકતા નીપજવામાં થતી કૃત ત્યાં. ...પ્રભુનેઃ-

ગુણો વ્યક્તત્વ શક્તિનું ભલા ! 'પોતાપણું' શાને,
પછી આરોપતાં રહીને ખુઓ છો આપશક્તિને ? ...પ્રભુનેઃ-

તમે 'પોતાપણું' જેને ગણો છો તેય ના તમ છે
'તમારું' તો કશુંયે ના ભલા ! મિથ્યા ભમો શાને ? ...પ્રભુનેઃ-

તમોને સર્વ બાજુમાં કરાવીને વિચારો તે,
ઠસવવા માગું કે 'પ્રભુનું બધું જે તે મળેલું છે.' ...પ્રભુનેઃ-

પ્રભુનું તે મળેલું સૌ પુનર્જીવન પ્રભુ કરવા,
કર્યા તે વાપરો સઘળું થશો તો મુક્ત ત્યાં પ્રભુમાં...પ્રભુનેઃ-

તા. ૪-૮-૧૯૪૬

---

* ફાવ્યું

૩૭

## પ્રભુનું લક્ષ રાખીને પ્રભુ બોલાવતા રહેજો.

જીવનની પ્રાકૃતિક વૃત્તિ ઊઠંતાં વાળી લેવાનું,
જીવન ઉગાડવામાં જે શીખે, તે એક જીવવાનું. ...પ્રભુનુંઃ-

ભલેને સર્વશ્રેષ્ઠ જ હો જગતજીવની કશી શક્તિ,
છતાં તે પ્રકૃતિવાળી ગજબ તેથી પ્રભુશક્તિ. ...પ્રભુનુંઃ-

જુવાનીનો હજી દોરો નથી જેની મૂછે ફૂટ્યો,
છતાંયે એકલો શંકર ઘૂમી ઘૂમી સર્વને જીત્યો. ...પ્રભુનું ઃ-

હતો શો એકલો બુદ્ધ ! છતાંયે વિશ્વમાં કેવો,
પ્રસાર્યો ભાવ જીવનમાં દિગંતરમાં દિગંતર શો ? ...પ્રભુનુંઃ-

પૂરી કોને પડી ન્હોતી પૂરી ના ભૂખ જાગી'તી,
બધાંમાં ઝંખના જગવી સજીવન ગાંધીએ તો શી ! ...પ્રભુનુંઃ-

પ્રભુની શક્તિ આગળ સૌ ગમે તે શ્રેષ્ઠ પણ તુચ્છ,
હૃદય સમજી પ્રભુ એવો અહં ના ધારવું ક્યાંય. ...પ્રભુનુંઃ-

પ્રભુને સર્વ વાતોમાં પ્રભુને સૌ પ્રસંગોમાં,
જીવનગાથા વિશે સઘળી મહત્ત્વ દો પ્રભુને ત્યાં. ...પ્રભુનુંઃ-

થતું જે તે વિશે પ્રભુને પ્રથમ ધારી હૃદય ઊંડું,
થતાંની મધ્ય ને અંતે પ્રભુ જિવાડવું કરવું. ...પ્રભુનુંઃ-

પ્રભુ કાજે દ્રવે જેનો હૃદયનો ભાવ ગદ્‌ગદ તે,
જીવી શકશે પ્રભુનામાં જીવન એનું પ્રભુમય છે. ...પ્રભુનુંઃ-

પ્રભુને કાજ જીવવાનું, પ્રભુને કાજ મરવાનું,
સ્વીકારી સર્વ જે કરતાં પ્રભુને પામી જીવવાનું. ...પ્રભુનું:-

થતાં સૌ જીવ સ્વભાવે જે પૂરાં તે કર્મ મિથ્યાં છે,
ફળાવે જે પ્રભુભાવ જીવનમાં કર્મ સાચાં તે. ...પ્રભુનું:-

પ્રભુની જો મદદ લેશો કરી શકશો બધુંયે તે
થવાનું જેવું ધાર્યું હો થઈ શકશો પ્રભુમદદે. ...પ્રભુનું:-

જીવનમાં તો મદદ પ્રભુની અજબ સામર્થ્યવાળી છે,
અનુભવ થઈ જશે એનો હૃદય જે માગતું રહેશે. ...પ્રભુનું:-

ન તે દે ત્યાં સુધી આર્ત હૃદય પોકાર કરવાનું,
હૃદયની સ્નિગ્ધ ભક્તિથી જરી પણ ના અટકવાનું. ...પ્રભુનું:-

પડે મરવું છતાં પ્રભુ ના શકે પિગળાવી જે દિલને,
જીવન સાર્થક કરી ચૂક્યા સમજવું આપણે ત્યારે. ...પ્રભુનું:-

બધુંયે ધ્યાન જીવનનું હૃદય પિગળાવવા પ્રભુનું,
ધરી ધરી જે મળે તેમાં હૃદય તે ભાવથી પ્રોવું. ...પ્રભુનું:-

તા. ૪-૮-૧૯૪૬

૩૮

## હૃદય લગની પ્રભુનામાં થવા દેવા સ્મરણ કરજે.

મદદ પૂરેપૂરી કરવા પ્રભુ તૈયાર ઊભો છે,
ભલા, કાં લાભ ના લેતા કરી તૈયારી જાગીને. ...હૃદયઃ-

ભલે તૈયારી ના બનતી છતાં તે કાજ પણ પ્રભુને,
હૃદયથી પ્રાર્થના કરીને મદદ માગ્યા કરો હૃદયે. ...હૃદયઃ-

ગમે તેવી રીતે પ્રભુને હૃદય બોલાવતા રહેજો,
જીવનસંપર્કની સાંકળ હૃદય ના તૂટવા દેજો. ...હૃદયઃ-

હૃદય પ્રેરાવતા રહેવું પ્રભુની તે મીઠી યાદ,
પ્રભુને કોઈ પણ ખ્યાલે જતો કરવો નહિ ખાસ. ...હૃદયઃ-

રમત સંતાઈ રમવાની પડી છે ટેવ તો પ્રભુને,
મહેનત લઈ પ્રભુને ત્યાં પડે શું ખોળવું પોતે. ...હૃદયઃ-

જતાં જ્યાં ખોળવા એને ભમરચકડી ભમાવે તે,
છતાં જે હાર ખાવાને નથી તૈયાર, શોધે તે. ...હૃદયઃ-

પ્રભુને ખોળવા મહેનત કરે એને મળે છે જે,
જીવનમાં દેખીતી હાર, મળે પણ ત્યાં મદદ એને. ...હૃદયઃ-

પ્રભુના માર્ગની સ્થૂળ નિરાશા સાંપડેલી જે,
નિરાશા સંપડાવે તે અનુપમ ચેતના હૈયે. ...હૃદયઃ-

જગતના કામને કાજે કર્યો શ્રમ આપતો કૈંક,
પ્રભુ કાજે કરેલો શ્રમ કઈ રીતે તો જશે વ્યર્થ ? ...હૃદયઃ-

પરંતુ ત્યાં અપેક્ષાને હૃદય રાખી કરે શ્રમ જે,
પ્રભુના પ્રેમનું સાચું ન સમજ્યો તત્ત્વ અંતર તે. ...હૃદયઃ-

પ્રભુના પ્રેમની ખાતર પ્રભુના એકલા માત્ર,
મથે જે પ્રેમને કાજે, થશે તેવા કૃપાપાત્ર. ...હૃદયઃ-

ન આશાને કશું સ્થાન ન ઇચ્છાને નહિ સ્થાન,
નહિ ત્યાં માગણી રહે છે, અલૌકિક શું પ્રભુસ્થાન ! ...હૃદયઃ-

પ્રભુના પ્રેમને ખાતર નથી ત્યાં પ્રેમ કરવાનો,
જીવનને કાજ ત્યાં માત્ર રહ્યો છે પ્રેમ કરવાનો. ...હૃદયઃ-

પડી જેને જીવનની છે, ઊઠેલા પ્રશ્નથી ચેતે,
પડી છે જે વિશે જેને ઉકેલાવે બધું ત્યાં તે. ...હૃદયઃ-

જીવનને તો સમજવાને જીવન તાદૃશ્ય કરવાને,
હૃદય લગની થવા દેવા પ્રભુચિંતવન કર્યા કરજે. ...હૃદયઃ-

વિના તે માર્ગ બીજો ના કશો ઉપાય ક્યાંયે છે,
સ્મરણ બસ એકલું પ્યારું પ્રભુકેરું થવા દેજે. ...હૃદયઃ-

તા. ૪-૮-૧૯૪૬

૩૯

## કૃપાશક્તિ પ્રભુની તે હૃદયથી માગતા રહેજો.

નિભાવે છે પ્રભુને જે પ્રભુ એને નિભાવે છે,
નિભાવી શું શકે પ્રભુને બિચારો જીવ એવો તે ? ...કૃપાઃ-

કૃપા એ તો પ્રભુકેરી નિભાવ્યા તે કરે સૌને,
કૃપા તે યાચવા કાજે જીવન ઉન્મુખતા કરજે. ...કૃપાઃ-

કૃપાનો એક તે માત્ર લઈ આધાર જીવનમાં,
થતો રહે પુષ્ટ જે જીવ કૃપાસામર્થ્ય સમજે ત્યાં. ...કૃપાઃ-

કૃપાનો જીવતો પરિચય જીવન જેને થયેલો છે,
જીવન તે મસ્ત નિશ્ચિંત કૃપાના કામમાં રહે છે. ...કૃપાઃ-

બધે જ્યાં ત્યાં કૃપા પ્રભુની થકી સૌ કામ ઉકેલે,
મહત્ત્વ તે કૃપાને દઈ કૃપાને યાચતો રહે છે. ...કૃપાઃ-

કૃપા એવાતણા જીવનતણું પ્રત્યક્ષ ચેતન છે,
કૃપા વિના બીજું કાંઈ પ્રભુ પાસે ન યાચે તે. ...કૃપાઃ-

કૃપા એને મળ્યા કરતી કૃપાની પાત્રતા બનતાં,
કૃપાયે યાચવાપણું ના રહે છે જે કૃપાશ્રયમાં. ...કૃપાઃ-

કૃપાની કાજ જીવનમાં મળ્યું જે જે કર્યા કરતો,
કૃપાની તે પ્રસાદી છે હૃદય સમજે, કૃપા વર્તો. ...કૃપાઃ-

કૃપા વિના કશું શક્ય થવું ના એમ જે સમજે,
અહંતા કે મમત્વ ત્યાં ન એને ક્યાંય પણ રહે છે. ...કૃપાઃ-

જીવનના શ્રેયમાં સમજે કૃપાનું શ્રેષ્ઠ મૂલ્યાંકન,
કૃપાથી શું ભર્યું એને હૃદયથી લાગતું જીવન ! ...કૃપાઃ-

કૃપાના માત્ર રજકણથી લીલા પ્રાકટ્ય સહુનું છે,
કૃપાના એક રજકણમાં જગત કોટિ સમાયાં છે. ...કૃપાઃ-

કૃપાના એક રજકણમાં થતું વિલીન જે તે રહે,
કૃપાના એક રજકણથી બધું સર્જન થતું રહે છે. ...કૃપાઃ-

કૃપામાં સર્વ સામર્થ્ય ન કરવા કે બધું કરવા,
ચહે તો અન્યથા કરવા, રહસ્ય શું કૃપાનું હા ! ...કૃપાઃ-

કૃપા સર્જન કરાવે છે કૃપા રક્ષણ કરાવે છે,
કૃપા મૃત્યુ કરાવે છે કૃપાથી સર્વ જે તે છે. ...કૃપાઃ-

કૃપાનો ભાવ હું પામર કઈ રીત વર્ણવી શકું તે ?
કશી શક્તિ ન એનીયે કૃપા વિના રહે એને. ...કૃપાઃ-

મહાત્મા ને ઋષિઓએ કૃપાના ભક્ત કવિઓએ,
કૃપાવર્ણન કરંતાં શા કળીને* ત્યાં કળ્યા પોતે ! ...કૃપાઃ-

બધાંનાં તે ચરણરજની નથી લાયક કશો હૃદયે,
કૃપાના શક્તિ ગુણગાવે હજી ના પાત્રતા ટોચે. ...કૃપાઃ-

---

* કવીને.

૪૦

## કૃપા થતી પ્રીછતાં રહીને કૃપાને યાચતા રહેજો.

ન દાવો કો' અમારો છે બધો દાવો પ્રભુચરણે,
ગરીબની મૂડી શી જેવો અવેજીમાં મૂકેલો છે. ...કૃપાઃ-

કંઈ દાવો અમારો જો, પ્રભુનું એક શરણું તે,
બીજા દાવા બધા જૂઠા જીવનમાંથી ફગાવ્યા છે. ...કૃપાઃ-

'પ્રભુનાં એકલા માત્ર ચરણકમળો' જીવન દાવો
રહેવા જો પ્રભુ દેશે અમારે રાખવો તે તો. ...કૃપાઃ-

તમો જે આવીને મળિયાં પ્રભુની તે કૃપાથી ત્યાં,
ચલવવાનાં રહ્યાં તે શાં ! બધો દાવો કૃપાનો ત્યાં. ...કૃપાઃ-

રહો ના પાંશરાં પૂરાં પ્રભુનું ધ્યાન રાખીને,
કદી નિજને ન ગોદાટ્યાં, કહો પછી શીદ તે અમને ? ...કૃપાઃ-

ધરીને અન્યથાવૃત્તિ વણેલું તે ઉકેલીને,
હતું તેવું કરી દો છો સમજ એની પડે કોને ? ...કૃપાઃ-

કૃપાએ તે છતાં પ્રત્યેકના જીવને કરેલું છે,
કશુંક ને તે કશુંક એવું ન પાડી જેની 'ના' શકશે. ...કૃપાઃ-

કૃપા જીવનતણો દાવો કૃપામાં તે સમાયો છે
કૃપાનું પ્રેમદર્શન શું કૃપાએ તો કરાવ્યું છે ! ...કૃપાઃ-

કૃપા પોતે ન થઈ અળગી થતાં અળગાં કૃપાથી તો,
કૃપાશ્રયમાં અમારું સૌ જીવનનું આછુંપાતળું તો. ...કૃપાઃ-

કૃપા તે એકલી માત્ર અમારી સર્વ આશા છે,
કૃપાજીવન અમારું છે જીવનનું સર્વ તે બળ છે. ...કૃપાઃ-

અમે પામર પૂરેપૂરા કૃપાને પાત્ર ના છીએ,
કૃપાઆધારમાં જીવન થવા કૃતાર્થ શું ચહીએ ? ...કૃપાઃ-

કૃપાને એકલું ભજવું અમારો એ જ દાવો છે,
ભલે મંજૂર ન રાખે તે જીવનમાંનો કદી કોઈયે. ...કૃપાઃ-

કૃપાએ શું કરાવ્યું છે ભજન એનું નિરંતર તે,
અમે સાક્ષી સદા એના અમારું શક્તિજીવન તે. ...કૃપાઃ-

કૃપાથી જે તરી ઊંચાં જીવનમાં આવતાં રહે છે,
કરી એને બતાવે તે કૃપાશ્રયમાં રહે તેને. ...કૃપાઃ-

સ્વજન ગોદાટીને અમને મથાવે બોલવા ત્યારે,
સ્વજનમાંનાં પ્રભુચરણે કૃપા બોલાવતી રહે તે. ...કૃપાઃ-

સરળતાથી કૃપાનામાં અમોને જીવવા દેજો,
કૃપાથી જીવવામાં તે બધું કરી ચૂકવામાં રો'. ...કૃપાઃ-

તા. ૪-૮-૧૯૪૬

૪૧
## જીવનનો એક માલિક છે રખે એને હૃદય ભૂલો.

જગતમાં તો પ્રભુ જેવું બીજું સંભાળ લેનારું,
ખબરદારીભર્યું પૂરું નથી ક્યાંયે ખરું સાચું. ...જીવનનોઃ-

રખેવાળી બધી કરવા પ્રભુને જાત સોંપે જે,
થઈ નિશ્ચિંત એ પર રે' કરે તે સાચવ્યા એને. ...જીવનનોઃ-

કરી જે રીતનું ચિંતવન પ્રભુને જે હૃદય પ્રાર્થે,
પ્રભુ તે રીતનું દર્શન પમાડે છે હૃદય એને. ...જીવનનોઃ-

કરે છે જે તપશ્ચર્યા ભલે હો દ્વંદ્વ ભૂમિકા,
મળે શક્તિ મને* એને ઊગી જ્યાં તેમ તત્પરતા. ...જીવનનોઃ-

પરંતુ દ્વંદ્વ ભૂમિકામહીં જે શક્તિ મળતી છે,
રહ્યો ત્યાં લાભ ને સાથે વળીયે ગેરલાભે તે. ...જીવનનોઃ-

પ્રભુમય શક્તિમાં કોઈ બીજું ના છે પ્રભુ વિના,
થતું કલ્યાણ ત્યાં માત્ર ભળેલું ના કશું જેમાં. ...જીવનનોઃ-

જીવન વૈરાગ્યમય ભૂમિકા કરી કરીને હૃદયચિંતવન,
કર્યા કરતો નિરંતર તે પ્રભુમય પામતો જીવન. ...જીવનનોઃ-

સતત અભ્યાસ વૈરાગ્ય ભૂમિકા તે થવા કાજે,
કૃપા કરી લક્ષ દેજો ત્યાં બીજું સંભાળી તે લેશે. ...જીવનનોઃ-

---
* મનમાં

પ્રભુ તો સર્વ દાતા છે પ્રભુ કલ્યાણકારી છે,
પ્રભુ ઉગારનારો છે બધું તે સાચવી લે છે. ...જીવનનોઃ-

પ્રભુ પણ દંડ પોતાનો જરૂર પડતાં ઉગામે છે,
પ્રભુના દંડમાં કિંતુ રહ્યું કલ્યાણ સહુનું છે. ...જીવનનોઃ-

પ્રભુના દંડમાં જે કો કૃપા એની નિહાળે છે,
મળે શા કાજ તે દંડ પ્રીછે, એને સમજ પડશે. ...જીવનનોઃ-

કશુંયે ના મૂકી દે તે બધાંનું સર્વ તે જોશે,
બરાબર તોળી તોળી જે પૂરું હો વાજબી દેશે. ...જીવનનોઃ

બરાબર બંધ બેસી રે' બધે જેને અને તેને,
કરે શી વેતરણ એ તો લઈ કાતર અને ગજ બે ! ...જીવનનોઃ-

અદલ ઈન્સાફ એનો છે અદલ દુનિયા પ્રભુની છે,
અદલ સાચો પ્રભુ તો છે અદલ શો પ્રેમ એનો છે ! ...જીવનનોઃ-

પ્રભુ પર જે જતો વારી પ્રભુ પર થાય ન્યોછાવર,
હૃદય કૃતકૃત્ય રહી પ્રભુ પર ભજે, તે મેળવે છે વર. ...જીવનનોઃ-

પૂરેપૂરાં હૃદયભાવે થતાં ખુલ્લાં ખરાં રહેજો,
બધુંયે તે કહ્યા કરીને પ્રભુને, ત્યાં સભર રહેજો. ...જીવનનોઃ-

તા. ૫-૮-૧૯૪૬

૪૨

## પ્રભુની માત્ર લગનીને હૃદય ચેતાવતો રહેને.

પ્રભુ સહુને તપાસે છે કસોટી સર્વની કરશે,
વળી તે માપશે સહુને અને શો દંડશે સહુને. ...પ્રભુનીઃ-

બધી તૈયારી જેની છે જીવનમાં પામવા પ્રભુને,
પ્રભુની તે કૃપાના શા વરદ ત્યાં હાથ પરખે છે ! ...પ્રભુનીઃ-

હૃદય તૈયાર જે રહે છે કસોટી કે તપાસણી તે,
ચકાસણી કે પરીક્ષાએ હલાવી ના શકે એને. ...પ્રભુનીઃ-

કર્યો નિર્ણય હૃદયથી તે પૂરો ઉતારવા પાર,
મથ્યો, મંડ્યો, ખૂંપ્યો રે'શે, હૃદય એને જ શી ધૂન ! ...પ્રભુનીઃ-

પ્રભુની ધૂન ઉત્કટ જે જીવનમાં સોંસરી પ્રગટે,
કશાથી આવરાયે ના, જતો તે સર્વની પારે. ...પ્રભુનીઃ-

પ્રભુની પર સતત તે તો હૃદયની આંખ માંડીને,
હૃદયથી શો રહે જોતો પ્રભુના એકલા કામે. ...પ્રભુનીઃ-

જતાં તે કામ કરવા ત્યાં મળે જે જે, પ્રભુની ત્યાં,
હૃદય વૃત્તિ વલણ, દૃષ્ટિ પરોવી, સૌ કર્યા કરતાં. ...પ્રભુનીઃ-

'ન સારું' 'સારું' બે દેખે, બધાંમાંથી પ્રભુનીયે,
હૃદય છાયા નીરખવાની તમન્ના રે' સદા એને. ...પ્રભુનીઃ-

પ્રભુને એકનો એક રહેલો સર્વમાં જુએ,
હૃદય સદ્‌ભાવ એવાને બધાંમાં તો ઠરેલા રે' ! ...પ્રભુનીઃ-

પ્રભુ વિના કશું જોવા હૃદય એનું ન તત્પર છે,
પ્રભુને આપમેળે તે હૃદયમાં શો નિહાળે છે ! ...પ્રભુની:-

પ્રભુ દિલદાર જીવનનો હૃદયનો પ્રાણપ્યારો છે,
પ્રભુ સર્વસ્વ કંઈ એને પ્રભુનું સર્વ વહાલું છે. ...પ્રભુની:-

નઠારું તેય એનું છે નઠારુંયે જીવન મળતાં,
ગણી પ્રભુની પ્રસાદી તે ભજે છે તે પ્રભુને ત્યાં. ...પ્રભુની:-

રહે ત્યાં દ્વંદ્વનો ભાવ જગત 'સારું' ગણે જેને,
ભજે જે જ્ઞાનભક્તિથી ન તેવો ભાવ ઠેરવશે. ...પ્રભુની:-

પ્રભુને એકલો માત્ર બધે જે તે વિશે હૃદયે,
નીરખવાનું કરે એ તો પ્રભુનો ભક્ત એવો જે. ...પ્રભુની:-

હિસાબી ગણતરીવેડા 'શું આ' 'પેલું' હશે શું તે,
બધુંયે તે મૂકી દઈને ભલા ભજવું પ્રભુ કરને. ...પ્રભુની:-

મળંતાં કર્મમાં પ્રભુને સદા જીવતો કર્યા કરીને,
હૃદય લગની પ્રભુકેરી જીવન ચેતાવતો રે'ને ...પ્રભુની:-

તા. ૫-૮-૧૯૪૬

૪૩

## હવે શાને જરા થોભ્યો પ્રભુમાં ઝંપલાવોને.

કરે છે જે ન કૈં ચિંતા બધું એને મળ્યું રે' છે,
પ્રભુમાં તો લગાવી દો હવે ડૂબકી પૂરી રીતે. ...હવેઃ-

બધું ડહાપણ મૂકી દઈને ફગાવી માપવાકેરાં,
તમારાં ત્રાજવાં, હૃદયે લગાડી દો પ્રભુને ત્યાં. ...હવેઃ-

તહીં સંભાળી સંભાળી બધું ત્યાં જોઈ જોઈને,
અને સૌ તોળી તોળીને જવાનો તે ન રસ્તો છે. ...હવેઃ-

બધાં જોખમ પૂરું સાહસ, હૃદય છે ખેડવાં જેને,
પૂરું ત્યાં ઝંપલાવાને પ્રભુનો માર્ગ ઊભો છે. ...હવેઃ-

ન સોદા ત્યાં કશાના છે, ખુવારી માત્ર તો ત્યાં છે,
કણકની જેમ ગૂંદાઈ ગૂંદાવાનું રહે શું તે ! ...હવેઃ-

ઉમળકાભેર તૈયારી થવા સ્વીકાર હો સહુ તે,
પ્રભુના માર્ગ જેવો તો જીવન કાજે ન પથ ક્યાંયે. ...હવેઃ-

ફગાવી દો, ઉરાડી દો, જીવન ઓથાર જામેલો,
પ્રભુના એકલા સ્મરણે રહ્યા કરીને કરો કર્મો. ...હવેઃ-

જીવનનો ભાર સઘળોયે મૂકી દૈ તે પ્રભુચરણે,
મળંતાં કર્મમાં યાદ ધરી એની, સ્મર્યા કરજે. ...હવેઃ-

જગતમાંયે પડેલા છે કરે છે કૈં ન એવાયે,
ભલા, સંસારી એવાનું ગમે ત્યમ ગાડું ગબડે છે. ...હવેઃ-

રહે છે તો ભરોસે જે પ્રભુની ઝંખના ધારી,
પ્રભુ એને રહેવા દે કહોને કેમ ભિખારી ? ...હવેઃ-

ઊભા, આડા અને અવળા કશા સારા વળી નરતા,
વિચારોના વમળમાંહી રહી જાગ્રત ફસાવું ના. ...હવેઃ-

નશો જેને ચઢ્યો લાગ્યો પ્રભુના પ્રેમનો હૃદયે,
ન એને આડુંફેલું તો કશુંયે ક્યાંય ઊભું છે. ...હવેઃ-

બધેય માત્ર અધવચિયો અને તે હોય અધકચરો,
કુટાઈ તે મરે, કિંતુ પ્રભુનાને કશું ના સૌ. ...હવેઃ-

સ્વજનને પ્રાર્થના મારી હૃદયની કાકલૂદીથી,
'રહેશો કૈં ન અધવચિયાં જીવનમાં ક્યાંય અધકચરાં' ...હવેઃ-

જવું જો હો પ્રભુમાર્ગે પૂરું ત્યાં ઝંપલાવી દો,
મળંતાં કર્મમાં ભાવ પ્રભુકેરો પરોવી દો. ...હવેઃ-

પરોવાનો હૃદય જીવતો કરો અભ્યાસ ખંતીલો,
પ્રભુ રાખી હૃદય સામે પ્રભુ જોઈ બધું વર્તો. ...હવેઃ-

તા. ૫-૮-૧૯૪૬

૪૪

## પ્રભુમાં તો હવે લગની લગાડી દો લગાડી દો.

પ્રભુની સાથ તે કોઈ કર્યા કરશો નહિ ખેલ,
નહિતર ત્યાં તમારોયે બની રહેશે પૂરો ખેલ. ...પ્રભુમાંઃ-

સરળતાથી ભર્યાં રહીને હૃદયથી નિષ્કપટ થઈને,
નીપજવા ભાવ પ્રભુનો તે ભૂમિકા સ્નિગ્ધ સૌ કરને. ...પ્રભુમાંઃ-

નિરંતર એકલું અંતર પૂરું વાળ્યા કરી સ્વચ્છ,
પ્રયત્ન સાથ તે અંતર સ્મરણ કરતાં રહો, મિત્ર ! ...પ્રભુમાંઃ-

જીવનનો મેલ ધોવાને પ્રભુ તૈયાર ધોબી છે,
હૃદય મૃદુ ભાવથી પ્રાર્થી જીવનકપડાં દઈ દોને. ...પ્રભુમાંઃ-

ચઢવવો હો જીવન રંગ પ્રભુ તૈયાર રંગારો,
હૃદયનું પ્રાર્થના મૂલ્ય ધર્યાં એને ચરણ કરજો. ...પ્રભુમાંઃ-

જીવન વણતર કરવવું હો પ્રભુ તૈયાર વણકર છે,
ઊભું આડું વણાવા ત્યાં ધરી તૈયારી, મન કરજે. ...પ્રભુમાંઃ-

પ્રભુમાં ભાન પ્રેરાવો, પ્રભુમાં તાન પ્રેરાવો,
પડી રહેવું ન ત્યાં ધારો, લબાચા ફેંકીને દોડો. ...પ્રભુમાંઃ-

સળગતું ઘર જહીં દેખે અશક્તિવાન છો હોય,
ન કૈં તેવું વિચારે તે, ભલા ! એ ભાગતો કેમ ! ...પ્રભુમાંઃ-

પ્રભુને કાજ જે કોઈ ચરણમાં ઝંપલાવે છે,
મૂકી એને ન રેઢો દે પ્રભુ એવો કૃપાળુ છે. ...પ્રભુમાંઃ-

પ્રભુને કાજ જે મરતો પ્રભુ એને જિવાડે છે,
ધરે જીવવું પ્રભુ કાજે પ્રભુ એને મરાવે છે. ...પ્રભુમાંઃ-

ભલે ના હોય કૈં હિંમત છતાં જેણે પ્રભુ કાજે,
જીવન જીવવું ચહ્યું જાણ્યું પ્રભુ એને ચઢાવે છે. ...પ્રભુમાંઃ-

વિના આધાર જીવનને ભલાં ! તેથી બનાવી દો,
પ્રભુ આધાર તે સઘળો થવાનો છે તમારો તો. ...પ્રભુમાંઃ-

ભરેલું જ્યાં કશું હોય પ્રવેશી ના શકે ત્યાં તે,
પૂરાં ખાલી બન્યાં જાઓ હૃદયની પ્રાર્થના તમને. ...પ્રભુમાંઃ-

ભરી ભરી શું કમાવાનું ભલાં ! વિચારતાં કાં ના ?
હૃદય પ્રભુથી બધું ખુલ્લું કરો દર્પણસમાં હૈયાં. ...પ્રભુમાંઃ-

થઈશું જો પ્રભુકેરાં જીવનમાં એકલાં માત્ર,
બધાંનાંયે થવાનાં તો જરૂર તે જાણજો નિશ્ચય. ...પ્રભુમાંઃ-

પ્રભુને એકલું જાણી જીવનનું સાચું સગપણ તે,
હૃદયથી ત્યાં કરો વળગ્યા ઉમળકો આણી આણીને. ...પ્રભુમાંઃ-

તા. ૫-૮-૧૯૪૬

૪૫

## જીવન એળે જતું ચાલી કરી લો પ્રેમ પ્રભુ સાથે.

પ્રભુને જે ન ભૂલે છે, પ્રભુ એને ન ભૂલે છે,
પ્રભુને જે ભૂલે તોય પ્રભુ એને ન ભૂલે છે. ...જીવનઃ-

'બધુંયે તે પ્રભુનું છે' અરે ! તે શબ્દજંજાળ,
હૃદયની ભાવનાથી તો બધાંનું જાણજે મૂલ્ય. ...જીવનઃ-

જીવે છે તોય તે શાને જીવનને ના વિચારે છે ?
જીવ્યું તે ના જીવ્યા તોલે, જીવ્યું એવું નિરર્થક છે. ...જીવનઃ-

જીવે છે ઝાડ ને પાન પશુ પક્ષીય તે જીવે,
જીવન આ માનવીનું શું ખરે ! તેથીય બદતર છે ? ...જીવનઃ-

જગતમાં માનવી નિજને અરે ! માને સ્વતંત્ર જ શાં !
પૂરાં જકડાયેલાં કેવાં ! ન એનો ખ્યાલ સરખો ત્યાં. ...જીવનઃ-

હૃદય બંધન વિશે પૂરાં છતાંયે રાચતાં કેવાં !
થવા છૂટકો કંઈ બનતાં, ઉચાળા શા ભરે તેવાં ! ...જીવનઃ-

ભર્યું સંસારી જીવન પણ ભલા ! સંતાપ દુઃખોથી,
પ્રભુના માર્ગનાં દુઃખો થકી ગભરાય કાં પછીથી ? ...જીવનઃ-

બધાં સંસારી દુઃખોથી જીવન ઊલટું જ બંધાશે,
પ્રભુનાં દુઃખ સહેવાથી થવાનો છુટકારો છે ...જીવનઃ-

પ્રભુનાં દુઃખમાં શ્રમ છે પ્રભુનાં દુઃખમાં તપ છે,
પ્રભુનાં દુઃખમાં સાથે પ્રભુનો પ્રેમ સાચો છે. ...જીવનઃ-

ન કોઈને પડી કશીયે પ્રભુનાં દુઃખમાં જોવા,
પ્રભુનો પ્રેમ શો વહાલો રહ્યા કરતો બધાંનામાં. ...જીવનઃ-

પ્રભુનાં દુઃખથી જીવનતણી ઉષ્મા સુરખી પ્રગટે,
પ્રભુનાં દુઃખ તો મૂળ જીવન પ્રગટાવનારાં છે. ...જીવનઃ-

પ્રભુનાં દુઃખને શાને અરેરે ! દુઃખ સમજો છો,
ભલા ! ના દુઃખ તે સાચું, જીવનનું પ્રેમ અમૃત તો. ...જીવનઃ-

પ્રભુનાં દુઃખથી શાને તમે ભડકી જઈ નાસો,
પ્રભુથી કોઈ ના અળગું સમાયો તે બધાંમાં તો. ...જીવનઃ-

પ્રભુને માર્ગ જે મળતું બધું તે તે સ્વીકારીને,
તહીં બસ એક જોવાનું જીવનને રાખજો હૃદયે. ...જીવનઃ-

પ્રભુને ઉર ઉમળકાથી ચહીચહીને કરો વહાલો,
હૃદયની ભાવ અંજલિ દઈ પ્રભુ સંતોષતા રહેજો. ...જીવનઃ-

પ્રભુ જો દુઃખ દેનારો પ્રભુ તો સુખ દેનારો,
છતાં બન્નેમહીં પ્રેમ પ્રભુનો એકધારો શો !. ...જીવનઃ-

તા. ૫-૮-૧૯૪૬

૪૬

## સ્તવી સ્તવી ભાવથી પ્રભુને, પ્રભુ જન્માવજે હૃદયે.

પ્રભુનું જે ભજે શરણું ‘શરણું તે કેમ રે’ જીવતું’ ?
બધાં કર્તવ્યમાં એનું રહે છે ધ્યાન પ્રોવાતું. ...સ્તવીઃ-

પ્રભુને રાજી રાખીને પ્રભુને રીઝવી હૈયે,
જીવન એવું ચહો જીવવા પ્રભુને કે રિઝાવાયે. ...સ્તવીઃ-

થતું જે જે રહે તેમાં પ્રભુમાં દિલ રાખીને,
પરોવાયા જશે ભાવે પ્રભુના ભક્ત બનશે જે. ...સ્તવીઃ-

ન કોઈના થયા વિના પૂરેપૂરા હૃદય ભક્ત,
પિછાની ના શકે એને પૂરેપૂરી બધી રીત. ...સ્તવીઃ-

‘પહેલાં પ્રીછી લો પોતે તમારી જાતને પૂરી,
બીજાને પ્રીછવા પછીથી નીકળજો’ પ્રાર્થના મારી. ...સ્તવીઃ-

કશામાં આડફંટે તે પરોવો ના તમે દિલને,
ગુમાવો ગાંઠનું ગર્થ નકામું એ રીતે શાને ? ...સ્તવીઃ-

કહેશો કે ‘અમારું ના કશું ત્યાં જોર ચાલે છે,’
ભલા ! ના ચાલતું જોર છતાં ત્યાં તું સ્મરણ કરજે. ...સ્તવીઃ-

ભલે હારો ન પરવા છે છતાં દો યુદ્ધ પૂરું ત્યાં,
ખપાવી દઈ બધું જોર પ્રભુને યાદ કરી કરી ત્યાં. ...સ્તવીઃ-

નકારાત્મક જીવનકેરાં વલણને વાળવા કાજે,
પૂરી તૈયારી રાખીને બરાબર યુદ્ધ કરજો તે. ...સ્તવીઃ-

હશે લડતો જીવન એનાં થતાં રે' વ્યક્ત ત્યાં લક્ષણ,
લગન જેની પૂરી હાર્યે, જુદાં એવાતણાં લક્ષણ. ...સ્તવીઃ-

કરે ના જે પ્રતિકાર અને ખાલી બૂમો પાડે,
પ્રભુ ના સાંભળે એનું, બધો બકવાદ ખોટો તે. ...સ્તવીઃ-

પરંતુ હામ હૈયાની રહેલી, તે બધી યુદ્ધે,
ખપાવામાં લગાડાતાં જીવનમાં શક્તિ પ્રગટે છે. ...સ્તવીઃ-

અને ત્યાં તે થતા યુદ્ધે મદદ માગ્યા કરો પ્રભુની,
થવાનું જે પછી હો તે ગમે તેવું બને છોની. ...સ્તવીઃ-

ભરોસો રાખતાં શીખો, પ્રભુ પર ધારણા રાખો,
બધાંનામાં ધરી ભાવ પ્રભુને પ્રીછતાં પેખો. ...સ્તવીઃ-

સમર્થ સર્વમાં જે તે પ્રભુ તો એકલો શ્રેષ્ઠ,
ચરણ જેણે ગ્રહ્યાં એનાં પછી તે કેમ રે' હેઠ ? ...સ્તવીઃ-

વહાલામાં વહાલું હો જીવનમાં એક ધારીને,
હૃદયના વહાલનો ધોધ પ્રભુપદમાં ઊછળવા દે. ...સ્તવીઃ-

તા. ૫-૮-૧૯૪૬

૪૭

## બહુ થયું બાપલાં ! હાવાં હૃદય લગની લગાડી દો.

હૃદયમાં ભક્તિ પ્રભુ પર તું સદા પ્રગટાવતો રે'જે,
હૃદયના ભાવથી પ્રભુપદ પખાળ્યાં તું સદા કરજે. ...બહુઃ-

મળેલું જો નકાર્યું તો નકારીશ ત્યાં પ્રભુને તું,
મળેલું તો પ્રસાદી છે તહીં ભાવે પ્રવર્તવું શું ! ...બહુઃ-

જગતના માનવીયે તે મળંતાં પ્રેમ, રાજી રે'
હૃદયના પ્રેમથી કેમ પ્રભુ રાજી ન થઈ શકશે ? ...બહુઃ-

જગવવા દો, જગવવા દો, હૃદયના પ્રેમને પૂરો,
ઊછળવા દો, ઊછળવા દો પ્રભુ પર પ્રેમ તે પૂર શો. ...બહુઃ-

પ્રભુ વશ પ્રેમથી થાય, પ્રભુ વશ ભાવથી થાય,
હૃદયના ભાવનો ભૂખ્યો જમાડો ભાવનું અન્ન. ...બહુઃ-

બધું જે તે કર્યા કરતાં હૃદયમાં પ્રેમની મૂર્તિ,
પ્રભુની તે લગાડીને કર્યા ચિંતવન કરો મનથી. ...બહુઃ-

થયા ચિંતવન જતાં હૃદયે પ્રભુનો રાગ પ્રગટે છે,
પ્રગટતાં રાગ એનામાં હૃદય ત્યાં તેમ ઊલટે છે. ...બહુઃ-

પ્રભુનું તેથી તે ચિંતવન થયા કરવા ટકોરો મન,
જતાં મનને જ સંકોરી પ્રભુમાં વાળવું હરદમ. ...બહુઃ-

પ્રભુના પ્રેમથી મુગ્ધ થતાં ચિંતવનતણી સાંકળ,
-અખંડિત રાખજો વહાલાં ! જીવનની એક તે ફાવટ. ...બહુઃ-

તૂટંતો તાર ઊપજાવી દરદ, સાલ્યા ઊંડું કરજો,
જતાં જો તાર તે તૂટી પ્રભુની પ્રાર્થના કરજો. ...બહુઃ-

કશું બનતાં હૃદય જેને પ્રભુને પ્રાર્થના કરવી
-સૂઝે છે, તે પ્રભુકેરી જીવનમાં મેળવે શક્તિ. ...બહુઃ-

હૃદય-ધા નાખવાકેરો પ્રભુચરણે જ અભ્યાસ
-પડેલો છે, સદા એનો તૂટે છે સર્વ અધ્યાસ. ...બહુઃ-

પ્રભુના ભક્તને ક્યાંયે 'નિરાશા,' 'હાર' છે ના તે,
ગમે તેમાંથી પ્રગટાવે પ્રભુની ચેતનાને તે. ...બહુઃ-

પ્રભુની તો પડી જેને, થતાં કંઈ તે પ્રભુ પાસે
-જતો દોડી, જણાવી દઈ પ્રભુથી સહાય માગે છે. ...બહુઃ-

ઉકેલાતાં કશું ના કૈં ન તેવો બેસી રે' કદીયે,
હૃદય પ્રાર્થ્યા કરી પ્રભુને કરી ચિંતવન ઉકેલે તે. ...બહુઃ-

ઉકેલ્યા ના વિના મૂકે કશું આવેલ એને જે,
થતું જે જે રહે તેમાં સ્વીકારી લે પ્રસાદી તે. ...બહુઃ-

પ્રભુ શૂળીએ ચઢાવે છે, કદીક તો તે પછાડે છે,
થતાં તે, અંતરે ઊતરી રહ્યું કારણ પરખજો તે. ...બહુઃ-

તા. ૫-૮-૧૯૪૬

૪૮

## પ્રભુ તો સર્વવ્યાપી છે હૃદય એને બનાવી લો.

પ્રભુને ઝંખતા રહીને પ્રભુમય સૌ થવા કાજે,
મળેલી બુદ્ધિશક્તિનો પૂરો ઉપયોગ કરજો તે. ...પ્રભુઃ-

મળેલી બુદ્ધિ એ તો છે પ્રભુને પ્રીછવા કાજે,
કૃપાથી તે દીધેલી કે શકે ખોળી પ્રભુને તે. ...પ્રભુઃ-

દઈને સાતતાળી શો ગયો સંતાઈ પોતે તે !
હવે 'દા' શોધવાકેરો તમારે ભાગ આવ્યો છે. ...પ્રભુઃ-

મળી માયા સખી વચ્ચે ભુલાવીને જીવનને તે,
પકડવાની રમતકેરું બધું તે ભાન ભૂલવે છે. ...પ્રભુઃ-

રમાડે માનવીને શું ! ભમાવે માનવીને શું !
ચઢાવી રંગ પોતાનો બનાવે એક માયા શું ! ...પ્રભુઃ-

જીવનનો ધર્મ જે મુખ્ય ન એનો રે' કશો ખ્યાલ,
લહી નિજ બાહુમાં માયા કરે શાં માનવી મુગ્ધ ! ...પ્રભુઃ-

ભૂલી જઈને ખરો સ્વાર્થ બીજો તે સ્વાર્થ બાંધે છે,
અને તે સ્વાર્થ દુનિયામાં પૂરાં લપટાઈ જાયે છે. ...પ્રભુઃ-

ઉગારે એકથી જ્યાં તે બીજામાં શો ફસાયે છે,
હૃદયથી કાંક બાપલિયાં ! જરા જાગો પ્રભુ સ્મરીને. ...પ્રભુઃ-

પ્રભુ સંભાળી સૌ લેશે પ્રભુને સોંપશો જો તે,
પ્રભુની પ્રાર્થના કરતાં પ્રભુ આવી ઊભો રે'શે. ...પ્રભુઃ-

પ્રભુ આગળ કશું માયાતણું ના જોર ચાલે છે,
પ્રભુની સહાય લૈ લૈને જીવનપથ સાચવ્યા કરજે, ...પ્રભુઃ-

પ્રભુને જીવતો રાખે જીવનના વહેણ અંતર જે,
ગમે તેવા વમળથીયે પ્રભુ એને બચાવે છે. ...પ્રભુઃ-

પ્રભુની પ્રાર્થનાકેરું જીવનમાં જેહને સાધન,
અનુપમ લાધિયું એને થયા જે તે કરે અનુકૂળ. ...પ્રભુઃ-

જતું ના કોઈનું જીવન સરળ જે સુતરું સુતરું,
હૃદયમાં ભાવનાબળને દઢવવા તે મળ્યા કરતું. ...પ્રભુઃ-

ઝઝૂમ્યા જે કરી પૂરાં લડતને આવકારે છે,
પ્રભુ પ્રત્યક્ષ ત્યાં રાખ્યે પ્રભુ હંકારશે એને. ...પ્રભુઃ-

જીવનમાં યુદ્ધની હાર ભૂમિકા સર્વ પર રહી છે,
ઊંઘ્યે ત્યાં હાર પામે ને હૃદય જાગ્યે જીતે શો તે !. ...પ્રભુઃ-

પ્રભુથી જે થવા તમને કરે નડતર ત્યજી તે તે,
ચરણ એને ધરી પ્રભુમાં વધારો ચેતના હૃદયે. ...પ્રભુઃ-

તા. ૫-૮-૧૯૪૬

૪૯

## પ્રભુ તો તે તમારો છે હૃદય સ્વીકારી લો એને.

રહેતાં પેઢીમાં નોકર મળે ત્યાં જે કંઈ વેતન,
તમે એના થકી અધિકું કમાઈ આપતાં રો' ધન. ...પ્રભુઃ-

પ્રભુએ તો કમાવાને તમોને મોકલ્યા જીવન,
જીવનને ઊલટું ખોઈ કમાવાનું ભૂલ્યાં ભાન. ...પ્રભુઃ-

ઘડાવા દાગીનો દેતાં પડે ઘડતરતણું મૂલ્ય,
ઘડવવા તો જીવન કાજે ધરો કાં ના હૃદયમૂલ્ય ? ...પ્રભુઃ-

ઘડાવામાં કશો ઘાટ પડે ચગદાવું ત્યાં એને,
ભલા ! ચગદાવું એ તો છે, પરિવર્તન જીવનનું તે . ...પ્રભુઃ-

જીવનની એવી તકમાં જે બૂમો પાડી ઊઠે છે તે,
મળેલી તક ગુમાવીને હૃદય બેચેની પામે છે. ...પ્રભુઃ-

હૃદય જીરવાતું ના હોય પૂરું સમજી શકાયે તે,
પ્રભુને સાથ દેવા તે ખરી તક, પ્રાર્થના કરજે. ...પ્રભુઃ-

પરંતુ 'ક્યાંથી આવ્યું આ નિરાંતે જ્યાં સૂતેલાં'તાં
-કરાવ્યાં શાને સળવળતાં' હજી તેવાં ન કૈં સમજ્યાં. ...પ્રભુઃ-

મળ્યા કરવાનું 'સળવળવું', જગતના કર્મવ્યવહારે,
ન એને રોકી શકવાના, તહીં કાં બડબડો ના તે ? ...પ્રભુઃ-

ભલેને બડબડો તોયે ન તેથી મુક્ત થૈ શકતાં,
પ્રભુપથકેરું 'સળવળવું' બને શું મુક્તિનું દાતા ! ...પ્રભુઃ-

સ્વીકારી કેમ લેવાતું નથી તે ખ્યાલ કરી હૈયે,
કરી ઊંડાં પૃથક્કરણો નિહાળી જાતને લ્યો તે. ...પ્રભુઃ-

ઉપરછલ્લી ભલે વૃત્તિ પ્રભુમાર્ગે પ્રવેશાવા,
કરો ઉપયોગ ત્યાં એનો લગન પ્રભુની જ ચેતવવા. ...પ્રભુઃ-

હશે થોડીય જો મરજી ભલા ! તે કામ દેવાની,
શકો જો વાપરી કાળે નિરર્થક તે ન બનવાની ...પ્રભુઃ-

હૃદય જાગેલ ઊર્મિ તે વહાવા કાં નિરર્થક દો ?
ચરણમાં જોતરી એને થતું સૌ કામ એથી લો. ...પ્રભુઃ-

ગમે તેવું મળ્યું સાધન થકી જે કામ લે છે તે,
કુશળ વેપારી સાચો તે महात्मा ગાંધી પાક્યો છે. ...પ્રભુઃ-

જીવતું દૃષ્ટાંત ને પાઠ પ્રભુએ તો બતાવ્યો છે,
કર્યા કરવું જ જાણે તે નિરાશા ક્યાંય ના એને. ...પ્રભુઃ-

કર્યા કરવામહીંથી તો નીપજતી ચેતના હૈયે,
બને જે જે થતું, સઘળું કર્યા કરી મસ્ત શાં રહોને. ...પ્રભુઃ-

તા. ૫-૮-૧૯૪૬

૫૦

## પ્રભુને પ્રાર્થના મારી હવે લગની લગાડી દો.

ભલા, પામર હું શો માનવ ! પ્રભુવાતે અધૂરો જે,
સ્વજન આવી હૃદય મળિયાં જીવનને વ્યક્ત બનવાને ...પ્રભુનેઃ-

જીવન આધાર ભૂમિકારૂપે એવાં સ્વજન મુજ છે,
પ્રભુને ત્યાં ભજી હૃદયે ભજવવાનું કરાવે તે. ...પ્રભુનેઃ-

ખરે ! પામરતણું શોભે બધું પામરપણું ચરણે,
પ્રભુનાં પદકમળ વિના ન એને યોગ્ય સ્થળ ક્યાંયે ...પ્રભુનેઃ-

જગતની આગળે પામર જણાવાનું હવે મૂક્યું,
કૃપા પ્રભુની જ કે પામર હતું નહિતર રહેવાયું. ...પ્રભુનેઃ-

હવે ગરવાપણું એણે જીવનમાં ઉપજાવ્યું છે,
જીવનને કાજ તો એનો હવે ઉપયોગ કરવો છે. ...પ્રભુનેઃ-

ઘમંડી છો અભિમાની જગતજન જાણતાં મુજને,
ન મારું ત્યાં જવાનું છે, પ્રભુ જોનાર મારો છે. ...પ્રભુનેઃ-

જગતના માનવીમાં શી રહી તાકાત જોવાને ?
કશાનું એક તે આજે વદે, બીજું વદે કાલે. ...પ્રભુનેઃ-

જગતમાં તો પ્રભુ મારો, ન અવગણના કશી ઊગે
-જગતના કંઈ કથન વિશે, કૃપા એ તો પ્રભુની છે. ...પ્રભુનેઃ-

બધાંને ચાહી ચાહીને સહી અવહેલના લઈને,
જગતમાં જીવવાનું છે પ્રભુ ખાતર હવે હૃદયે. ...પ્રભુનેઃ-

જીવનના એ જ દાવાની પરીક્ષા ને કસોટીયે,
કૃપાથી ત્યાં ચઢાવી શો પ્રભુએ ધન્ય બનવ્યો છે ! ...પ્રભુનેઃ-

હવે વહાલો પ્રભુ ને હું જીવનમાં નાચતાં રહીશું,
જીવન આનંદનો લહાવો લૂંટીશું ને લુંટાવીશું. ...પ્રભુનેઃ-

જીવનનું મૂલ્ય જોવાને જીવનનો ભાવ લેવાને,
પ્રભુનાં પદકમળકેરી સ્વજન એ તો પ્રસાદી છે. ...પ્રભુનેઃ-

પ્રભુનું કાજ તે કરવા જતાં કેવી કસોટીએ
-ચઢાવીને કૃપાથી તે જણાવે છે પ્રભુને તે. ...પ્રભુનેઃ-

મળે છે લાભ ને લાભ કશું નુકસાન ના ત્યાં છે,
પ્રભુજીવનતણી ખૂબી રસીલી શી ભરેલી તે ! ...પ્રભુનેઃ-

સ્વજન વહાલાં ! તમે આવો જીવનરસ લૂંટવા કાજે,
ઊભાં કા પાળ પર રો'છો ? હવે ભૂસકો લગાવી દો ...પ્રભુનેઃ-

ઊભેલાં પાળ પર છો રો' પ્રભુ મારો કૃપા કરીને
-લગાવી એક ધક્કો તે જરૂર દેશે, સમય પાક્યે. ...પ્રભુનેઃ-

તા. ૫-૮-૧૯૪૬

૫૧

## કર્યું સુતરું પ્રભુએ તો વફાદારી હવે રાખો.

રહેલું છેક શું હેઠું પ્રભુ એને ઉપર લાવે,
ગણતરીમાં કશું નહોતું ગણતરીમાં ગણાવે તે. ...કર્યુંઃ-

ન જેને કોઈએ પૂછે કશામાં ક્યાંય તે ભાવ,
મૂકેલું સાવ હડસેલી, અનેરું પામતું સ્થાન. ...કર્યુંઃ-

ન જેની સામને કોઈ નજર પૂરીય કરતું'તું,
નજરમાં તે હવે વહાલું રહ્યા કરતું જીવનમાં શું ! ...કર્યુંઃ-

ન જેને કોઈ બોલાવે ન જેનો કાંઈ હિસાબ,
પ્રભુ એનો બતાવે શો જીવનનો સર્વ ઈતિહાસ. ...કર્યુંઃ-

કૃપા એવી થયેલી છે જીવન જેના પરે પ્રભુની,
પ્રભુને તેય પણ જીવને શું સંઘરશે નહિ દિલથી ! ...કર્યુંઃ-

મળેલો પ્રાણપ્યારો છે જીવનસંગાથી રૂડો તે,
બીજો એના સમો કોઈ તને જડનાર ના ક્યાંયે. ...કર્યુંઃ-

લીધી સંભાળ એણે શી ! લીધો શ્રમ તું પૂંઠળ કેવો !
બધું તે યાદ રાખીને હૃદય લે તે જીવનવહાલો. ...કર્યુંઃ-

જીવનવિકાસ કાજે તે જીવનને ગાળવાનું જે,
પરસ્પરના સુમેળે, શો સમન્વય જીવને સાધે ! ...કર્યુંઃ-

પ્રભુને તો ગણી વહાલો હૃદયના સર્વ સગપણથી,
પરસ્પર યજ્ઞજીવનમાં જીવંતાં રો' સમર્પણથી. ...કર્યુંઃ-

પ્રભુએ જ્યાં કરાવ્યો છે પરસ્પર મેળ જીવનમાં,
રહ્યો હેતુ પ્રભુનો શો ! કરો હેતુની સાર્થકતા. ...કર્યું:-

પ્રભુનો હાથ એમાં તો રહેલો જાણજો નિશ્ચે,
જતાં ભૂલી પ્રભુ કેવાં થવાનાં બેવફા હૃદયે ! ...કર્યું:-

કરું ભાવે પ્રણામો હું લળી લળીને હૃદય તમને,
હૃદય સામે પ્રભુ રાખી કરોને જીવવાનું તે. ...કર્યું:-

મળેલું જે સ્વજન તમને ફળવજો તે કૃપા કરીને,
હૃદયમાં પ્રાર્થના તમને ખરેખર એકલી તે છે. ...કર્યું:-

તમારા તે જીવ્યા પર છે હૃદય આધાર જીવવાને,
'જીવનવિકાસનું જોમ તમારું' — પ્રાણ મારા તે. ...કર્યું:-

થતો જે સર્વ જયવારો તમારો ભાવના જીવને,
ચરણ ટેકાવવા મારે મળેલું સાચું તે સ્થળ છે. ...કર્યું:-

કૃપા કરજો કૃપા કરજો સ્વજન વહાલાં કૃપા કરજો,
પડેલો પાલવે એની પૂરેપૂરી લાજ દીપવજો. ...કર્યું:-

તા. ૫-૮-૧૯૪૬

૫૨

## લગાડી ધૂન જીવનની પ્રભુમાં ચિત્ત જોડી દે.

કૃપા મંગળ પ્રભુકેરી હૃદયથી માગતા રે'જો,
હૃદયમાં પ્રાર્થના કરીને વહાલો પ્રાણ રીઝવજો. ...લગાડીઃ-

કૃપા ગંગા અવતરવાને હૃદય પૃથ્વીમહીં શકવા,
ભગીરથ કેટલાયે તે શક્યા ફાવી જીવન મથતાં. ...લગાડીઃ-

જગતના માનવીને તે હૃદયમાં પ્રેરણા પાવા,
જીવતું દૃષ્ટાંત ને પાઠ દઈ ચેતાવતા કેવા ! ...લગાડીઃ-

કશું શું શક્ય ના તે છે-હૃદય જો હામ ભીડી છે ?
ઉતારી આભનેયે તે શકો પૃથ્વી પરે નિશ્ચે. ...લગાડીઃ-

ભલા, ના માનવી હાર્યો જુઓ ઈતિહાસ માનવીનો,
કહીં ના તે ડગ્યો ભાળો, ડગ્યો, તોયે ન ચળવાનો. ...લગાડીઃ-

કરી કરી શી મહેનત ને ઊભું શું શું કર્યું એણે,
નહોતું એ જ જન્માવ્યું જગતને બોધ લેવાને. ...લગાડીઃ-

જગતમાંયે કર્યા કરતાં રહે છે માનવી જે તે,
કર્યા કરવામહીં તો તો હૃદયદૃષ્ટિ વળાવી દે. ...લગાડીઃ-

બીજું જોવાનું કર્તવ્ય કશું ના કાંઈએ તે છે,
પ્રભુને પામવાકેરું જીવન કર્તવ્ય બસ તે છે. ...લગાડીઃ-

છતો કેવી રીતે પ્રભુ તે જીવનમાં આપ પોતે રે',
જીવનનું એકલું ચિંતવન જીવન રાખ્યા કરો બસ તે. ...લગાડીઃ-

જીવનનો ધર્મ એક જ તે, જીવનનો માર્ગ એક જ તે,
જીવનનો પ્રાણ એક જ તે, જીવનની શક્તિ એક જ તે. ...લગાડીઃ-

જીવનમાં ધર્મ પોતાનો પૂરેપૂરો જ પાળે જે,
ન એને ક્યાંય ઉધામા ભળેલાં તે પ્રભુમાં છે. ...લગાડીઃ-

જીવનઉદ્યાનને ફળવા થવું માળી પડે પોતે,
સતત ત્યાં નીંદવું પડતું પડે છે ગોડવું એને. ...લગાડીઃ-,

વધે ઉદ્યાનની શોભા બધી એવી રીતે રચના,
હૃદયમાં ચિંતવી એને પડે કરવું બધુંયે ત્યાં. ...લગાડીઃ-

હૃદય રમણીયતા મુગ્ધ જીવનઉદ્યાનની શોભા,
નિહાળીને ને નિહાળી તે થતાં શાં માનવી ઘેલાં. ...લગાડીઃ-

બધાં ઉપભોગ એનો તે કર્યા કરવે જ ગુલતાન,
પડ્યો શ્રમ તે બનવવા ત્યાં વિચારે તે, ન દે*ભાન. ...લગાડીઃ-

જીવનઉદ્યાન કરવાને મતિ, મન, ચિત્ત ને પ્રાણ,
-અહં આદિ બનાવી દો પ્રભુને ધારવા ચેતન. ...લગાડીઃ-

તા. ૬-૮-૧૯૪૬

* તાન

૫૩

## પ્રભુને એકલું સાધન ગણી એને ચહો હૃદયે.

જીવનને આંગણે આવી રહે શી માગવી ભીખ !
જીવનનો ધર્મ એવો તે જગતમાં જાણશે કોક. ...પ્રભુનેઃ-

અમારું મેલું સઘળુંયે પ્રભુએ શું ઉપાડ્યું છે !
જીવનના ધર્મમાં એણે અમોને આપી દીધું તે. ...પ્રભુનેઃ-

પ્રભુ જે જે લઈ લે છે બીજી રીતે જ તે પાછું,
જીવન વળતર થવા દેવા હૃદય દે શક્તિ રૂપક શું ! ...પ્રભુનેઃ-

પ્રભુ તો એક સોદાગર ખરો જીવનબજારે શો !
જીવનનું મૂલ્ય અંકાવી જીવનસોદા કરે તે તો. ...પ્રભુનેઃ-

ચઢી આવેલું જે કોઈ કશું લેવા નિમિત્તે તે,
જવા એને ન દે પાછું કુશળ એવો બધી વાતે. ...પ્રભુનેઃ-

પ્રભુની શી બલિહારી પ્રભુની શી ખૂબી ન્યારી !
અનેરી રીત વહાલાની હૃદય રંજન પમાડે શી ! ...પ્રભુનેઃ-

મથાવે છે હરાવે છે, હરાવીને જિતાડે છે,
જિતાડ્યામાં કદી હાર જીવનમાં શી બતાવે તે ! ...પ્રભુનેઃ-

છતાં જેને જીવનમાંનું કર્યા કરવાનું તે વિશે-
જીવતું રે' લક્ષ એવાંને બધુંયે સુતરું નીપજે. ...પ્રભુનેઃ-

પ્રભુને સહાય દેનારો કૃપા કરનાર જીવનમાં,
અનુભવતો રહે જે જે ન એને ક્યાંય રે' દુવિધા. ...પ્રભુનેઃ-

જીવનમાં એવું પ્રેરક બળ મળ્યા કરતું હૃદય નીરખે,
પ્રભુમાં તે પછી તેવા હૃદય ગરકાવ શા રહે છે ! ...પ્રભુનેઃ-

ચળાવી ના શકે કોઈ ભમાવી ના શકે કોઈ,
ફગાવી ના શકે ત્યાંથી જગતની શક્તિ જે કોઈ. ...પ્રભુનેઃ-

વરદ પદ તે ચરણરજનું જીવનસાફલ્ય કરવાને,
લગન લાગી ગઈ જેને સદા મસ્તાન તેવા છે. ...પ્રભુનેઃ-

જગત જીવનતણી રક્ષા જગત જીવનતણું સિંચન,
જગત જીવનતણું પોષણ, મળ્યાં એથી જતું નિશદિન. ...પ્રભુનેઃ-

જીવનના તે સિતારા છે જીવનના તે મિનારા છે,
જીવનના શા પીનારા તે! જીવન પાનાર પણ તે છે. ...પ્રભુનેઃ-

અનાદિ આદિથી એવાં હરિનાં જન થયેલાં જે,
જગતચરણે જ ચગદાયાં, જગત ઈતિહાસ એવો છે. ...પ્રભુનેઃ-

થયા એવું પહેલાંયે પડે ચગદાવું એવાંને,
ખરે ! ચગદાઈ જીવવાનું થયા કેડેય પદ એને. ...પ્રભુનેઃ-

હૃદય બન્નેયની રીતમાં જુદો જુદો જીવનફેર,
જીવન જે એકથી પ્રગટે બીજું નિપજાવતું જીવન. ...પ્રભુનેઃ-

તા. ૬-૮-૧૯૪૬

## ૫૪
## હૃદય સંકોરતા રે'જો પ્રભુમાં ચિત્ત મનને તે.

પ્રભુને તો પમાવાને જીવનની રીત ન્યારી છે,
થવામાં શૂન્યવત્ જેને ગમે, તેવા પ્રભુ રીઝવે. ...હૃદયઃ-

ભરેલું જીવમાં શું શું ! પડે સઘળું ઉલેચવું તે,
હૃદય ઉલેચવામાં દઈ શકે શ્રમ, તે ખરું પામે. ...હૃદયઃ-

થવા શ્રમ તે હૃદય જેને ઉમળકો આઠ અંગે રે',
જીવનને શુદ્ધ કરી શકવા થતાં શાં ભાગ્યશાળી તે ! ...હૃદયઃ-

'ઉમળકો શી રીતે જન્મે ?' મને કો માનવી પૂછે,
નથી કો રીત એની તો, ન ત્યાં કોઈ નિસરણી છે. ...હૃદયઃ-

હૃદયમાં ઝંખના ઉત્કટ થવા તે કાજની જેને,
કરી એવાં બધાં શકશે જરૂરી શ્રમ ગમે તેયે. ...હૃદયઃ-

હરિનાં જન થયેલાંની જીવનની હો પરખ જેને,
હૃદય વળગાડતાં એને તમન્ના લાગવા તક છે. ...હૃદયઃ

મળેલાં તે હરિજનની અનુભવથી કરી જાંચ,
હૃદય જો યોગ્યતા લાગે રહો વળગેલ ત્યાં માત્ર. ...હૃદયઃ-

થવું જો તે ન હો શક્ય તમન્ના જો ન પ્રગટી હો,
છતાં હો તે થવા વૃત્તિ પ્રભુમાં મન જગાડો તો. ...હૃદયઃ-

હૃદયથી ભાવનીંગળતા ભર્યાં અશ્રુ થકી નયને,
પ્રભુને યાચવાનું તે કર્યા કરજો સતત હૃદયે. ...હૃદયઃ-

થયેલી વૃત્તિ મોળી હો, ન એની કાંઈ ચિંતા છે,
કરી ઉપયોગ લો એનો પૂરો, તો શક્ય જે તે છે. ...હૃદયઃ-

પરંતુ ખાલી ખાલી જ્યાં વળગવાનું કર્યે પ્રભુને,
પ્રભુ દેખા ન દેતાં ત્યાં જગત શું બૂમ મારે છે ! હૃદયઃ-

નિહાળે ના જગત અંતર ભરેલું કેવું કેવું છે !
કરે ફરિયાદ પછી પ્રભુની અહા ! તે આંધળું શું છે ! ...હૃદયઃ-

છતાં એ તો પ્રભુ વહાલો જગત અંતર વસેલો છે,
જગત ફરિયાદ છો કરતું જગતની ટેવ એવી છે. ...હૃદયઃ-

મળેલાં કામમાં તારા ભલા, તેથી જીવ્યો જાને,
જગતમાં તો જગત તારું સમાયેલું રહેલું છે. ...હૃદયઃ-

જગત એ તો પ્રભુનુંયે, નમી નમી ત્યાં પ્રભુચરણે,
બધું ઓગાળવા નિજનું મળેલું છે સમજજો તે. ...હૃદયઃ-

પ્રભુના ભક્તને ભક્તિ થવા કાજે મળેલું છે,
પ્રભુના ભક્તને પાછું થવા વળતર મળેલું તે. ...હૃદયઃ-

તા. ૬-૮-૧૯૪૬

૫૫

## તમારું સૌ ફગાવીને હવે તો લો પ્રભુ હૃદયે.

પ્રભુના નામની ધૂન જગાડીને લગાડીને,
મતિ, મન, ચિત્, અહં, પ્રાણ, કરો જોડ્યાં ચરણમાં તે. ...તમારુંઃ-

કશીયે કામના પ્રાણે થતાં ત્યાં ચેતના ધારો,
'વસેલો ત્યાં પ્રભુ એથી બગાડાયે ન એને તો.' ...તમારુંઃ-

મતિ જો બીજું સુઝાડે હૃદય વિચારવું પળ તે,
'પ્રભુની શક્તિ 'બુદ્ધિ' તો મળી પ્રભુકામ કરવાને' ...તમારુંઃ-

કરે સંકલ્પ વિકલ્પો તહીં મનને જગાડીને,
'પ્રવેશાવા મળ્યું એ તો પ્રભુપદ' એમ ચેતવજે. ...તમારુંઃ-

બધી એવી કરણવૃત્તિમહીં મૂળને જગાડીને,
કરો જો ઝંખવું હૃદયે તમન્ના જાગતી રહે તે. ...તમારુંઃ-

બધાં કરણોની વૃત્તિમાં પ્રભુની શક્તિ કેવી છે !
સમજનારા હૃદય સમજે બીજાને ના ગતાગમ છે. ...તમારુંઃ-

અકળ કેવી પ્રભુકેરી મહાઅદ્ભુત રચના છે,
પ્રભુનામાં કળેલી શી ! પ્રભુનાથી ગળેલી છે. ...તમારુંઃ-

ચીતરતાં ચિત્ર ચિતારો બગડતાં-ચિત્ર સર્જનના,
સમગ્રે યોગ્ય ઉઠાવતણું ત્યાં ભાન ચેતવતું. ...તમારુંઃ-

બગડતું કર્મ ત્યાં લાગે છતાં ત્યાં ચિત્ર સર્જકનું,
બગડતું તે શકે સુધરી, રહે જો ધ્યાન સર્જનનું. ...તમારુંઃ-

હૃદય તેથી થતાં કર્મે જીવન સર્જનતણું ધ્યાન,
પરોવીને રહેવાનું કર્યા કરતાં ઠરે ઠામ. ...તમારુંઃ-

પડાતું પાછું જ્યાં લાગે પ્રભુ બોલાવવો હૃદયે,
પ્રભુને પ્રાર્થના ત્યારે કર્યા કરવી લગાતારે. ...તમારુંઃ-

પ્રભુની ભાવના જીવને કશી કો પેર સાધનથી,
હૃદય જીવતી કરી રાખો જીવનસર્જનની દૃષ્ટિથી ...તમારુઃ-

હૃદય સદ્‌ભાવના જેને જીવન પ્રગટાવવા રે' છે,
પ્રભુ વિના કશુંયે તે બીજું જોવા ન બેસે છે. ...તમારુંઃ-

પ્રભુ બસ એકલો એનો જીવનનો ધ્રુવ તારો છે,
હૃદયને ત્યાં ઠરાવીને જીવનમાં વર્તતો રે' તે. ...તમારુંઃ-

પ્રભુમાં ચિત્ત જેનું છે, પ્રભુમાં પ્રાણ જેના છે,
પ્રભુમાં પ્રેમ જેનો છે પ્રભુ એને ચલાવે છે. ...તમારુંઃ-

કૃપાશક્તિ લીલા પ્રભુની શી અપરંપાર વર્તે છે
-જગત ખાતર ! છતાં એ તો પડેલું મૂઢ વર્તે છે. ...તમારુંઃ-

તા. ૬-૮-૧૯૪૬

૫૬

## સ્વજનમાંના હૃદય પ્રભુને જગવવા પ્રાર્થના કરીએ.

પલટવાને જીવનને ના હૃદય જો ખ્યાલ રાખો છો,
તમારાં તે થતાં કર્મ થવાનાં સર્વ મિથ્યા તો. ...સ્વજનઃ-

'પલટવાને જીવનચીલો મળેલાં કર્મ' જે જાણે,
મળેલાં કર્મથી તેવા સતત રે' ચેતતા હૃદયે. ...સ્વજનઃ-

સ્વજન પ્રભુનાં મળેલાં તે ન નીરખી કર્મ ચેતેલાં,
જહીં પોકાર પાડું હું અરે ! સ્વીકારતાંયે ના. ...સ્વજનઃ-

જીવનમાં શીખવા કાજે જીવનસાધન ગ્રહ્યું જેણે,
ન સાધનથી શીખે જો તે ગ્રહ્યું સાધન નકામું તે. ...સ્વજનઃ-

જગતનો આ સમય ન્યારો પિતાથી બાળકો નિજને
-વધુ ડાહ્યાં ખરાં માને ન આદર ભક્તિ છે ક્યાંયે. ...સ્વજનઃ-

વડીલને અવગણે શાં તે ! વડીલનું તે ન માને છે,
વડીલને તે ન ચાહે છે વડીલને શાં નકારે તે ! ...સ્વજનઃ-

'ચહ્યું કરવામહીં નિજનું' બધાંને જોડવા ઈચ્છે,
'બધાં વળગેલ પોતાને રહે' શું ગૂઢ તે ચાહે ! ...સ્વજનઃ-

બતાવે જે કશું તમ તે તમારે જો ન ગ્રહવું છે,
લીધું સાધન મૂકી દેવું તમારે કાજ ઉત્તમ છે. ...સ્વજનઃ-

વખારે નાખી મૂકવા કે કબાટે જેમ શોભવવા,
-રમકડાં રાખતાં, તેવું હૃદય માનો શું સાધન ત્યાં ? ...સ્વજનઃ-

ભલેને તેવું હો તોય હજમ તે તે અમોને છે,
પચાવે ધૂળ કંકર પણ થયેલું કોક ગાંડું જે. ...સ્વજનઃ-

હૃદયમાં એક બાજુથી પૂરું નિઃસ્પૃહી જીવવાનું,
બીજી બાજુ સ્વજનભક્તિ હૃદયને કોરતી કેવું ! ...સ્વજનઃ-

કદીક એવી હૃદયપીડા ન સહેવાતાં પ્રભુચરણે,
દઈ સોંપી હૃદયમાંના પ્રભુને સંભળાવે તે. ...સ્વજનઃ-

સ્વજન છોને 'હરાયું' હો, પ્રભુ સંભાળશે એને,
પ્રભુપદ ધા હું નાખીને સ્વજનને સંભળાવું તે. ...સ્વજનઃ-

ન સાંભળતાં છતાં ત્યાં તે રહ્યો સંભળાવવા ધર્મ,
રહ્યું જે ભાગ આવેલું કરી ચૂકવું બધું કર્મ. ...સ્વજનઃ-

પછી 'ફળશે, ન ફળશે કે' ન એની છે ફિકર હૃદયે,
અમારું તો અમે કરીએ, તમારું સોંપી દઈ તમને. ...સ્વજનઃ-

અમારુંયે હશે કોઈ જગે સંભાળ લેનારું,
અમે મુસ્તાક એના પર અમારું યોગ્ય ત્યાં જોવું. ...સ્વજનઃ-

તા. ૬-૮-૧૯૪૬

૫૭

## પ્રભુની ભક્તિમાં મનને પરોવી કર્મ સૌ કરજે.

કૃપાનો દંડ જ્યાં વાગે હૃદયનું આવરણ ભાગે,
હૃદયમાં ભક્તિની ઊર્મિ ફૂટી શી રીતથી જાગે ! ...પ્રભુનીઃ-

સફાળો જાગી તે ઊઠી પ્રભુના નામના સ્મરણે,
અહા ! શો ગાજતો રહે છે, ચઢેલી મસ્તીના જોશે ! ...પ્રભુનીઃ-

કૃપાના દંડનો મહિમા પડ્યો હો દંડ જેને તે
-જીવનમાં જાણશે, બાકી બીજાને કલ્પના મન તે. ...પ્રભુનીઃ-

પ્રભુના દંડમાં પ્રેમ ભરેલો સાવ ભરપૂર,
હૃદય પ્રેરાઈ પ્રેમે દે હૃદય ચેતાવવા દંડ. ...પ્રભુનીઃ-

ખપાવાને જીવન ઈચ્છ્યું પ્રભુને પંથ જીવનને,
પડી ત્યાં જે રહે, દંડ પડે ખાવો જરૂર એને. ...પ્રભુનીઃ-

પ્રભુનો દંડ જે ખાશે હૃદયનો પ્રેમ અનુભવશે,
પ્રભુનો દંડ આનંદે સ્વીકારાતાં જીવન ફળશે. ...પ્રભુનીઃ-

પ્રભુના દંડથી દૂર ડરી ડરી જે ઊભાં રે' છે,
કૃપા કરી એમનો ભય તે કદીક તો તોડવાનો છે. ...પ્રભુનીઃ-

દીવાલો જે ઊભી વચમાં કૃપા કરી દૂર કરજો તે,
નહિતર આંધળા જેમ કરીશું શું કુટાયાં જે. ...પ્રભુનીઃ-

બધા સંકોચ જીવનમાં રહેલા જ્ઞાનભાવે તે,
ફગાવી સર્વ દેવાને રહો ઉદ્યત હવે હૃદયે. ...પ્રભુનીઃ-

બધા સંકોચ ઓગાળી પ્રભુની ભક્તિમાં દોને,
પ્રભુની ભક્તિથી ઓપ જીવનને આપતાં રો'ને. ...પ્રભુની:-

જીવન સંસારી જીવવામાં જીવનની જે લહેજત તે,
પૂરી નાદાનિયત એને લહેજત જાણવામાં છે. ...પ્રભુની:-

જીવનઆનંદનો પ્રાણ ન સ્વાર્થી કર્મથી પ્રગટે,
ખપાવે જે જીવન પદમાં જીવન આનંદ માણે તે. ...પ્રભુની:-

પડી કોઈ ન રે'શો ત્યાં કદમ મંજિલ કર્યા કરજો,
ધીરું છો ડગ છતાં ભરતાં રહેજો ને પ્રભુ ભજજો. ...પ્રભુની:-

પ્રભુ શો ચેતનાદાયક જીવનમાં લાગતો ત્યારે !
બને વાળી શકાવાનું ચરણ તેથી મનાદિને. ...પ્રભુની:-

જીવનમાં પ્રાણ દેનારું, જીવનમાં પ્રેમ દેનારું,
જીવનમાં ભાવ દેનારું મળ્યું જાણી જીવન ન્યારું. ...પ્રભુની:-

જીવનનો સર્વ સર્જક તે જીવનનો છે નિયોજક તે,
જીવનનો શો વિયોજક તે ! પ્રભુ એવો અમારો છે. ...પ્રભુની:-

તા. ૬-૮-૧૯૪૬

૫૮

## પ્રભુની એકલી ભક્તિ હૃદયમાં વાંછતાં રે'જો.

'અનુભવનીય જેને ના હૃદય કોઈ અપેક્ષા રે',
છતાં પ્રોવાય જે પ્રભુમાં' હૃદયની સાચી શ્રદ્ધા તે. ...પ્રભુનીઃ-

કરે ના ગણતરી કાંઈ ન તે કંઈ મૂલ્ય આંકે છે,
જીવનનો ધર્મ એ રીતનો સમજી જે તે કરે છે તે. ...પ્રભુનીઃ-

કર્યા વિના ન એ રીતે જીવનમાં ચાલતું એને,
સ્વાભાવિક જે થયા કરતું હૃદય વર્તન કરે છે તે. ...પ્રભુનીઃ-

જીવનની એક તે શ્રદ્ધાતણાં છે તે બધાં લક્ષણ,
વરેલી તેવી જેનામાં હૃદય શ્રદ્ધા, જીવે જીવન. ...પ્રભુનીઃ-

કૃપા કરજે કૃપા કરજે અમારા પર કૃપા કરજે,
હૃદય શ્રદ્ધા સહજ ચરણે જીવનમાં તે જગાડી દે. ...પ્રભુનીઃ-

હૃદય વિશ્વાસ બાળકને રહે છે માની પર સહેજે,
પ્રભુ પર તેમ જીવનમાં હૃદય વિશ્વાસ પ્રગટવજે. ...પ્રભુનીઃ-

'અમારું ના ગજું ત્યાં છે' કરો ફરિયાદ વેવલી કાં ?
થતું જે કંઈ બને તે તે કરો વર્તન જુઓ તે ત્યાં. ...પ્રભુનીઃ-

સહજ શ્રદ્ધાતણી હકીકત જીવનમાં કોકને ઊતરે,
અનુશીલન થતાં રહેતાં બધું તેમાંથી નીપજે છે. ...પ્રભુનીઃ-

લીધું સાધન જીવન એમાં લગાતારે મચ્યું રે'વા,
હૃદય ખાઈખપૂસીને થતું કરી લીન રો' વળગ્યાં. ...પ્રભુનીઃ-

જીવન જે માનવીકેરું મળેલું તેનું જો સાચું,
ઊગી શક્યું હોય મૂલ્યાંકન કઈ રીત બેસી રહેવાનું. ...પ્રભુની:-

હૃદય પ્રભુમાં લગાડીને પ્રભુપદમાં ઠરવવાને,
જીવનનો એકધારો જે કરે તે યત્ન ફાવે છે. ...પ્રભુની:-

કરી શું માનવી શકતો નથી, જો દિલ ધાર્યું છે ?
હૃદય પ્રકટેલ નિશ્ચય તો કરી તે પાર ઉતારે. ...પ્રભુની:-

હૃદય તત્પરપણા સાથે હૃદયનો પ્રાર્થના ભાવ,
ભળંતાં કર્મમાં સાથે, થતું રહે છે બધું શક્ય. ...પ્રભુની:-

હૃદય જાગેલ ઊર્મિને જીવનઉપયોગના કામે,
કળા જે જોડવી દેતાં શીખે જે, તે બધું કરશે. ...પ્રભુની:-

જીવનના ધ્યેયને કાજ હૃદયની ભક્તિ જેને છે,
હૃદયની ભક્તિ તે એની જીવનઅંતર પ્રવેશાવે. ...પ્રભુની:-

કર્યા કરતો રહે છે જે ન તેને પ્રશ્ન જાગે કે,
બને તે **આજ કે કાલ,** કર્યા કરવે જ મશગૂલ છે. ...પ્રભુની:-

તા. ૬-૮-૧૯૪૬

૫૯

## જીવનસાથી પ્રભુ બનવી પ્રભુની સાથ ડગ ભરજે.

જવા જે પંથ નીકળ્યો છે જવાવામાં જ ડગ ભરશે,
જરા બેસી રહેવાતાં જવાનો ખ્યાલ જાગે છે. ...જીવનઃ-

ભલે ભૂલો પડે માર્ગે ન તેથી તે વળે પાછો,
ગમે તેને પૂછી લઈને જરૂર પથ ખોળી તે લેતો. ...જીવનઃ-

જતામાં ને જવામાં તો કપાતો પંથ રહેશે તે,
વિચાર્યાં તું કરે અમથો મુસાફર ! કાં ભલા શાને ? ...જીવનઃ-

જરા જો થાક લાગ્યો છે વિસામો તું પ્રભુપદ લે,
જરા જો ઊંઘ આવી હો પ્રભુપદ ડોલી લે જરી તે. ...જીવનઃ-

તૃષા જો લાગી હો તુજને ચરણપ્રભુ ધોઈ પી લેને,
જરા જો ભૂખ લાગી હો ચરણ અમૃત પ્રભુ પી લે. ...જીવનઃ-

જરૂર સંગાથીની જો હો પ્રભુનો એક સથવારો,
-લઈ લે તું, તુજથી કે તે કદી કાળે ન છૂટનારો. ...જીવનઃ-

તને પથ ખૂટતાં હિંમત પ્રભુને યાચતાં તે દે,
બને શો ભોમિયો ભૂલતાં હૃદય ત્યાં પ્રાર્થતાં પ્રભુને....જીવનઃ-

જીવનપથમાં પ્રભુકેરી લઈ લઈ સહાય જે ચાલે,
ન એને કોઈ ચિંતા છે બધું સંભાળતો રે' તે. ...જીવનઃ-

પ્રભુ પર ત્યાંજીવનપથમાં સફળ આધાર ગણીગણીને,
કશીક મુશ્કેલીઓ પડતાં પ્રભુને પૂછતો રહેજે. ...જીવનઃ-

રહેલો પાસ તે તારી મદદ દેવા તને ઉત્સુક,
હૃદય તે જીવતો ખ્યાલ ઊંડો રાખી ધપ્યા કર પથ. ...જીવનઃ-

કર્યા કરવા વિશે નિત્યે સદા તું રાખ અભ્યાસ,
બધું તુજ પાર પડવાનું હૃદય તે રાખ વિશ્વાસ. ...જીવનઃ-

હૃદય વિશ્વાસ ને શ્રદ્ધા થયેલાં જે હશે એને,
ન બીજી રીત દોરવવા કશી તાકાત કોની છે. ...જીવનઃ-

હૃદય વિશ્વાસ ને શ્રદ્ધા હશે જેની કશે એને
-થવાને બેવફા જીવને, થશે પ્રવૃત્તિ ના કોને. ...જીવનઃ-

હૃદયમાં શુદ્ધ જો ભાવ ભલે કો છેતરી જાય,
કશું ના છેતરાવાનું રહે છે એહને ક્યાંય. ...જીવનઃ-

રહી નિશ્ચિંત પોતાનાં જીવન વિશ્વાસ શ્રદ્ધા પર
-ભરે ડગ તે પ્રમાણે તે રહે પ્રેરાવવા તત્પર. ...જીવનઃ-

થતું જે જે પ્રમાણે હો બધો આધાર હૃદયે જે
-રહ્યાં વિશ્વાસશ્રદ્ધા પર જરૂર ત્યાં જાણી તું લેજે. ...જીવનઃ-

હૃદય વિશ્વાસ શ્રદ્ધાથી કશીયે અન્યથા રીતે,
ન પ્રેરવી કોઈ ત્યાં શકશે અદલ ઇન્સાફ પ્રભુનો તે. ...જીવનઃ-

તા. ૬-૮-૧૯૪૬

૬૦

## પ્રભુ સૌ દેખનારો છે પ્રભુમાં મન લગાડી દો.

હૃદય ભૈરવ મહા સંગીતતણો જ્યાં ગર્જતો સૂર,
જીવનમાંનું ઊભું આડે કહીં ભાગી, ઝગે નૂર. ...પ્રભુઃ-

હૃદય જાગેલ નિષ્ઠા જે જીવન સર્વસ્વ દેતાંયે,
ન હારે, કિંતુ ઝંખે જે જીવનના ધ્યેયને હૃદયે. ...પ્રભુઃ-

હૃદયનો પ્રેમ જ્યાં લાગ્યો હૃદયની એકતા જાગે,
પરસ્પર એકભાવે તે હૃદયને સંકળાવે છે. ...પ્રભુઃ-

કૃપા પ્રભુની કરાવે છે જીવન તાદાત્મ્ય શું હૃદયે !
શરીરનોયે શરીરભાવ ઉતારે છે શરીરમાં તે. ...પ્રભુઃ-

જગતની માનવી બુદ્ધિ વિશે તે ઊતરે કેમ ?
પ્રભુના ભાવની લીલાતણી શી તે અકળ નેમ ! ...પ્રભુઃ-

પ્રભુ ! તાદાત્મ્ય તે ભાવ શરીરનો ના મને ખપનો,
'હૃદયનો ભાવ જોડાવી પ્રભુ દે' એ જ ઈચ્છંતો. ...પ્રભુઃ-

શરીરનાં દર્દની મુજને કરાવી છે અસર શરીરે,
પ્રભુ એમાં કૃપા તારી ઉકેલાવે કંઈ કંઈ તે. ...પ્રભુઃ-

પડી તારે ચરણકમળે હૃદયની પ્રાર્થના તુજને,
થતાં આ દર્દમાં, પ્રભુના જીવનની જ્યોત પ્રગટવજે. ...પ્રભુઃ-

કૃપા કરજે, કૃપા કરજે શરીર જ્યાં સંકળાવે છે,
સ્વજનનાં તે શરીરદર્દે, જીવન પ્રગટાવજે એને. ...પ્રભુઃ-

થતાં તે દર્દમાં તારું હૃદય ચિંતવન કર્યા કરીને,
સ્વજનનાં અંતરે પ્રભુને પ્રગટવાને હું યાચું તે. ...પ્રભુઃ-

હૃદયનો પ્રેમ જો બાપુ ! શરીર તાદાત્મ્ય સાંધે છે,
હૃદયનો તાર તે કેમ કરે ના એકભાવે તે ? ...પ્રભુઃ-

સ્વજનના ઉરનો પ્રેમ જગવવાની કૃપા યુક્તિ,
પ્રભુ તો શો કરે પોતે કૃપાની શી લીલા શક્તિ ! ...પ્રભુઃ-

ભલે જો તેવું હો તોય કબૂલ મંજૂર બધું તે તે,
પ્રસાદી તે ચરણરજની ચઢાવું શિર હું પ્રેમે. ...પ્રભુઃ-

તને છે પ્રાર્થના મારી પ્રભુ ! તું એટલું કર કે,
સ્વજનનાં અંતરે જ્યોત જગવીને ચેતવી દેજે. ...પ્રભુઃ-

સ્વજન છો હો ભલે મૂઢ છતાંયે અંતરે એને,
લગાડી ધ્રાસકો ધક્કો પ્રભુ ! તારો, જગાડી દે. ...પ્રભુઃ-

જગાડી દૈ જગાડી દૈ સ્વજન જે જે મળેલાં છે,
પ્રભુ તે સર્વને તારે ચરણકમળે લગાડી દે. ...પ્રભુઃ-

તા. ૬-૮-૧૯૪૬

૬૧

## જીવનનો યજ્ઞ પ્રભુ ભાવે કર્યા કરજો હૃદયમાં તે.

લઈ ટેકો જીવન ચાલે ન પડવા એહને સંભવ,
બધો જે ભાર ટેકા પર ધરે એને જ શો ભાર ! ...જીવનનોઃ-

થવા નિશ્ચિંત સહુ રીતથી પ્રભુને જે બધું સોંપે,
પ્રભુ એનું ચલાવે છે બધુંયે પાંશરું જે તે. ...જીવનનોઃ-

મઝા જેને પડે છે જ્યાં કરે પ્રવૃત્તિ ત્યાં તેવી,
નિયમ વ્યવહારનો લાગુ પડે તે સૌ જીવનમાંહી ...જીવનનોઃ-

પ્રભુમય જીવવાકેરી મઝા તે તો જણાયે ના,
પ્રવેશ્યા વિણ અંતરમાં પમાયે કોઈ રીતે ના. ...જીવનનોઃ-

‘જવાયું કેટલું આગળ’, ‘જવાનું કેટલું આગળ’,
વિચારો જે કરે એવા પડ્યા પોતે કરે પાછળ ...જીવનનોઃ-

ગયા કરવામહીં લક્ષ પૂરેપૂરું હૃદય રાખી,
ધપે જે એક પણ ડગલું ગયા આગળ કરે દિલથી ...જીવનનોઃ-

જવામાં એક ડગલું જે પૂરા નિશ્ચિંત રે’ મનથી,
ધપી તે તો બીજું ડગલું શકે નિશ્ચયથી હિંમતથી ...જીવનનોઃ-

ભર્યું ના હો હજી ડગલું છતાં પહેલાં કરે છે જે
-વિચારો આમ ને તેમ ભરી ડગ ના શકે તો તે ...જીવનનોઃ-

કશું નિપજાવવું જો હો જીવનનું ધ્યેય તે પ્રત્યે
-ઝૂકી ત્યાં ઝંપલાવે જે શકે પામી જીવન તો તે ...જીવનનોઃ-

ડગલું ભરતો રહે છે જે ડગલું ભરવામહીં હૃદયે,
રહે એકાગ્ર કેંદ્રિત ભર્યાંનું એવું લક્ષણ તે. ...જીવનનોઃ-

ન એવો ક્યાંય ફેંકાયે હૃદય નિજ ધારણામાં તે
-રહી, વર્ત્યા કરે જીવને ભર્યું ડગલું ફળે એને. ...જીવનનોઃ-

જીવનના ઝંખનાભાવે ભરે છે એક ડગલું જે,
ભર્યાં પગલાં પછીનું તે બીજું ડગલું સૂઝે એને. ...જીવનનોઃ-

હૃદય એવા અનુભવથી જીવનમાં તે ટકી રહે છે,
કર્યા કરવામહીં શ્રેય જીવનનું તે નિહાળે છે. ...જીવનનોઃ-

કર્યા કરવાનું આવેલું જીવનમાં જે કર્યા કરશે,
ઉકેલાતું જશે એને બધું જીવન ખરેખર તે. ...જીવનનોઃ-

કર્યા કરવામહીં નિશ્ચળ હૃદયનું ધ્યાન રાખે જે,
ભરાયાં તે જતાં ડગલાં થકી સૌ ભાન જાગે છે. ...જીવનનોઃ-

જીવનના યજ્ઞ કાજે જે થયા કરતું રહે ભાવે,
નવી રીત, સૂઝ ડગ ભરવાતણી ત્યાંથી જ જન્મે છે. જીવનનોઃ-

થયા કરતાં થકી જન્મે નવી નવી પ્રેરણાઓ તે,
થયા કરતું પ્રમાણો તો બધું તે યોગ્ય રીતનું છે. ...જીવનનોઃ-

તા. ૭-૮-૧૯૪૬

૬૨

## લગન એવા પ્રભુકેરી લગાડી દો લગાડી દો.

પ્રભુ તો ગૂઢ ને વ્યક્ત રહે પળપળ થતો શો તે !
અકળ લીલા કળાનો તે અનુભવ પાર ના'વે છે. ...લગનઃ-

સમુદ્રોના તરંગો પર પવન લહરી લહરી વિશે,
વળી પક્ષીતણા કલરવ ફૂલો-પરિમલ વિશે શો તે ! ...લગનઃ-

બધા સંગીતના લયમાં અને સૌંદર્ય કુદરતમાં,
હૃદયનાં સ્નેહ સેવામાં પ્રભુદર્શન થતાં શાં શાં ! ...લગનઃ-

પ્રભુ આકાશથીયે પર મહાવિશાળ કેવો છે,
ગહન ગંભીર સાગરથી અનેરો ઓર પ્રભુ તો છે. ...લગનઃ-

જીવનનો આર્દ્ર ને આર્ત થતો જ્યાં વ્યક્ત રે' ભાવ,
ઊંડાં સંવેદનોમાં તે, પ્રભુ પોતે બને વ્યક્ત. ...લગનઃ-

પ્રભુનો ભાવ અનુભવથી હૃદય જે માનવીને હો,
મહા તે ભવ્ય તેજસ્વી અતુલતામાં અનેરો શો ! ...લગનઃ-

જગત સૌંદર્ય માર્દવમાં બધા માધુર્યના ભાવે,
પ્રભુ શો મુક્ત વિહરે છે પરમ મનહર બધી રીતે. ...લગનઃ-

મધુર સૌ ભવ્ય ને રમ્ય હૃદયનો સાર રૂપ જ તે,
પ્રસાદે શો ભરેલો છે બધા સચરાચરે રસ જે. ...લગનઃ-

જીવનના કાવ્ય આત્મામાં પ્રભુ રસમૂળ પોતે છે,
હૃદયની પ્રેમભક્તિથી વહે આંસુ, પ્રભુ પણ તે. ...લગનઃ-

જીવનના ભાવહૈયામાં પ્રતિષ્ઠા તે પ્રભુકેરી
-વિરાજેલી રહી છે તે કરંતી મુગ્ધ નિર્મળ શી ! ...લગનઃ-

હૃદય શ્રદ્ધાંજલિ દેવા યુગોયુગથી પ્રભુચરણે,
કવિ, જ્ઞાની, ઋષિ, ભક્ત મથે તોયે ન ખૂટે તે. ...લગનઃ-

જીવન કરમાયેલાં હૈયાં પુનર્જીવિત થયાં કરતાં,
પ્રભુ આલંબને ભક્ત થતાં ત્યાં વ્યક્ત રહે છે શાં ! ...લગનઃ-

જીવનરસિયો બને છે જે, જીવનખેલાડી તે બનશે,
જીવનરસકેરી ધાર્મિકતા* જીવનમાં વ્યક્ત કરશે તે ...લગનઃ-

જીવનપરિવર્તને લક્ષ હૃદય જીવતું રહે જેને,
જીવનમાં પ્રેરણાદાયી રહ્યા કરશે હૃદય તે તે. ...લગનઃ-

હૃદય પ્રેરાયેલાં જે રે' ઊગે મનુષત્વ શું એને !
જગતકેરી દીવાલોમાં પુરાઈ ના શકે રહી તે. ...લગનઃ-

જીવનસંસ્કૃતિનું ઝરણું વહ્યા એનું સરળ કરશે,
જગતવિસ્તાર પામીને જગતથી પાર તે વહેશે. ...લગનઃ-

નીરવ શાંતિ અનુપમ શી જીવનમંદિર ઉદ્‌ભવશે,
જીવન કૃતકૃત્યતાકેરો મહાઆહ્‌લાદ અનુભવશે. ...લગનઃ-

તા. ૮-૮-૧૯૪૬

---

* ભાવુકતા.

૬૩

## પ્રભુને દિલથી ચાહ્યા કર્યા કરતાં રહો અંતર.

જીવનની ભક્તિ પ્રગટેલી પરસ્પર સંકળાવે છે,
જીવનમાં એકબીજાને જીવન કાજે જીવન પ્રત્યે. ...પ્રભુનેઃ-

હૃદય અંતર જીવનકેરા થતા ઘડતર અનુભવથી,
ફળંતી ભક્તિનો ભાવ પ્રમાણે શો રસિક દિલથી ! ...પ્રભુનેઃ-

જીવન સમભાવના એને જગતની દૃષ્ટિમાં પ્રેરે,
જીવન ચાહકતણા ભાવે પરોવાયા કરે છે તે. ...પ્રભુનેઃ-

કર્યાં કાયાપલટ તે તો કરે કેવી રીતે જનને !
ખૂણેખાંચર થકી જીવન જગાડ્યા શું કરે છે તે ! ...પ્રભુનેઃ-

હૃદય નૂતન જીવનકેરી અનેરી શક્યતાકેરાં,
નવીન શાં બીજ વાવીને કરે છે તે જ ઉગાડ્યાં ! ...પ્રભુનેઃ-

જીવનની ભૂખને કોઈ ખરેખર ભાંગનારું હો,
પ્રભુ વિના ન કોઈ છે બીજું સામર્થ્યવાળું તો. ...પ્રભુનેઃ-

થતું જે વ્યક્ત પ્રસરે છે છતાં અંતર રહે ગૂઢ,
જીવનની પ્રકૃતિમાંહે બધે જ્યાં ત્યાં જ એ ખેલ. ...પ્રભુનેઃ-

જીવનની ગૂઢતામાં ને જીવનની વ્યક્તતામાંયે,
સમન્વય શો જીવનકેરો ! અનુભવી કોક જાણે તે. ...પ્રભુનેઃ-

જીવનની સંસ્કૃતિમિલન પરમ સર્જન કલાનું તે,
કરાવે છે હૃદયમાં શું અહા ! પ્રત્યક્ષ દર્શનને. ...પ્રભુનેઃ-

જીવન ગૂંચવાયેલું છો હો જીવન ધૂંધવાયેલું જે હો,
કકળી ઊઠેલ હૈયાને જરૂર ત્યાં માર્ગ જડશે સૌ. ...પ્રભુનેઃ-

જીવનની ઝંખના ટોચે જલતી જલતી પહોંચે છે,
જીવનનો ભાવ ઉદ્ધારક જીવન ત્યાં જાગતો રે' છે. ....પ્રભુનેઃ-

ખમીર જીવનનું તરવરતું જીવનની ઝંખના જેને,
કરે લાગ્યા સતત હૃદયે જીવનમાં સર્વ ઠેકાણે. ...પ્રભુનેઃ-

હૃદયનો સૂર જીવનની ઊંડી એકાગ્રતામાં તે,
પ્રવેશાવી, જીવનને શો કરે પેદા ! કૃપા પ્રભુ તે. ...પ્રભુનેઃ-

જીવનની ભાવિ સાંકળની હૃદયમાં શક્યતા જગવે,
જીવનમાં પ્રેરણા પ્રેરી જીવનમાં પ્રેમ પ્રગટાવે. ...પ્રભુનેઃ-

બને જ્યાં હૈયું જીવંત મળ્યા પડઘો કરે એને,
અને પડઘા વિશે દર્શન કૃપા પ્રભુની થતી રહે છે. ...પ્રભુનેઃ-

જીવનની ભક્તિ ન્યારી શી પ્રભુનાં પદકમળકેરી !
પ્રભુ સર્વસ્વ જાણીને પ્રભુમાં રો' પરોવાઈ. ...પ્રભુનેઃ-

તા. ૯-૮-૧૯૪૬

૬૪

## પ્રભુની પ્રેમભક્તિમાં જીવનને હોમતાં રહેજો.

હૃદયના પ્રેમશૌર્યેથી જીવન શહાદતતણા પંથે,
ઊંડી તૈયારી ખપવાની પૂરા ઠંડા કલેજાએ,
પ્રભુને પદકમળ જેની જીવનશક્તિ હૃદયકેરી,
-રહે છે કેળવાયેલી શકે કરી તે પ્રભુભક્તિ. ...પ્રભુની:-

થતાં વિચાર પ્રત્યેક પૂરી તે ભાવ જીવનની
-ધરે છે યોગ્યતા કે ના પૂરું સંભાળવું દિલથી. ...પ્રભુની:-

પુનર્રચના જીવનકેરી હૃદયની હામ સર્વસ્વ
-ઘડીભર તો ખુટાડી દે બનાવે સાવ કંગાલ. ...પ્રભુની:-

પ્રભુની એકલી માત્ર હૃદયની પ્રાર્થના ત્યારે
-ઉગારી માનવીને ત્યાં, ફરી શું સ્વાસ્થ્ય પ્રગટાવે. ...પ્રભુની:-

ઝઝૂમીને ઝઝૂમીને પડે તોયે ઊભો થઈને,
જીવનનાં યુદ્ધ ખેલે છે હૃદયના રંગથી શો તે ! ...પ્રભુની:-

ભર્યા કરવામહીં ખપ્પર પ્રભુના પ્રેમજીવનને,
જીવનમસ્તી ચઢે જેને પ્રભુનો પ્રેમ પામે તે. ...પ્રભુની:-

ગળાવાને પૂરેપૂરું પ્રભુમાં જાત જે ખૂએ,
ખૂંપે એવા જીવનમાં જે, પ્રભુને ઓળખી શકશે. ...પ્રભુની:-

જીવનનું નૂર તો માગે જીવનને વ્યક્ત કરવાને,
જીવનને પાંખ આવેલી પ્રભુનો ભક્ત અનુભવશે. ...પ્રભુની:-

જીવનની ભક્તિ, વિસ્તાર જીવન પ્રત્યેક અંગોમાં,
કર્યા કરતી રહેશે શી જીવન સાફલ્ય કરવામાં ! ...પ્રભુની:-

જીવનનિવૃત્તિ પ્રભુપદમાં થતી અનુભવ હૃદય આવે,
જીવન પ્રવૃત્તિનાં મૂળ પછી તહીંથી ઊગે એને. ...પ્રભુની:-

પ્રભુજીવનની સાર્થકતા જીવનના યજ્ઞમાં જેને,
અનુભવમાં ઊગી લાગે પ્રભુના ભક્ત તે તે છે. ...પ્રભુની:-

જીવનનો હેતુ आकार પ્રભુમય ભાવના જીવને
-થયા કરતો અનુભવતો, પ્રભુનો ભક્ત સાચો તે. ...પ્રભુની:-

જીવનનું વાસ્તવિકપણું તે મળે જે જે પ્રસંગોમાં
-લહ્યા કરી જીવવા ચાહે જીવન કૃતકૃત્યતા કાજે. ...પ્રભુની:-

‘જીવનની ધન્યતા કેવી’ ! અનુભવી એક તે લહેશે,
જીવનનો પ્રેમઆનંદ જીવનની ધન્યતામાં છે. ...પ્રભુની:-

જીવનરસ ભક્તિનો લહાવો વિરલ કો ભક્ત પ્રભુનો જે,
હૃદય ચાખ્યા કરી, માનવજીવનને એ જ આકર્ષે. ...પ્રભુની:-

તા. ૧૦-૮-૧૯૪૬

૬૫

## પ્રભુને જો ચહો ભજવું ભજો પૂરા હૃદયભાવે.

ઉપરછલ્લી જ કૈં શ્રદ્ધા પ્રભુના નામ પર જેને,
હૃદય માયિક પદાર્થે શાં કરે વળગ્યા જ સાથે તે ! ...પ્રભુને:-

ઊઠી મન સંશયો એને દ્વિધાવૃત્તિ પછાડે છે,
ન ઠરવા ઠામ એને દે કશામાંયે ભલી રીતે. ...પ્રભુને:-

શિશુ જ્યાં ચાલવા શીખે ગ્રહે છે આંગળી ટેકો,
જતો રહેતાં જ જ્યાં ટેકો ઊભું રહી ના શકે એ તો. ...પ્રભુને:-

જીવનસાધક થવા ઈચ્છે પ્રભુને પ્રાર્થનાભાવ
-તણો ટેકો હૃદય એણે પડે શો રાખવો ખાસ ! ...પ્રભુને:-

હૃદય આધાર તે વિના ભરાયેલું કશું ડગલું,
ન ચાલ્યા તે બરાબર છે જવાનું પાછું તો ઊલટું ...પ્રભુને:-

જીવનનાં સર્વ કર્મોમાં હૃદયનો પ્રાર્થનાભાવ,
પ્રભુની પ્રેમભક્તિએ જગવજો, રાખવા ટેક. ...પ્રભુને:-

નહિ તે કર્મ તે 'કર્મ' પ્રભુ જેમાં વણાતો ના,
મહત્ત્વે ખ્યાલ એનો ના ધરી જે જે કરાતું જ્યાં. ...પ્રભુને:-

જીવનના જે નકારાત્મક વલણનો સામનો કરવા,
હૃદયભક્તિ ન પ્રેરે બળ કરેલી ભક્તિ ફોગટ ત્યાં. ...પ્રભુને:-

પ્રભુનો પ્રેમ મેળવવા પ્રભુ પર પ્રેમ જે કરશે,
હૃદયથી વારી વારીને, થતાં કર્મે પ્રભુ પ્રીછશે. ...પ્રભુને:-

પ્રભુપ્રીત્યર્થ જે તે કૈં કર્યા કરીને પ્રભુચરણે,
સમર્પે જે ઉમળકાથી પ્રભુ એને નવાજે છે. ...પ્રભુનેઃ-

પ્રભુનો પ્રેમ જો વરવો પ્રભુની સૃષ્ટિમાં સહુને,
પ્રભુ સમજી, પ્રણય કરતાં, મતિ, મન, ચિત્તઓગળશે. ...પ્રભુનેઃ-

પ્રભુનો પ્રાર્થનાભાવ પરોવી જે કરે કર્મ,
ફળાવે કર્મ તે જીવન, કૃતિ તે એક છે શ્રેષ્ઠ. ...પ્રભુનેઃ-

જીવનમાં શૌર્ય, હિંમત ને અજબ બળ પ્રેમ પ્રગટાવે,
મહા અદ્‌ભુત સાહસથી કરે શું ઝંપલાવ્યા તે ! ...પ્રભુનેઃ-

જીવનભક્તિ સમું બીજું પરાક્રમ કોઈ ના ક્યાંયે,
જગત વાડાતણા ભેદો કરાવે દૂર ભક્તિ તે. ...પ્રભુનેઃ-

જીવનનાં સર્વ પાસાંમાં જીવનને પાંગરાવે જે,
જીવનનું માંગલિક કર્મ ખરેખર ! ભક્તિ એક જ તે. ...પ્રભુનેઃ-

પ્રભુની તે જીવનભક્તિ થકી શું જ્ઞાન પ્રગટે છે !
બધા યોગોતણો શો ત્યાં થયો સુમેળ લાગે છે ! ...પ્રભુનેઃ-

તા. ૨૨-૮-૧૯૪૬

૬૬

## ભજી ભજી તે પ્રભુ વહાલો પ્રભુમાં ઝંપલાવોને !

પ્રભુ સંભારતા રહેતાં, પ્રભુની પ્રાર્થના કરતાં,
પ્રભુને ભાવથી ભજતાં પ્રભુના ગુણ અવતરતા ...ભજી:-

કરો જેના પરે પ્રેમ હૃદય તે જામતાં પ્રેમ,
મતિ, મન, ચિત્ત, અહં, પ્રાણ, વળે તે પ્રેમને પાદ. ...ભજી:-

કરાવે પ્રેમ ચિંતવન શું ! જગાડે પ્રેમ શો રાગ !
ભુલાવી પ્રેમ નિજ સઘળું કરાવે પ્રેમ એકાગ્ર. ...ભજી:-

પ્રભુને તો કરી વળગ્યા, હૃદયથી પ્રેમ એના પર,
ઉમળકાથી કરી કરીને કર્યા કરજો સમર્પણ દિલ. ...ભજી:-

હૃદય દિલાવરી પ્રભુની ન એની તોલ આવે કૈં,
હૃદયથી વારી વારી તો થયા કરજો પ્રભુપદ તે. ...ભજી:-

સ્મરણ વિના પ્રભુના તે કશું ના કર્મ બનવા દો,
સ્તવંતાં અંતરે રહીને પ્રભુને, સર્વ બનવા દો. ...ભજી:-

પ્રભુ જેવું થવું હોય પ્રભુના ગુણચિંતવનથી
-બધું જે તે થવા દેજો જગવી ઊંડી હૃદયભક્તિ. ...ભજી:-

'નઠારું' 'સારું' બન્નેમાં પ્રભુનો ગુણ પ્રોઈને,
પ્રભુમય જીવવા કાજે ધરો ત્યાં લક્ષ એ ભાવે. ...ભજી:-

'નઠારું' ના નઠારું છે નઠારું એકલું કદીયે,
અને નિરખાતું 'સારું' જે ન સારું એકલું કદી છે. ...ભજી:-

થવાનું આપણે જેવું સતત તે ભાવ હૈયાનો,
'નઠારું' 'સારું' બન્નેમાં પરોવીને પ્રભુ ભજવો. ...ભજીઃ-

લીધેલું કામ જે હાથે હૃદય તે કામનો ખ્યાલ,
પરોવીને પરોવીને રહેવાનું કરો ઠામ. ...ભજીઃ-

પ્રભુના ભાવને સ્નિગ્ધ હૃદયમાં જીવતો ઠરવા,
પ્રભુની પ્રાર્થના હૃદયે કર્યા કરતાં રહેજો ત્યાં. ...ભજીઃ-

પ્રભુની ધારણા રાખો કરંતાં કર્મમાં હૃદયે,
જતાં કંઈ ખ્યાલ બીજામાં પ્રભુ પોકારજો વહારે ...ભજીઃ-

હૃદય પોકાર પાડીને પ્રભુની સહાય જે માગે,
પ્રભુ પોતે મદદમાં તે અનુભવ આવશે એને ...ભજીઃ-

હૃદયનો ભાવ ગદ્ગદ જે પ્રભુ પોકારતાં જાગે,
સ્ફુરાવે તે હૃદય ભક્તિ ન જેનો તાગ કંઈ લાગે. ...ભજીઃ-

પ્રભુ જ્યાં દોરનારો છે ભલા, ચિંતા પછી શાને !
નકામી વહોરતાં માથે ? પ્રભુમાં ઝંપલાવોને. ...ભજીઃ-

તા. ૨૨-૮-૧૯૪૬

૬૭

## પ્રભુને પ્રાર્થના કે તે વળાવે અંતરે અમને.

જરૂર ખંખેરતાં રહેવું ભરેલું હોય જે અંતર,
રહેવું સર્વ ઠાલવતાં કશું ના સંઘરો તલભર. ...પ્રભુનેઃ-

રહો અજવાળતાં કેવાં તમારાં ઠામ વાસણ સૌ !
ભલાં ! અજવાળવું અંતર પછી ભૂલ્યા કરો છો શું ? ...પ્રભુનેઃ-

ખૂણેખાંચર થકી કાઢો બધો કચરો પડેલો જે,
ભલાં ! અંતરતણો કચરો ભૂલો છો કાઢવો શાને ? ...પ્રભુનેઃ-

ઊંચે, આડે અને અવળે કરો જાળાં બધાં સાફ,
હૃદય બાઝેલ બાવાં કાં પછી ના તે કરો સ્વચ્છ ? ...પ્રભુનેઃ-

શરીરને નિત્ય નવરાવો, પહેરો સ્વચ્છ શાં કપડાં !
હૃદય નવરાવવાકેરો ભલા ! કાં ખ્યાલ રાખો ના ? ...પ્રભુનેઃ-

સુધારો શો બધાં કરવા બીજાનો દોડતાં કેવું !
સુધારો નિજનો કરવા પૂરું કો ધ્યાન ના દેતું. ...પ્રભુનેઃ-

બધા ઉપદેશ ને બોધ બીજાને આપતાં રહે છે,
પરંતુ કોઈ પોતાને ખરો ના બોધ આપે છે. ...પ્રભુનેઃ-

બીજાનો દોષ જોવાને તુરત મન દોડી જાયે શું ?
પરંતુ દોષ નિજના તે ન જોવા દિલ કરે સરખું. ...પ્રભુનેઃ-

બીજાને પાંશરું રહેવા બીજા નિજ યોગ્ય કરતાં રે',
સહુયે તેમ ઇચ્છે પણ, રહે કાં તેમ ના પોતે ? ...પ્રભુનેઃ-

બીજા નિજ સાચવે સગવડ, બીજા નિજનું બધું કરી લે,
ચહે તેવું બધાં કિંતુ ન તેવું તેમ વર્તી લે. ...પ્રભુનેઃ-

'ચહેલી માન્યતા નિજ પર બધાં ચાલે' સહુ ઈચ્છે,
પરંતુ ધારણા સાચી પ્રમાણે કાં ન કો ચાલે ? ...પ્રભુનેઃ-

વિચારો તો બીજાના શા પૂરા તત્પર રહો જોવા !
વિચારો ખુદ પોતાના ન જોવા તેમ તત્પરતા. ...પ્રભુનેઃ-

બીજા વિશે કરી દેવા તમે નિર્ણય ચહો ઝટ તે,
તમો વિશે હૃદય નિર્ણય રહો તત્પર ન લેવા તે. ...પ્રભુનેઃ-

બધાં સારો ગણે નિજને બધાં માન્યા કરે નિજને,
બીજાનું માનવા સારું હૃદય તત્પર ન નિજનું છે. ...પ્રભુનેઃ-

કરી કરી ઝંખના કૈં કૈં વહાવ્યાં અશ્રુ એ કાજે,
વહાવ્યા અશ્રુ શાને ના પ્રભુની ઝંખના કાજે ? ...પ્રભુનેઃ-

ખૂબી એ આપણી કેવી નવાઈ તે પમાડે છે,
પ્રભુને પ્રાર્થના કે તે વળાવે અંતરે અમને. ...પ્રભુનેઃ-

તા. ૨૨-૮-૧૯૪૬

## ૬૮
## કૃપાનો ભાવ મળવાને હૃદયથી પ્રાર્થના કરજે.

કૃપાથી જેવી તેવી શી કળા પ્રભુએ દીધી જીવને !
પ્રભુ વપરાવજે યાચું સદુપયોગે પૂરી એને. ...કૃપાનોઃ-

કળાનું એ જ લક્ષણ કે કદી નિજ ભાવના વિના
-શકે વપરાઈ બીજી કો રીતે ના, અન્યથા કરવા. ...કૃપાનોઃ-

ઊઠે વૃત્તિ પ્રકારે જે, પ્રકારે એ જ તે વહેશે,
કશું જો ત્યાં ભળે બીજું, ગતિ લક્ષણ પલટશે તે. ...કૃપાનોઃ-

'પ્રભુની ભાવનામાં જે કદી કશી પ્રાકૃતિક વૃત્તિ,
ભળંતાં ઊગવા ના દે' હૃદયની સાચી તે શુદ્ધિ+. ...કૃપાનોઃ-

જગતનાં કર્મમાં વૃત્તિ થતી જે પ્રાકૃતિક લાગે,
પ્રભુની ભાવના એમાં કરો ત્યાં ભેળવ્યા ભાવે. ...કૃપાનોઃ-

જીવનમાં જે પ્રકારે છે ઊગેલી હો તમન્ના તે,
વિના એના પ્રકારે કો શકે ભળી ના કશે બીજે. ...કૃપાનોઃ-

વિના કશી સેળભેળે જે હૃદય લાગી અભીપ્સા હો,
બધી પ્રવૃત્તિ એ રીતે કરાવે તે જીવનમાં તો. ...કૃપાનોઃ-

કળાનાં લક્ષણો જીવતાં ઊગે પ્રત્યક્ષ શાં પોતે !
રહે શી વ્યક્ત ને ગૂઢ સમાઈ જીવને પોતે ! ...કૃપાનોઃ-

---

+ બુદ્ધિ

જીવનનું પાંગળાંપણું જે કશે ક્યાંયે ન ટકવા દે,
કળા જીવનતણી પાસું જીવનનું સર્વ બદલાવે. ...કૃપાનોઃ-

જીવનવિચાર સમજણને જીવનની ભાવના રીતે
-પૂરો આકાર લેવાને ઘટે આચાર હોવા તે. ...કૃપાનોઃ-

વિના આચાર આકાર કશું કાંઈ ન લઈ શકશે,
વિના આચાર, વિચારો નકામા સાવ લૂલા છે. ...કૃપાનોઃ-

ભલે ઊંચા વિચારો હો છતાં આચાર જો ના હો,
કશું ના મૂલ્ય એનું છે તરંગો ખાલી સમજો સૌ. ...કૃપાનોઃ-

વિચારોને જીવનભાવે પ્રકટવાને કરી નિર્ણય,
કૃપા પ્રભુની સદા માગી ઉતારો પાર તે નિશ્ચય. ...કૃપાનોઃ-

સ્વજન વહાલાં ! જીવનકેરો ઊગેલો ખ્યાલ જે કૈં છે,
કરંતાં કર્મમાં એનું કૃપાથી ભાન રાખોને. ...કૃપાનોઃ-

કશે નબળાઈ જો લાગે ન હારી ત્યાં જવું ભાવે,
મરીનેયે મથંતાં રે' ન મરવા ભાવને દેજે. ...કૃપાનોઃ-

કરંતાં કર્મમાં પૂરી જીવન વસ્તુ સ્થિતિ નક્કર,
નિહાળીને અનુભવની જગવજો ભૂમિકા ઉચ્ચ. ...કૃપાનોઃ-

ન સમજે કોઈ જો અમને જીવનમાં સાર તો શો છે ?
વફાદારીતણાં બંધન થકી બંધાયેલા છીએ.

સિતમગર જાદૂગર વહાલો જીવનસર્વસ્વ એ અમ છે,
જીવન જે સાથ જોડે ત્યાં અમારું રાચવું રે' છે.

અસંગતતાતણો પાર નથી ક્યાંયે જગતમાં તે,
છતાંયે ત્યાં રહેવાનું અમારે તો લખાયું છે.

સકળ સંસારથી અમ તે હૃદયનો યાર જુદો છે,
છતાં સંસારમાં જે જે સ્વજન મળિયાં, અમારાં છે.

સકળ સંસારના ભેખ થકી અમ ભેખ જુદો છે,
અમારા જીવવાનોયે બધોયે સાર જુદો છે.

જીવન દિલ તાર તોડીને જીવનના દર્દથી ભારે,
જીવન વીણા બજાવી છે તહાં મહેફિલ જામી છે.

જહાં મહેફિલની રંગત બરાબર જામી જીવનની,
મળ્યો પાનાર પીનારો થયા શા સંગી મહોબતથી.

હૃદય દિલદારનું દર્શન જગતના ગૂઢ વ્યવહારે,
અમારે તો કરી કરીને રહ્યું શું રાચવાનું તે !

રસાયેલા જીવન દિલનો હરેકે તાર જુદો છે,
અને તે તારના સૂરને ગજબ કો સૂણનારો છે.

મળ્યા ચોગાનમાં આલમતણા પાનાર પીનારો,
પછી માઝા રહે ત્યાં શી ! જહાં પાનાર છે ન્યારો.

જીવનની રાખથી એને અમે જીવતો સદા રાખી,
થઈ બંદા અમે એના જીવનમાં ગાજશું રાચી.

હૃદય દિલદાર દિલબરનો જગતમાં તો સમાયો છે,
જગત ના બેવફા તેથી કદીયે નીવડે અમને.

જગત રંજાડીને અમને જગત રંજાડશે નિજને,
જગત બતલાવશે કેવો રચેલો સ્વાંગ એનો છે !

નથી રંજાડનારું તે અમોને કોઈએ ક્યાંયે,
બધે જેમાં અને તેમાં અમારે ભેદ ભાંગે છે.

હૃદય દિલદાર દિલબરના રહે ખુશ જે રીતે તું તે,
અમારાથી લીધા કરજે બધું તારું લહીને જે.

૬૯

## અમે સંતાન તારાં સૌ રહમ કરજે રહમ કરજે.

પ્રભુ સદ્‌બુદ્ધિ તું દેજે હૃદયની પ્રાર્થના તુજને,
અમારું શું થવા બેઠું ! પરસ્પર શાં લડી મરીએ! ...અમેઃ-

ખુદાની ભાવના પ્યારી ખુદાને પામવા ખાતર,
મળ્યું જીવન, અમે એને કરીએ સાવ બરબાદ. ...અમેઃ-

પ્રભુ વસજે કૃપા કરીને હૃદયમાં સર્વને ઊતરી,
થતું કલ્યાણ જે રીતે હો હૃદય પ્રેરાવ તે રીતથી. ...અમેઃ-

અરે ! વિશ્વાસ ગુમાવી અમે બેઠાં પરસ્પર શાં !
હવે તો માત્ર આધાર રહ્યો તારા પરે અમ જ્યાં. ...અમેઃ-

ઊતરજે બાપ આ વેળા કટોકટીની અમારી છે,
વિના તારા અમારો ના કશો ગજ વાગવાનો છે. ...અમેઃ-

અમે ઈન્સાન તારાં સૌ ગળાં શાં એકબીજાનાં,
અરેરે ! કાપવા બેઠાં ! નજર કરીને નજર કર ત્યાં. ...અમેઃ-

ખુદાતાલા અમારામાં ખુદાઈ નેક દિલ દેજે,
પરસ્પર એકબીજામાં વહેવા પ્રેમ તું દેજે. ...અમેઃ-

પ્રભુ તુજ નામની ખાતર સમર્પણ સર્વ ભાવેથી,
થયા કરવા અમારામાં દીધા કરજે હૃદય શક્તિ. ...અમેઃ-

અમારાં પ્રેમ ઔદાર્ય જીવન સંસ્કારના ભાવે,
અદા કરવા બધી રીતે ખુદા તું પ્રેરણા કરજે. ...અમેઃ-

પ્રભુ તું માનવી મનને ગતિ શી શી કરાવીને,
જીવન વિચાર પ્રેરવવા મથાવે શો મથાવીને. ...અમેઃ-

પડ્યા રહેલા જગત જીવને અસાધારણ સ્થિતિ જગવી,
ઊંડું મંથન થવા કાજે પ્રભુની પેરવી શી શી ! ...અમેઃ-

ખુદાતાલા તું એક જ છે ખુદા રહેમાન એક જ છે,
અમે સંતાન તારાં સૌ રહમ કરજે રહમ કરજે. ...અમેઃ-

૭૦

## પ્રભુના નામનો ભાવ જીવન ઉતારવા મથજો.

પુરુષ ને પ્રકૃતિ બન્ને સ્વરૂપ એ તો પ્રભુનાં છે,
પ્રભુમય જીવવા કાજે થવાનું એક બન્નેયે. ...પ્રભુનાઃ-

ઉભય કો એકબીજા પર થશો ના સવાર કો રીતે,
થવાતાં ચેતીને હૃદયે પ્રભુને પ્રાર્થજો ત્યારે. ...પ્રભુનાઃ-

પ્રભુની સહાય લેવાને પ્રભુની ચેતનાશક્તિ,
હૃદય નિમંત્રજો પ્રાર્થી જગાડી ઉરની ભક્તિ. ...પ્રભુનાઃ-

પ્રભુ પોકારમાં હૈયું ગળી ગળી જાય જો પૂરું,
જીવન પડખે પ્રભુ પોતે અનુભવશો ખરું એવું. ...પ્રભુનાઃ-

હરિઃૐ ભાવની ધૂન કરંતાં કર્મમાં જ્યાં ત્યાં,
પરોવ્યા તે કરી હૈયે રહેજો જાગતાં જ્યાં ત્યાં. ...પ્રભુનાઃ-

કૃપાને યાચતાં રહેજો કશું કંઈ અન્યથા બનતાં,
પ્રભુને સાદ પાડીને કરો એને જીવંતો ત્યાં. ...પ્રભુનાઃ-

કરો જે જે પળેપળ તે પ્રભુની ભાવના હૃદયે,
પરોવીને પ્રભુપ્રીતે જજો વારી પ્રભુચરણે. ...પ્રભુનાઃ-

થતાં સહુ કર્મથી જુદો કશે ના ભાવ એનો છે,
વિચારો, કર્મ ને ભાવ થતાં તે એક, પ્રભુ પ્રકટે. ...પ્રભુનાઃ-

બધી સમજણ મતિની આ હૃદય ઉતારવા ભાવે,
તપશ્ચર્યા થતાં કર્મે કર્યા કરવાની રે' છે તે. ...પ્રભુનાઃ-

સ્મરણ પ્રભુભાવનું ઊંડું કર્યા કરજો સ્તવી સ્તવીને,
પ્રભુ ચેતાવવા હૃદયે બધું તેને જરૂરી છે. ...પ્રભુનાઃ-

તમે બેઉ પ્રભુનાં બે જીવન પાસાં સમજી સમજી,
ભળી શાં એકબીજામાં પ્રભુભાવે જીવો પ્રીછી. ...પ્રભુનાઃ-

૭૧

## બાકી છે

જીવનમાં સર્વ કર્તવ્યો ગમ્યાં તે તે કરેલાં છે,
જીવનમાં સર્વ વ્યવહારો ગમ્યા તે તે કરેલા છે,
જીવનમાં સર્વ પરિચય જે ગમ્યા તે તે કરેલા છે.
હતું કરવાનું જે એક જ ખરું તે કર્મ બાકી છે.

બધી એકાદશી પાળી, બધાં વ્રત આચર્યાં કીધાં,
બધા આચાર વિચાર પૂરી સંભાળથી પાળ્યા,
જઈ દેવાલયે દર્શન કર્યાં કીધાં બહુ વેળા,
છતાં લગની ન લાગી જો ગણો સર્વસ્વ બાકી છે.

જીવનનો માર્ગ મમતાનો પૂરો આગ્રહ થકી પાળ્યો,
ધર્યો જ્યાં રાગ ત્યાં માન્યો પૂરો શો પ્રેમ હૈયાનો !
અને એમાં શું ગાળે જે બધું જીવતર કમાણીનું,
ન જાણે તે હજી જીવનકમાણી સર્વ બાકી છે !

ભલે વિદ્વાન પંકાયા, કવિ મશહૂર હો લેખક,
મહા છો હો કળાકાર, ભલે સંગીતનિષ્ણાત,
ભલે ચોસઠ કલા જાણી છતાં જીવનતણી સાચી,
કળા જો જાણી ના તો તો બધું એનું જ બાકી છે.

કથાઓ સંભળાવી છે, પ્રવચનો કૈંક કીધાં છે,
બધાં શાસ્ત્રો ઉકેલીને જગતને બોધ દીધો છે;
પરંતુ જો જગતનાં સૌ કૂંડાળાંથી ન છૂટેલ છે,
ધુરંધર છો ગણાતા હો છતાં સૌ એનું બાકી છે.

તા. ૧૨-૮-૧૯૪૬ સાયલા

૭૨

## હાર્દિક ઐક્ય

હૃદયમાં જે હૃદય જીવે
　　　હૃદયને એ જ પ્યારું છે,
પછી બોલાવવાનું ત્યાં
　　　રહે અમથું કઈ રીતે ?

હૃદયથી બૂમ તે કોને
　　　પછીથી પાડવાની છે ?
બધુંયે આપનું એનું
　　　સમાયે આપમાં પોતે.

હૃદયના પ્રેમ સાગરના
　　　હિલોળે તે ચઢી ઝૂલે,
દીવાની પ્રેમમસ્તીની
　　　મહીં જે તે સમાયું છે.

તા. ૫-૯-૧૯૪૫

૭૩

## હરિગીત

### याद

ઉર યાદ આવે, હૃદય તાવે, યાદ કેવી કારમી !
એ યાદ તોયે દિલ આશાચમનને શી જગાડતી !

એ યાદ છે તો સહુ બધું, એ યાદ ના તો ના કશું,
એ યાદ યારી જીવનની પ્રેરી, ભળાવે પ્રાણશું.

મારો પ્રભુ મુજ સ્વજન છે, જે શો સૂતેલો ત્યાં પડ્યો !
એને જગવવાને નિમિત્તે તે પ્રસાદીરૂપે મળ્યો.

એ યાદમાં શું શું ભર્યું કોને બતાવી શું કહું ?
એ કારમી તોયે ભલી હૈયે જગવતો હું રમું.

એ યાદ મારું જીવનને એ યાદ મારા પ્રાણ છે,
એ યાદમાં સઘળું સમાયું, 'યાદ' જીવનમૂળ છે.

એ યાદમાં ભૂત, વર્તમાને ને ભવિષ્ય જણાય છે,
એ યાદ આવે, હૃદય તાવે, તોય મુજ આધાર તે.

એ યાદની સુરતા પરે ડગ એકથી ભરી એક જે
- શું ચાલવાનું અનંત તે ! ચાલીશ એના સૂર પરે.

સાયલા, તા. ૩-૪-૧૯૪૬

૭૪

## દોહરા

'ગુરુ' 'ગુરુ' તે શું કરો ખાલી ના તે શબ્દ,
ગુરુ તો શક્તિભાવનો વ્યક્તપણે છે દેહ.

ગુરુ ના માટીપિંડ છે, માત્ર ન તે છે દેહ,
ગુરુ અંતર જેને રમે પામે પદારથ તેહ.

માગે જીવસ્વભાવનું ઉલટાયેલું રૂપ,
એવું જે એને ધરે તે થાયે તદ્રૂપ.

ગુરુ તો ચેતનભાવ ને શક્તિકેરો પિંડ,
કર્મ વિશે મન ધારણા રાખો એની નિત્ય.

કર્મ ન સૌ કર્મઠ રીતે કદી આચરવાં તેહ,
કર્મ વિશે પ્રેર્યા કરી હૃદયભાવ, કર જેહ.

કર્મ ગુરુની તે પૂજા, કર્મ ગુરુનો ભાવ,
કર્મ સમર્પણ કાજ તે, કર્મ ગુરુના પ્રાણ.

કર્મમહીં એ રીતથી ધરી ધારણા ઉર,
કર્મ કરે, એને વધે હૈયે અધિકું નૂર.

ગુરુની સાથે ચિત્તની સાંકળ જોડી નિત્ય,
હૃદયભાવ તાદાત્મ્યનો રાખે, પામે પ્રીત.

ગુરુ વિનાનું એકલું જીવવું જેનું હરામ,
ગુરુ વિનાનું જીવતાં નીકળે જાણે પ્રાણ.

ગુરુની લે’ જેને હ્રદે લાગી રૈ દિન રાત,
એને ગુરુની ચેતના પ્રેરી દે ત્યાં સાથ.

ગુરુ ખાલી ખાલી કદી કરે ન વૈતરું કામ,
ગુરુ ગુલામી શી કરે ! જાણે ન કોઈ તમામ.

ગુરુ રમકડા રીતથી ના રમવાનું સ્થાન,
જીવનની ગંભીરતા નથી, થાય શું કામ ?

મહત્ત્વ જે આપ્યા કરે ભાવ દઢવવા કાજ,
લક્ષ રહે એમહીં ઊંડું જેનું, સધાયે સાજ.

આપે ના કરવું કશું ધરવું ન ચિત્ત લગાર,
ગુરુને ગોદા મારીઆ પામ્યા ત્યાં વિસ્તાર.

પ્રારબ્ધે યોગે મળ્યાં જે જે પ્રેમ સંબંધ
તેને ત્યાંથી ઉઠાવવા ભોગવીએ શું સર્વ !

પ્રારબ્ધે જીવ સાથનું ભોગવતા ધરી પ્રેમ,
કિંતુ છે દુઃખ કે ઊંડું ધરે ન ત્યાં કોઈ નેમ.

તા. ૧૨-૯-૧૯૪૫ સાયલા.

॥ હરિઃૐ ॥

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. આગ્રહો—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.

૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં ‘મારું મારું ’ ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં

રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઈત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દઢતર કર્યા કરો. અભીપ્સા, ઈન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૨૦ :** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૦:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૦ :** ગૂજરાત વિદ્યાપીઠ પ્રવેશ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૨ :** 'મનને'ની રચના.

**૧૯૨૩ :** 'તુજ ચરણે'ની રચના તથા પ્રકાશન.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૪ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** સાકુરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકુરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૨૮ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

**૧૯૩૪થી ૧૯૩૯** દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં છાણાંની ૬૩ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને ૨૮ દિવસની સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪**થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

-**શ્રીમોટા**

## આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા ટેપવાણી | ૧૨ |
| ૪. | પ્રવચન વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |

| | | |
|---|---|---|
| ૧૩. | આર્તપોકાર | ૧૯૫૪ |
| ૧૪. | અભ્યાસીને | ૧૯૬૭ |
| ૧૫. | જિજ્ઞાસા | ૧૯૭૦ |
| ૧૬. | ભાવ | ૧૯૭૧ |
| ૧૭. | જીવનઝલક | ૧૯૭૧ |
| ૧૮. | જીવનસૌરભ | ૧૯૭૧ |
| ૧૯. | જીવનઅનુભવગીત | ૧૯૭૧ |
| ૨૦. | જીવનસ્મરણ | ૧૯૭૧ |
| ૨૧. | શ્રદ્ધા | ૧૯૭૧ |
| ૨૨. | જીવનલહરી | ૧૯૭૧ |
| ૨૩. | જીવનતપ | ૧૯૭૨ |
| ૨૪. | જીવનરસાયણ | ૧૯૭૨ |
| ૨૫. | જીવનઆહ્‌લાદ | ૧૯૭૨ |
| ૨૬. | રાગદ્વેષ | ૧૯૭૨ |
| ૨૭. | નિમિત્ત | ૧૯૭૨ |
| ૨૮. | ગુણવિમર્શ | ૧૯૭૨ |
| ૨૯. | જીવનસ્પંદન | ૧૯૭૩ |
| ૩૦. | જીવનરંગત | ૧૯૭૩ |
| ૩૧. | જીવનકથની | ૧૯૭૩ |
| ૩૨. | જીવનસ્મરણસાધના | ૧૯૭૩ |
| ૩૩. | જીવનમથામણ | ૧૯૭૩ |
| ૩૪. | પ્રેમ | ૧૯૭૩ |
| ૩૫. | મોહ | ૧૯૭૩ |
| ૩૬. | કૃપા | ૧૯૭૩ |
| ૩૭. | સ્વાર્થ | ૧૯૭૩ |
| ૩૮. | શ્રીસદ્‌ગુરુ | ૧૯૭૩ |
| ૩૯. | કર્મઉપાસના | ૧૯૭૩ |
| ૪૦. | જીવનચણતર | ૧૯૭૪ |
| ૪૧. | જીવનઘડતર | ૧૯૭૪ |
| ૪૨. | જીવનપગદંડી | ૧૯૭૪ |
| ૪૩. | જીવનકેડી | ૧૯૭૪ |
| ૪૪. | ભાવકણિકા | ૧૯૭૪ |
| ૪૫. | ભાવરેણુ | ૧૯૭૪ |
| ૪૬. | ભાવજ્યોતિ | ૧૯૭૪ |
| ૪૭. | ભાવપુષ્પ | ૧૯૭૪ |
| ૪૮. | ભાવહર્ષા | ૧૯૭૫ |
| ૪૯. | જીવનપ્રભાત | ૧૯૭૫ |
| ૫૦. | જીવનપ્રવાહ | ૧૯૭૫ |
| ૫૧. | મૌનાર્થીને માર્ગદર્શન | ૨૦૦૩ |

●

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| **નં.** | **પુસ્તક** | **પ્ર.આ.** |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | દાંપત્ય ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહ્રદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કૅન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

●

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | મોટા - મારી મા | ૨૦૦૩ |

●

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

●

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મમૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |

૧૭. દુર્લભ દેહ મનુષ્યનો ૨૦૦૭
૧૮. દૈવાસુર સંગ્રામ ૨૦૦૭
૧૯. પ્રસાદી (ગુજરાતી) ૨૦૦૮
૨૦. પૂજ્ય શ્રીમોટાના બે બોલ ૨૦૧૪
(તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક)
૨૧. જીવનયોગ ભાગ ૧ અને ૨ ૨૦૧૬
૨૨. બુદ્ધિ ૨૦૧૭

•

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી મોટાનો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા ‘ભાઈ’ શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

•

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના મોટા | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટા ચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટા ચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્‌ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

•

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तिका का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम – श्रीभगवान के अनुभव का स्थान | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के मोटा | २०१२ |
| ११. | विद्यार्थी मोटा का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

## હરિ:ૐ આશ્રમમાં ઉપલબ્ધ અંગ્રેજી પુસ્તકોની યાદી. જાન્યુઆરી - ૨૦૨૦

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet (Tuj Charane) | 1948 |
| 2. | To The Mind (Man ne) | 1950 |
| 3. | Life's Struggle (Jeevan Sangram) | 1955 |
| 4. | The Fragrance of a Saint (Paraslila) | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-interest (Swarth) | 2005 |
| 9. | Inquisitiveness (Jignasa) | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals (Vidhi-Vidhan) | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children (Balako na Mota) | 2008 |
| 14. | Against Cancer (Cancer ni Same) | 2008 |
| 15. | Faith (Shraddha) | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human to Divine (Bhagat ma Bhagwan) | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace (Krupa) | 2012 |
| 20. | I Bow at Thy Feet (Tuj Charane) | 2013 |
| 21. | Attachment and Aversion (Raag Dhwesh) | 2015 |
| 22. | The Undending Odyssey - My Experience of Sadguru Sri Mota's Grace | 2019 |

●

॥ હરિ:ૐ ॥

‘હું સર્વત્ર વિદ્યમાન છું.’

-શ્રીમોટા

‘જીવનદર્શન’, ૧૦મી આ., પૃ. ૩૮૨

કિંમત : રૂ. ૧૫/-